بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/ઓગસ્ટ/૨૦૧૬**

શવ્વાલુલ મુકર્રમ-ઝીલ ક઼અ્દ

હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૩, અંક : ૦૮, સળંગ અંક : ૧૫૨

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી



## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | હજ્જમાં શરૂથી અંત સુધીનાં કામો | 02 |
| 02 | **જગતમાં સ્ત્રી પરના જુલ્મોની દાસ્તાનો અને ઈસ્લામી આદેશો** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 11 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 05 | હદાઈકે બખ્શિશ | 16 |
| 06 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 19 |
| 07 | ક઼ાનૂને શરીઅત | 21 |
| 08 | ફિક઼્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 24 |
| 06 | નબી કરીમ ﷺનું રાજ્ય કારોબારનું બંધારણ | 28 |
| 10 | હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ | 34 |
| 11 | ક઼ાદયાની–અહમદિયા જમાઅતને ઓળખો ! | 37 |
| 12 | સહાબી સ્ત્રીઓની બાળ કેળવણીનો તરીક઼ો | 44 |
| 13 | સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ | 48 |


**નાઅતે મુસ્તફા** ﷺ

રઝા : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

હમારે દર્દે જિગર કી કોઈ દવા ન કરે,
કમી હો ઈશ્કે઼ નબી મેં કભી ખુદા ન કરે
રૂખે નબી સે હય ફિર લાફ ઝિંદગી ગુલ કો
ખુદા કિસી કો બસ ઈત્ના ભી ના–સઝા ન કરે
ઈશારા કર દેં અગર વો કમાને અબરૂ કા
હમારા તીરે દુઆ, ફિર કભી ખતા ન કરે
કદે નબી કે સિવા કુછ હમેં નહીં ભાતા
હમારે આગે કોઈ ઝિક્રે સરોકા ન કરે
હમારે દેખે હૂએ હંય મદીને કે ઝર્રે
સુના દો મહેર કો, અબ દા'વ–એ–ઝિયા ન કરે
નહીં મૈં રોતા હૂં, કુછ યાદે બાગો–ગુલશન મેં,
હમારે રોને પે, એ ગુલ, કોઈ હંસા ન કરે
ખિલેગા ગુન્ચ–એ–દિલ, ગુલ કી બાદે સમન સે,
હઝાર બાર અર્ક રેઝિયાં સબા ન કરે
યે દિલ કો ભાયા ગુલ, ઝખ્મ ઈશ્ક઼ કા લિખા
હઝાર ફૂલે ચમન, ક઼સ્દે ઈન્તેહા ન કરે
**'રઝા'**એ નામા સિયાહ કા, કહાં ઠિકાના હય
શફાઅત ઉસ કી જો મેહશ્ર મેં મુસ્તફા ન કરે



# હજજમાં શરૂથી અંત સુધીનાં કામો

★ કાર્યાલય ★

**૧**

**એહરામ** : પોતાના દેશના એરપોર્ટથી જ એહરામ બાંધી લેવો જોઈએ. વગર સીવેલી બે ચાદર (૨ા–૨ા મિટરની) એક લૂંગી તરીકે બીજી મોઢા માથા સિવાય ઓઢવાની. સ્ત્રીઓ માટે તેમનાં સાદાં કપડાં જ એહરામ ગણાશે પણ મોઢાને કપડુ સ્પર્શે એ રીતે મોઢું ન ઢાંકવું. પગમાં દરેકે સ્લીપર પહેરવા જેથી હાડકી ખુલ્લી દેખાય, વાળ, નખ, મેલ તથા જૂ દૂર ન કરવી, સંભોગ ન કરવો, ન ખૂશ્બુ લગાડવી, ગાળ ગલોચ, ઝઘડો ન કરવો. લુંગીને ગાંઠ કે દોરી ન બાંધવી. બેલ્ટ બાંધી શકાય. જિદ્દાથી મક્કા પહોંચી પ્રથમ ઉમરો કરી લો.

**૨**

**૮ મી ઝીલ હજ્જ : હજ્જ શરૂ** : સવારમાં ગુસ્લ કરી એહરામ બાંધી હરમ શરીફમાં જઈ બે રકાત નફ્લ પઢી નિયત કરવી. પછી તલબિયા (ત્રણવાર પઢી દુઆ કરવી). તવાફે ઝિયારત વખતે સઈ ન કરવી પડે માટે ચાહો તો નફ્લ તવાફ સાથે સઈ કરી લો જેથી હજજ પછી ફક્ત તવાફે ઝિયારત જ બાકી રહેશે. હવે મિના જવા નીકળો. ત્યાં ઝોહરથી બીજા દિવસની ફજર સુધી નમાઝો પઢવી.

**૩**

**૯ મી ઝીલ હજ્જ : બીજો દિવસ** : હવે અરફાત જવા નીકળો. મસ્જિદે નમરહમાં પઢો તો ઝોહર તથા અસ્ર એક સાથે પઢવી. નહીં તો અલગ પઢનારે કે તંબુમાં અલગ જમાઅતો કરનારે ઝોહર તથા અસ્ર દરેકના સમયે જ અલગ અલગ પઢવી. મગરિબના સમયે મગરિબની નમાઝ પઢયા વિના મુઝદલ્ફા જવા રવાના થવું. ઈશાના સમયે ત્યાં મગરિબ તથા ઈશા બંને નમાઝો સાથે પઢી લેવી. શૈતાનને મારવા ૭૦–૭૫ કાંકરીઓ ત્યાંથી વીણી લેવી.

**૪**

**૧૦ મી ઝીલ હજ્જ : ત્રીજો દિવસ** : મુઝદલ્ફાથી ફજર પઢી મિના જવા રવાના થવું. ઝવાલથી પહેલાં મોટા શૈતાનને સાત કંકારીઓ મારવી, પછી કુર્બાની કરી માથુ મુંડાવવું પછી મક્કા જઈ તવાફે ઝિયારત કરી મિના પાછા ફરવું. રાત મિનામાં રોકાવું.

**૫**

**૧૧ મી ઝીલ હજ્જ : ચોથો દિવસ** : મિનામાં રમી કરવી ઝવાલથી મગરિબ સુધી (કમજોરો, ઔરતો, બીમારો, મગરિબ બાદ પણ મારી શકશે) ત્રણેય શૈતાનને, પ્રથમ નાના ને પછી વચલાને પછી મોટા શૈતાનને ૭–૭ કાંકરીઓ મારવી. પ્રથમ બેને માર્યા બાદ દુઆ કરવી છેલ્લાને માર્યા બાદ દુઆ કર્યા વિના ચાલતા રહેવું. રાત્રે મિનામાં રોકાવું.

**૬**

**૧૨ મી ઝીલ હજ્જ : પાંચમો દિવસ** : ઝવાલથી મગરિબ સુધીમાં ૧૧ મી જેમ રમી કરો. અગર કુર્બાની કે તવાફે ઝિયારત બાકી હોય તો આજે કરી લો. અસર મિનામાં પઢી મગરિબ પહેલાં મક્કા ચાલ્યા જાવ. નહીં તો ૧૩ મી એ પણ કાંકરી મારવી વાજિબ થશે.

**ચેતવણી** : વહાબી પાછળ દુનિયાના કોઈ ખૂણામાં નમાઝ થતી નથી ભલે ને હરમમાં હોય ! તો તમારી નમાઝો તેમની પાછળ પઢીને બર્બાદ ન કરશો. તેઓ મહાન ગુસ્તાખે રસૂલ છે તેમની પાછળ નમાઝ થશે નહીં, જેથી હરમ શરીફમાં રહીને એક નમાઝ તેમની પાછળ પઢી તો નમાઝ થશે નહીં જેથી એક લાખ નમાઝ છોડવાનો ગુનોહ તેમજ વહાબી ઈમામને મુસલમાન સમજીને જો પઢશે તો હજજના સવાબને બદલે કુફ્રમાં સપડાશે ! એ પ્રમાણે મદીનામાં વહાબી પાછળ નમાઝ ન પઢે. સુન્ની ઈમામનો બંદોબસ્ત થઈ શકે તો ઠીક, નહીં તો એકલા જ પઢવી. મિનામાં કે અરફાતમાં દરેક જગાએ તમારી સાથે સુન્ની ઈમામ હોય તો ઠીક નહીં તો એકલા પઢો. કેટલાક વહાબી દેવબંદીઓના સાથે ગૃપમાં આવેલા હોવાથી, વહાબી સગાનો સંગાથ (કે જે હરામ છે) હોવાથી દેવબંદી ઈમામ પાછળ નમાઝ પઢી લે છે, તો તેની પણ નમાઝ થશે નહીં. જુમ્આના દહાડે ઝોહર પઢે પણ વહાબી પાછળ નમાઝ કદી ન પઢે. *–તંત્રી :*



# જગતમાં સ્ત્રી પરના જુલ્મોની દાસ્તાનો અને ઈસ્લામી આદેશો

**તંત્રી લેખ**

વર્તમાન જગતની સૌથી ભયાનક બુરાઈ **''બેહયાઈ''** છે અને સૌથી બુરો તથા સભ્ય સામાજિક જીવનની બર્બાદી કરતો સૌથી બદતર જુર્મ છે **''ઝિના તથા વ્યભિચાર !''** જેના લીધે આત્મહત્યા, લડાઈ, ખૂન, છૂટાછેડાના બનાવો બને છે. અને એનાથીય વધીને અનેક કુમળી કળીઓને કે પાકીઝા સ્ત્રીઓના જીવનને દાગદાર કરનાર અતિ ખતરનાક જુર્મ છે **''બળાત્કાર !''** આ એવા જુર્મો તથા બદીઓ છે જેનાથી માણસની દુનિયા તથા આખેરત બર્બાદ થઈ જાય છે. સમાજની સુઘડતા, નૈતિકતા, સભ્યતા તથા સંસ્કાર ખતરામાં પડી જાય છે બલ્કે ક્રમે ક્રમે નષ્ટ થઈ જાય છે. જેમ કે જ્યાં આ ગુનાહોનું પ્રમાણ અતિશય અતિશ્યોક્તિ કક્ષાએ છે, અને જે તરફથી આ બદીઓનો રેલો શરૂમાં **ફિલ્મો થકી ધીમી ગતિએ,** પછી **TV થકી ઝડપી ગતિએ** અને Facebook તથા સર્વ સોશિયલ મીડિયા, **વેબ સાઈટ્સ થકી તીવ્ર ગતિએ** આપણા સંસ્કારી દેશમાં તથા અન્ય દેશોમાં રેલાયો ને ઠેરઠેર સમાજને બેહયા તથા નાપાક કરી રહ્યો છે તેવા પશ્ચિમી દેશો બ્રિટન, યૂરોપ, બ્રાઝિલ, અમેરિકા, ચાઈના, સા. આફ્રિકા વગેરેમાં આ બદીઓ કેટલી ચરમ સીમાએ પહોંચી છે તેને જોતા ચાલો અને પછી વિચારો કે પોતે સુસભ્ય તથા સંસ્કૃત હોવાના આ દાવેદાર તથા સ્ત્રી અધિકારનો ઝંડો લઈને ફરતા અને ઈસ્લામના કાનૂનોને સ્ત્રીઓ પર જુલ્મ ઠરાવતા આ લોકો ખરેખર સભ્ય સંસ્કૃતિમાં જીવન જીવી રહ્યા છે કે જંગલીપણાનું જીવન જીવી રહ્યા છે ?! સ્ત્રીઓની ઈજ્જત કરી રહ્યા છે કે તેને કોડીની કરી નાખી છે.

## ★ કહેવાતા સભ્ય દેશોની અસભ્યતાનો આંશિક ચિતાર ! ★

સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે **આ દેશોમાં સ્વેચ્છીક વ્યભિચારને તો ગુનો ગણવામાં જ નથી આવતો !** જેથી વર્ણવેલ દેશોમાં વ્યભિચારની બદી અત્યંત જોશમાં છે, શરમ, હયા કે લાજ શરમ આ શબ્દો તો જાણે તેમની ડિક્ષનરીમાં છે જ નથી ! સગીર વયના જેમને કહેવાય તેવા છોકરા છોકરીઓથી લઈને ઉંમરવાળા લોકોમાં અધિકતર પ્રમાણમાં વ્યભિચારની બદી ફેલાયેલી છે, જેના પરિણામે શાદી વિના ૧૨ વરસે યુવતી માતા બનતી જોવા મળે છે તો ૨૧–૨૨ વરસે નાની કે દાદી પણ બની જાય છે ! અને **વ્યભિચારે એક ઉદ્યોગનું સ્વરૂપ ધારણ કરી લીધું છે** અને આ ધંધામાં પડેલી યુવતીઓ હવે ''વેશ્યા'' નહીં પણ ''સેક્સ વર્કર'' કહેવાવા લાગી છે ! **સ્ત્રી અધિકારના મસ મોટા દાવા કરનારા યૂરોપ અમેરિકીઓએ સ્ત્રીઓને અધિકારમાં શું આપ્યું ?! એ જ કે સ્ત્રી પોતાનુ સ્મિત કે જે તેના પતિ તથા ઘરવાળાં માટે હોય તેને ગૈર મર્દોમાં વેચી રહી છે અને તેનું શરીર જે પતિની અમાનત હોય તેને ગમે તે પ્રકારના નાલાયક મર્દોને વેચાતુ સોંપી રહી છે ! શું આપ્યું આ કહેવાતા સભ્ય દેશોએ સ્ત્રીઓને ?!**

એ તો ઠીક પણ સ્ત્રીની મરજી વિરૂધ્ધ તેણી પર જે જુલ્મી રીતે બળાત્કારો થઈ રહ્યા છે, આ ''સ્ત્રી અધિકાર''નો ડંકો વગાડનારાઓએ તેના પ્રતિકારમાં તે જાલિમો પર કેવાં પગલાં લીધાં કે દિન પ્રતિ દિન બળાત્કારો બલ્કે ગેંગ રેપના બનાવ વધી રહ્યા છે ?! શો ઈલાજ છે આ સ્ત્રી અધિકારની વાતો કરનારાઓ પાસે એને બંધ કરાવવાનો ?!

## ★ સ્ત્રીઓ પરના જુલ્મો જબરદસ્તીની આંકડાકીય વિગતની ઝલક ! ★

**અમેરિકામાં દર વર્ષે ૬,૮૩,૦૦૦** (છ લાખ ત્યાસી હજાર) મહિલાઓ પર બળાત્કાર થાય છે, જેના મુજબ **દર ત્રણ મિનિટે એક** બળાત્કારનો બનાવ, અને **એક કલાકમાં ૭૮** અને **દિવસ દરમ્યાન ૧૮૭૧** સ્ત્રીઓ પર બળાત્કાર થાય છે. આ છે સ્ત્રી અધિકારના ઠેકેદારને ત્યાં સ્ત્રીની હાલત !

એક સર્વે મુજબ પાપુઆ ન્યુગીનીમાં ગ્રામ્ય વિસ્તારની ૬૭ ટકા અને શહેરી વિસ્તારની ૫૭ ટકા મહિલાઓ શારીરિક શોષણનો ભોગ બની ચૂકી છે. આ આંકડાઓ અમુક વરસો પહેલાંના છે, પણ પરિસ્થિતિ આજકાલ એથીય વિશેષ ખરાબ છે.

વળી જ્યાં પુષ્કળ બળાત્કારના બનાવો બને છે તે દેશ **ઈંગ્લેન્ડ**માં બળાત્કારીની સજા વધુમાં વધુ આજીવન કેદ છે, વળી અહીં બળાત્કારના ૫.૬ ટકા કેસમાં જ આરોપીને સજા થાય છે, બાકીના **૯૪.૪ ટકા લોકો છટકી જાય છે !** આ છે સ્ત્રી અધિકારના ઝંડાધારીઓ !

**દક્ષિણ આફ્રિકા**માં પ્રત્યેક ચાર જણ પૈકી એક પુરૂષે કોઈ ન કોઈ સ્ત્રી પર બળાત્કાર કર્યો છે. તેમાંય ૫૦ ટકા પુરૂષોએ તો એવું પણ કબૂલ્યું કે તેમણે એકથી વધુ સ્ત્રીઓ પર બળાત્કાર કર્યા છે.

તદ્ ઉપરાંત સભ્ય સુસંસ્કૃત, માનવ અધિકાર તથા સ્ત્રી અધિકારની બૂમરાણ મચાવતા અને ઈસ્લામી પર્દાને તથા અન્ય નિયમોને જુલ્મ ઠરાવતા દેશો **નોર્વે**, યુએઈ અને બદીઓમાં ગરકાવ **ઈઝરાઈલ** તથા **રશીયા** વગેરેમાં સ્ત્રીઓ પર જુલ્મથી બળાત્કારો પુષ્કળ પ્રમાણમાં થાય છે જેમાં સજા રૂપે ૧૫ વરસથી ૨૦ વર્ષ જેલ હોય છે અને તે જેલો પણ ઘર જેવી ફેસિલીટીવાળી હોય છે.

## ★ બળાત્કારના બનાવોમાં આપણા દેશની સ્થિતિ ! ★

વર્તમાનપત્રોમાં છે કે, ''ભારતમાં બળાત્કારના કેસોમાં તાજેતરના સમયમાં જે અસાધારણ વધારો થયો છે તે ચોંકાવનારો છે. એક પછી એક બળાત્કાર તથા તેનાથી વધીને ગેંગ રેપ (સામૂહિક બળાત્કાર)ના વધતા જતા કિસ્સાઓથી સરકાર પણ ચિંતામાં પડી ગઈ છે.

દેશમાં બળાત્કારના કેસને લગતા આંકડાનો રેકોર્ડ રાખવાની શરૂઆત ક્રાઈમ રેકોર્ડસ્ બ્યૂરો (NCRB) દ્વારા ૧૯૭૧થી થઈ હતી, ત્યારથી ૨૦૦૮ સુધીમાં બળાત્કારના કેસમાં **૭૦૦ ટકાનો ભયાનક વધારો** થઈ ગયો હતો. **ગયા વર્ષે જ દેશમાં બળાત્કારના ૨૦,૦૦૦ કેસ** નોંધાયા હતા. અનેક કિસ્સામાં તો યુવતી કે મહિલા ભય અને બદ્નામીના કારણે પોલીસને તો ઠીક, ઘરના સભ્યોને પણ આવી ઘટનાની જાણ કરતી નથી.

દેશમાં **દર ૩૦ મિનિટે એક બળાત્કાર** થાય છે. અને કુલ થતા કેસોના ૨૭% કેસમાં જ આ જઘન્ય અપરાધના ગુનેગારોને સજા થાય છે. દેશમાં લગ્નની લાલચ આપીને ભગાડી જઈને બળાત્કાર

ગુજારવાના કેસ મોટી સંખ્યામાં જોવા મળે છે. આજે પણ **દેશના બળાત્કારના ૬૦,૦૦૦થી વધુ કેસ પેન્ડિંગ છે.** બળાત્કારના કેસની સુનાવણી માટે ૧૫૦૦ ફાસ્ટ ટ્રેક કોર્ટની રચના કરવામાં આવી છે છતાં આ સ્થિતિ છે ! *(સંદેશ, ૨૬–૬–૦૯)*

### ★ બળાત્કાર બાબતે આપણુ ગુજરાત પણ પાછળ નથી ! ★

ગુજરાતમાં છેલ્લા ત્રણ વરસમાં બળાત્કારના કુલ ૧૦૬૯ બનાવો અને છેડતીના ૨૦૨૬ કેસો નોંધાયા છે અને વણનોંધાયેલા બનાવો એનાથી ત્રણ ગણાથી વધુ હશે !

૨૯ ફેબ્રુ ૨૦૦૨માં ગોધરા કાંડ પછી જે અત્યાચારોના બનાવો ગુજરાતમાં વિવિધ ઠેકાણે થયા પંચમહાલ, અમદાવાદ, વડોદરા, સૂરત વગેરે સ્થળોએ નિદોર્ષ મુસ્લિમ બહેનો પર બળાત્કારના તથા ખૂનના અનેક કેસો બન્યા. સ્ત્રીના ગર્ભમાં તલ્વાર મારીને બાળક કાઢી તેને તલ્વારની અણીએ લટકાવ્યું ! એવા બનાવો પણ બન્યા. દિલ્હીમાં એક બળાત્કારનો બનાવ એક વિદ્યાર્થીની સાથે ચાલુ બસે બનેલો તેના ઓહા પોહ તથા વિરોધમાં આખા હિંદુસ્તાનમાં વિરોધમાં રેલીઓ નીકળી હતી, જ્યારે અહીં અનેક મુસ્લિમ બહેનોના પર રેપ બાદ ખૂન કરાયાં પણ કોઈ મિડીયા કે પબ્લિકે વિરોધ ન દર્શાવ્યો હતો. શું આને માનવ અધિકારની કે સ્ત્રી અધિકાર સાચવવાની ભાવના કહેવાય ?! આ ખામોશી શું સૂચવે છે ?!

### ★ વર્તમાન એકાદ બે અઠવાડિયામાં સ્ત્રીઓ પરના જુલ્મની ઝલક ! ★

આપણા વર્તમાન પત્રો *દિવ્ય ભાસ્કર* તથા *સંદેશ*માંના સમાચારોની ઝલક જોઈ લો કે ગુજરાતીઓ સ્ત્રી અધિકાર બાબતે કયા સ્ટેજ પર છે ! ★ વડોદરા : વાઘોડીયા ચોકડી પાસે વિદ્યાર્થીની પર ત્રણ વ્યક્તિઓનો સામૂહિક બળાત્કારનો પ્રયાસ. ★ નગરપીપળીયા : પત્નીએ પતિને દારૂ પીવાની ના પાડી હતી તો કેરોસીન રેડી સળગાવી દીધી. ★ દેવા તળપદની સગીરા પર બે યુવકોએ બળાત્કાર ગુજાર્યો. ★ સૂરતમાં પ્રેમી સાથે પ્રેમલીલા માણી રહેલી પરણિતાનો આપઘાત ! ★ રાજકોટમાં બહેન સાથે વાત કરતાં છરીના ઘા મારી સગીરની હત્યા. ★ ધનસુરા : ખેતરમાં અસ્થિર મગજની યુવતી સાથે દુષ્કર્મ કરનારની ધરપકડ. ★ મહેમદાવાદ : પ્રેમી સાથે રંગલીલા કરતાં રંગે હાથ પુત્રના હાથે માતા પકડાઈ જતાં પ્રેમીને પુત્રએ ત્યાં જ પતાવી દીધો અને માતાએ રેલ્વે નીચે કર્યો આપઘાત ! ★ વાંટડા–દાવલી (અરવલ્લી) ખાતે ૧૯ વર્ષની યુવતીને આઠ શખ્સો રાત્રે ૧૧ વાગ્યે અપહરણ કરીને લઈ ગયા. ★ કોયલીયા (માલપુર) : પરણીતાની ઘાટકી હત્યા કરીને લાશ સળગાવી દીધી. ★ મહેસાણામાં સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરી બળાત્કારથી ચકચાર ★ સાબરકાંઠા જિ.ના તલોદ તથા અરવલ્લિ જિ. ના મેઘરજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફરિયાદ : એકે સગીર વયની કિશોરી પર બળાત્કાર કર્યો. બીજા ગુનામાં સગીર વયના છોકરાએ ૩૫ વર્ષિય યુવતીની આબરૂ લૂંટવાનો પ્રયાસ કર્યો. ★ ગોઝરીયામાં પતિ દ્વારા ત્રાસ ગુજારતાં પત્નીનો આપઘાત. ★ ડીસા થરા : ૬૦ વર્ષિય વૃદ્ધે સગીરાને ધાક ધમકી આપી બળાત્કાર કર્યો..... ★ સૂરત ખાતે એક યુવતીને એક તરફી પ્રેમમાં યુવકે જંગલમાં લઈ જઈ દુષ્કર્મ કર્યું પછી પેટ્રોલ છાંટી સળગાવવાનો પ્રયાસ કરતાં યુવતી જીવ બચાવવા કેનલમાં કૂદી પડી... (આ તો એક ઝલક જ છે ! આવા બનાવો

સતત બનતા રહે, અને જેમાં ફરિયાદ નથી થતી તે આનાથી વિશેષ હશે !)

## ★ સાક્ષી મહારાજ ! સ્ત્રીઓની આ હાલત વિશે કાંઈ કહેશો ?! ★

સારાંશ કે જગતમાં સ્ત્રી અધિકારની બૂમો પાડનારાઓ દર્શાવે કે સ્ત્રી ક્યાં સલામત છે ?! એ તો **ઈસ્લામના જ પાકીઝા નિયમો છે કે જેના પર અમલ કરવામાં આવે તો વ્યભિચારના તથા બળાત્કારના બનાવો જરૂરથી કંટ્રોલ થઈ શકે છે.** છતાંય ભાજપના એક સાંસદ બની ગયેલા સાક્ષી મહારાજે બકવાસ કર્યો હતો કે, "ઈસ્લામમમાં મહિલાઓની હાલત પગરખા જેવી છે, મસ્જિદોમાં મહિલાઓને નમાઝ પઢવાનો હક્ક આપવો જોઈએ, ઈસ્લામમમાં મહિલાઓને પુરૂષો સમાન અધિકાર મળવો જોઈએ".....વગેરે.

તો આ સાક્ષી મહારાજ પોતાના પગ તળે બળી રહેલાને પણ જરા ગંભીરતાથી જુએ અને એને ઓલવે ! કે **"દેવદાસી" પ્રથા શું ઈસ્લામમાં છે ?!** તેની વિગત એ છે જે વર્તમાન પત્રો દર્શાવે છે કે, **"આસ્થાની આડમાં દેહ વ્યાપાર કરવાની સદીઓ જૂની દેવદાસી પ્રથા** પર ભલે સુપ્રિમ કોર્ટે બેન લગાડવાનું કહ્યું હોય, પરંતુ અનેક જગ્યાઓ પર હજી પણ તે ચાલુ જ છે. **શ્રદ્ધાની આડમાં સૌ પ્રથમ પૂજારીઓ સેક્સ સંબંધ બાંધતા હોય છે !!** ભારતના અનેક ક્ષેત્રમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં મહિલાઓ પાસે ધર્મના નામે દેહવ્યાપાર કરાવાય છે !" *(દિવ્ય ભાસ્કર દૈનિક પત્ર)*

સાક્ષી મહારાજ ! શું સદીઓથી મંદિરોમાં રહેતી આ મહિલાઓ પર જગ જાહેર થતો અત્યાચાર તમને ન દેખાયો ?! તેમજ વૃંદાવનમાં વિધવાઓની શું સ્થિતિ છે તેની ખબર કદી કાઢી છે તમે ?! સાંભળો :–

## ★ વૃંદાવનની વિધવાઓની શરમજનક દુઃખદ હાલત ★

જો વૃદ્ધાશ્રમોનો સર્વે કરવામાં આવે તો ઔલાદ હોવા છતાં કેટલાંય માબાપ વ્યથિત મને મજબૂરન વૃદ્ધાશ્રમમાં જીવનના અંતિમ દિવસો કાપતાં જોવા મળે છે એ કઈ કૌમનાં છે ?! કયો ધર્મ પાળે છે ?! તેમજ ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં વિધવાઓ કેવી ભયાનક દારૂણ સ્થિતિમાં જીવે મરે છે તેનો રિપોર્ટ પણ જોઈ લો :–

"વૃંદાવન અને તેની આસપાસમાં રહેતી વિધવાઓ દારૂણ પરિસ્થિતિમાં જીવે છે પરંતુ મૃત્યુ પછી તો તેમની અંતિમવિધિ ખૂબ શરમજનક રીતે થાય છે. અખબારી અહેવાલોના આધારે થયેલી તપાસમાં બહાર આવ્યું છે કે કોઈ આશ્રમ અંતિમવિધિની જવાબદારી સ્વીકારતુ નથી એટલે આશ્રમની બાકીની મહિલાઓ સફાઈ કામદારને પૈસા આપીને બોલાવે છે જે રાત્રે આવી મૃતદેહના ટુકડા કરીને તેને એક કોથળામાં ભરીને નિકાલ કરી દે છે. "હિંદુ" અખબારમાં પ્રગટ થયેલી આ સ્ટોરી કાળજુ કંપાવી દે એવી છે.

ઉત્તર પ્રદેશના મથુરા જિલ્લામાં આવેલા વૃંદાવન અને તેની આસપાસના વિસ્તારોમાં રહેતી વિધવાઓની હાલત અંગે ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ ઓથોરિટીએ કરેલા સર્વેમાં ઉપરોક્ત ચોંકાવનારી માહિતી મળી હતી. વિધવાઓની દશા અંગે અગાઉ છપાયેલા અહેવાલોના આધારે ઉત્તરપ્રદેશના ન્યાયમૂર્તિ અલ્તમેશ કબીરે નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીએ રાજ્યની લીગલ સર્વિસ ઓથોરીટીને સર્વે કરવાનો આદેશ આપ્યો હતો.

સ્ટેટ લીગલ સર્વિસને એવો પણ આદેશ આપવામાં આવ્યો હતો કે કેવા કારણોસર **આ મહિલાઓને તરછોડી દેવાઈ છે** તેની પણ તપાસ કરી **તેમના કુટુંબીજનો અને સંતાનો સામે પગલાં લો.** કેમ કે મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ ૨૦૦૭ની કલમ ૨૪ હેઠળ **કુટુંબીઓ પર પગલાં લઈ શકાય છે.** આવી મહિલાઓની મિલ્કતો અને મિલકતના હક્કનું રક્ષણ કરવા પણ સત્તાવાળાઓએ પ્રયાસ કરવા જોઈએ એમ પણ લીગલ સર્વિસના રીપોર્ટમાં જણાવાયું છે.

આખો અહેવાલ મથુરાના ડિસ્ટ્રીક્ટ જજ સાથે રહીને વિધવાઓ સાથે કરાયેલી વાતચીત બાદ તૈયાર કરાયો છે. અહેવાલમાં દર્શાવાયું છે કે વૃંદાવન અને તેની આસપાસના વિસ્તારોમાં ૩,૧૫૧ જેટલી વિધવાઓ રહે છે. મોટાભાગની મહિલાઓ પશ્ચિમ બંગાળની છે અને વિધવા તરીકે નર્કસમાન જિંદગી તરફ તેમનું કુટુંબ તેમને ધકેલી દે છે.

કેટલાક કેસોમાં તો **યુવાન વયે વિધવા થતી મહિલાઓને ફરી લગ્ન કરવા દેવામાં નથી આવતાં અને તેનું કુટુંબ તેને તરછોડી દે છે.** કેમ કે આવક નહીં લાવતી હોવાથી મોટી ઉંમરે તેની જવાબદારી સ્વીકારવા કોઈ તૈયાર નથી હોતું......" *(ગુજરાત સમાચાર, તા. ૧૨–૧–૨૦૧૨)*

તેમજ સાક્ષી મહારાજ ! "સતિ પ્રથા" એટલે પતિના મૃત્યુ પર પતિ સાથે સળગી જવું એ પ્રથા ઈસ્લામમાં ન હતી ! પહેલાં આપણા ઘરની આગ બુઝાવો પછી ઈસ્લામ વિશે વિચારો ! અને ઈસ્લામે સ્ત્રીઓને શું અધિકારો આપ્યા છે તેનો નિષ્પક્ષ અભ્યાસ કરશો તો તમારું નિવેદન જરૂર બદલાય જશે. કેવળ પૂર્વગ્રહમાં આંખો મીચી ગમે તેમ બોલવું એ નાદાન કે મૂર્ખ તથા પાગલોનું કામ છે.

## ★ ઈસ્લામે સ્ત્રીઓને શું અધિકાર તથા ઈજ્જત આપી ?! ★

કુર્આનમાં છે કે, "મા બાપ સાથે સારો વર્તાવ કરો ! જો તારી સમક્ષ એમનામાંથી એક અથવા બંનેવ વૃધ્ધાવસ્થાએ પહોંચી જાય તો તેમને **"હૂં !" (ઉફ) ન કહેશો**, અને ન **તતડાવશો** અને તેમની સાથે **સન્માનથી** વર્તશો, અને એમના માટે **આજીજીથી વર્તાવ કરો** નરમદિલી સાથે, અને અરજ કરો હે મારા રબ ! આ બંનેવ પર રહમ કર જેવી રીતે કે આ બંનેવે મને બચપનમાં ઉછેર્યો. *(સૂ. અસ્રા, આ–૨૩)*

ઈસ્લામમાં તો માની ઈજ્જત કરવા પ્રેરતો નબી કરીમ ﷺનો આદેશ છે કે **"માની સેવા કરો કે માના પગો નીચે જન્નત છે."** "દુનિયામાં તારી સદવર્તાવની **સૌથી અધિક હક્કદાર** તારી મા છે." તથા **"બાપ જન્નતની ચૌખટ છે"** તેમના હાથ પગો ચૂમવા નેકીનું કામ છે. **તેમને સતાવવાં કે "ઘરડાં ઘર"માં રવાના કરવાં એ કપૂતોનું કામ છે.** ઈસ્લામે વિધવાઓ માટે તથા આમ સ્ત્રીઓનો ખયાલ રાખવા ખાસ તાકીદો કરી છે. સ્ત્રીઓને વારસામાં ભાગ ઈસ્લામે જ આપ્યો છે.

પતિના મૃત્યુ બાદ તેની વિધવા પત્નીને મનહૂસ ગણવામાં આવતી હતી, તે પતિની ચિતા પર જીવતી બળી મરે તે રિવાજ હતો, તેણી પર ત્રાસ ગુજારવામાં આવતો, તેણી બીજા લગ્ન કરી શક્તી ન હતી. પણ ઈસ્લામે તેને જુલ્મો સિતમમાંથી બહાર કાઢી અને પુનઃ લગ્નની છૂટ આપી ફરીથી પોતાના જીવનને ખુશીમય બનાવવાનો આદેશ આપ્યો.

તેમજ હદીષમાં છે કે, "વિધવાઓ તથા ગરીબો માટે કોશિશ કરવાવાળો ખુદાના માર્ગમાં જેહાદ કરવાવાળા માફક છે. *(બુખારી શરીફ, ભાગ–૨)*

હજ્જતુલ વિદાઅના પ્રવચનમાં નબી ﷺએ ફર્માવ્યું : **"હું તમને સ્ત્રીઓ સાથે ભલાઈ કરવાની વસિયત કરું છું તો તમે આ વસિયતનો સ્વીકાર કરી લો."** એક હદીષમાં છે : પોતાની પત્નીને ખર્ચો આપવો એ જેહાદમાં સદકો આપવાથી અફઝલ (વધુ સારુ) છે. તેમજ દીકરીઓ માટે ફર્માવ્યું કે, "જેની ત્રણ દીકરીઓ હોય અને તેમનું સારી રીતે પાલન પોષણ કરે તો તે જન્નતી છે. એટલે સુધી કે જો પુત્રીઓ હોય, બલ્કે માત્ર એક જ હોય તો પણ એનું સારી રીતે પાલન પોષણ કરનારને જન્નતની ખુશખબરી આપી."

એક હદીષમાં હુઝૂર ﷺએ ફર્માવ્યું : તમારામાં સૌથી શ્રેષ્ઠ તે છે જે પોતાના ઘરવાળાંઓ (માં બાપ, બહેન, બીવી બચ્ચાં વગેરે) માટે સારો હોય. એટલે સદ્‌વર્તાવ કરનાર હોય. *(મિશ્કાત, પેજ–૨૮૧)*

સ્ત્રીને ઈજ્જતદાર મા, ઈજ્જતદાર બહેન તથા ઈજ્જતદાર પુત્રીનો દરજ્જો આપનાર ઈસ્લામ સામે વિરોધીઓ કયા મોઢે આક્ષેપ કરી શકે છે કે ઈસ્લામ સ્ત્રી પર જુલ્મ કરે છે ?! વિરોધીઓએ સ્ત્રીને શું બનાવી ?! બળાત્કાર માટે રમકડુ બનાવી દીધી ! સ્ત્રીને બનાવી **"મોડેલ"** કે જેના શરીરને જોઈને લોકો તાળી પાડે છે ! શું બનાવી **ડાન્સર** ! તથા **સેક્સ વર્કર (વેશ્યા)** ! તથા **"સેલ્સ ગર્લ"** કે **"એર હોસ્ટેસ"** વગેરે બનાવી સ્ત્રીનાં અંગોના તથા તેણીના સ્મિતના સોદા કર્યા ! તેઓ કયા મોઢે કહી શકે કે અમે સ્ત્રીને આઝાદી આપી ?! આવો ! હવે વ્યભિચારની બુરાઈ વિશે ઈસ્લામે શું હુકમો આપ્યા છે તેને પણ જોઈ લો !

## ★ વ્યભિચારની બુરાઈના નિવારણ માટે ઈસ્લામી આદેશો ★

ઈસ્લામમાં **વ્યભિચાર**ને પણ **ઘણો જ મહાન ગુનો** ગણવામાં આવે છે. અને તેને ડામવા માટે કુર્આનમાં રબ તઆલાનું ફર્માન છે કે, **"અને ઝિનાની નજીક ન જાવ, યકીનન ! તે બેહયાઈ (નિર્લજ્જતા) છે અને ઘણો જ બુરો માર્ગ છે."** *(સૂરએ બની ઈસ્રાઈલ, આયત–૩૨)*

બીજે ઠેકાણે રબે ફર્માવ્યું, **"મુસલમાનોને કહી દો કે પોતાની આંખો બંધ કરી લે (હરામ ન જુએ) અને પોતાની શર્મગાહોની રક્ષા કરે."** *(સૂરએ અલ્ ફુર્કાન, આયત–૬૮, ૬૯)*

એક રિવાયતમાં છે કે જહન્નમમાં એક ભટ્ટી છે જે અંદરથી ખૂબ જ પહોળી અને ઉપરથી ખૂબ સાંકડી છે, તેમાં વ્યભિચારી સ્ત્રીઓ તથા પુરૂષોને નાખી દેવામાં આવશે તો તેઓ આગના ભડકાઓમાં બળતા રહી ભટ્ટીના મુખ ઉપર સુધી આવી જશે, પછી એકદમ તે ભડકાઓ હોલવાઈ જશે તો સૌ ઉપરથી ભટ્ટીના તળિયે ફેંકાઈ જશે." *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૫)*

ફર્માને ઈલાહી છે કે, "નાના મોટા, જાહેર છુપા કોઈપણ ગુનાહની નજીક ન જાવ." *(કુર્આન)*

અહીં મોટાથી મુરાદ વ્યભિચાર (ઝિના) અને નાનાથી મુરાદ ચુંબન, બુરી નજરથી જોવું અને સ્પર્શવું છે. જેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "હાથ ઝિના કરે છે, પગ ઝિના કરે છે અને આંખો ઝિના કરે છે."

રબ તઆલાનું ફર્માન છે કે, "જે શખ્સ વ્યભિચાર કરે છે તેને 'અષામ'માં નાખવામાં આવશે." *(કુર્આન)*

'અષામ'ના વિશે કહેવામાં આવ્યું છે કે, એ જહન્નમની એક વાદી છે. કેટલાક ઉલમા કહે છે કે, તે જહન્નમની એક ગુફા છે, જ્યારે તેનું મોઢું ખોલવામાં આવશે તો તેની સખત દુર્ગંધથી જહન્નમીઓ ચીસો પાડી ઉઠશે."

સરકારે દો જહાં ﷺએ ફર્માવ્યું કે, "શિર્ક પછી અલ્લાહની નજીક એ ગુનાહથી મોટો કોઈ ગુનોહ જ નથી કે એક શખ્સ પોતાના ગુપ્તાંગને એવી સ્ત્રીના ગુપ્તાંગમાં પહોંચાડે જે તેના માટે હલાલ નથી, એટલે કે જાઈઝ કાયદેસરની પત્ની નથી."

## ★ વ્યભિચારીના ભયાનક અઝાબો ★

"વ્યભિચારી પુરૂષ તથા સ્ત્રીને ક્યામતના દિવસે એવી રીતે ખુદાના દરબારમાં લાવવામાં આવશે કે તેમના ચહેરાઓ આગની જેમ ભડકી રહ્યા હશે." *(હદીષ)*

સાતેવ આસ્માન તથા સાતેવ જમીનો અને પહાડો **વૃદ્ધ વ્યભિચારી પર લઅનત** મોકલે છે અને ક્યામતના દિવસે ઝિનાકાર મર્દ અને ઔરતના ગુપ્તાંગોએથી એ પ્રકારની દુર્ગંધ આવતી હશે કે જહન્નમમાં સળગનારા જહન્નમીઓને પણ તે દુર્ગંધથી તકલીફ થશે.

જે શખ્સ પરાઈ સ્ત્રી સાથે સંભોગ કરશે તો અલ્લાહ તઆલા ક્યામતના દિવસે તેના પર એક ઝેરીલો સાપ સવાર કરી આપશે.

મેઅરાજની રાત્રે હુઝૂર ﷺએ જોયું કે એક ભઠ્ઠીમાંથી કેટલાક સ્ત્રી પુરૂષોની ચીસો આવી રહી હતી અને તેમના ગુપ્તાંગોમાંથી આગના ભડકા ઉઠી રહ્યા હતા. જિબ્રઈલે અર્ઝ કરી કે, **આ તે લોકો છે જેઓ દુનિયામાં વ્યભિચારમાં મસ્ત રહેતા હતા,** તેની આ સજા તેમને મળી રહી છે.

એ જ પ્રમાણે ઝિનાનું નિમિત્ત જે બને છે તે આંખ ! તો આંખના માટે કુર્આનમાં હુકમ છે :–

"મુસલમાન પુરૂષોથી ફર્માવી દો કે **પોતાની નજરો નીચી રાખે** અને **પોતાની શર્મગાહોની હિફાઝત કરે,** આ એમના માટે ઘણુ સુથરુ છે. બેશક ! અલ્લાહને એમનાં કામોની ખબર છે." *(પારા : ૧૮, રુકૂઅ : ૧)*

એક જગા પર આ પ્રમાણે ઈર્શાદ છે : "બેશક ! કાન, આંખ, દિલ સૌની પૂછતાછ થશે." *(સૂરએ અસ્રા)*

એક ઠેકાણે ઈર્શાદ છે : **"અલ્લાહ જાણે છે નજરોની ચોરીને અને દિલમાં છુપાયેલ વાતોને."**

મુસ્નદે ઈમામ અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ તથા દારમીએ હઝરત બુરીદા رضی اللہ عنہની રિવાયત નકલ કરી કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત અલી کرم اللہ وجہہ الکریمથી ફર્માવ્યું, "હે અલી ! એક નજરના પછી બીજી નજર ન જુઓ ! **પહેલી નજર (ઈરાદા વિનાની) માફ** છે પણ **બીજીવાર જોવાની રજા નથી."** *(પેજ : ૨૬૯)*

એક હદીષમાં છે : ''વળી એકબીજાને જોનાર જોવડાવનાર પરપુરૂષ પરસ્ત્રી બંને પર અલ્લાહ લઅનત ફર્માવે છે. તેમજ ફર્માને રસૂલ છે કે, ''જેણે કોઈ સ્ત્રીનો વિચાર કર્યો અને એનાં કપડાંઓને જોયાં ત્યાં સુધી કે તેનાં અંગોના ભાગો તેની સમક્ષ જાહેર થઈ ગયાં તો તે **જન્નતની ખૂશ્બૂ પામશે નહીં.''** *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦, નિસ્ફ આખિર)*

તેમજ **વ્યભિચારીના માટે કુર્આન તથા હદીષમાં શું સજા છે** તે પણ જાણી લો : ''જે સ્ત્રી વ્યભિચારી હોય અને જે પુરૂષ તો તેમનામાંથી દરેકને સો કોરડા મારો.'' *(સૂરએ નૂર, ૨/૨૪)* અને તેમના પ્રત્યે જરા પણ દયા ભાવના કરવામાં ન આવે.

જો અપરણીત સ્ત્રી તથા પુરૂષ વ્યભિચારમાં સપડાય તો તેમને **૧૦૦ કોરડા** મારવાની સજા ઈસ્લામમાં છે અને જો પરણીત સ્ત્રી કે પુરૂષ વ્યભિચારમાં પડે તો તેમને **''સંગસાર''** (જાહેરમાં પથ્થરો મારીને મારી નાખવો) કરવાનો હુકમ છે. **આ સજાઓ ઈસ્લામી બાદશાહ જ લગાડી શકે છે** જ્યારે શરીઅતના હુકમ પ્રમાણે વ્યભિચાર સાબિત થાય ત્યારે. અને **જે દેશોમાં આ સજા ચાલુ રહી ત્યાં વ્યભિચાર કે બળાત્કારની બુરાઈ ભાગ્યે જ જોવા મળતી.** જ્યારે આજે કાયદાની છટકબારીઓ તથા હળવી સજાઓના કારણે જગતભરમાં આ જુર્મો વધી રહ્યા છે, એટલે સુધી કે પોતાની પુત્રીઓ પર પણ બળાત્કાર થવાના સમાચારો જોવા મળે છે !

તેમજ થોડા વરસો પહેલાં સૂરતમાં સામૂહિક બળાત્કારના એક બનાવના પ્રસંગે આ જ ''ઈસ્લામિક સજા'' વિશે સંદેશ દૈનિકે લખ્યું કે, ''આપણે ભલે મુસ્લિમ દેશોના જંગલી કાયદાઓની ટીકા કરીએ છીએ, પણ આ ઘટનાને જોયા પછી લાગે છે કે **સૂરતની ઘટના જેવા ગુનાઓમાં સંડાવાયેલા લોકો મુસ્લિમ દેશોના કાયદાઓને જ લાયક છે.** (સંદેશ, ૧૬–૬–૨૦૦૯) અમો કહીએ છીએ કે જંગલી કાયદા કહો છો અને સજાને સ્વીકારો પણ છો ?! આ વાતમાં ન્યાય નથી !

ખૈર ! લખાણ ટૂંકાવતાં એ નસીહત પણ કરીએ છીએ કે જેઓ વ્યભિચારની બદીમાં પડેલા છે તેઓ જાણી લે કે અલ્લાહના કાનૂનની નજીક તેઓ **૧૦૦ કોરડા** કે **સંગસારના પાત્ર** ઠરી ગયા છે, ભલે તેઓ અહીં છટકી ગયા છે, પણ આખેરતમાં એની એથી ભયાનક સજાઓ વેઠવા તૈયાર રહે.

**ઈન્તેકાલ પુરમલાલ**

**દયાદરા :** મર્હૂમ ઈસ્માઈલ ઈસા દાદાભાઈ બાકરોલીવાળા મુ. ચાંદ ૧૦–શાબાન હિ.સ. ૧૪૩૭, ઈ.સ. પ્રમાણે ૧૮–૫–૨૦૧૬ને બુધવારે ૭૮ વરસની વયે અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તથા આદમ મુહમ્મદ કોળા જુમેરાત તા. ૭–૭–૨૦૧૬ ઈદુલ ફિત્રના દિવસે નમાઝ પઢી કબ્રસ્તાનથી ઘરે આવ્યા અને અચાનક ઉલ્ટી થઈ અને ઈન્તેકાલ કરી ગયા.

**બોલ્ટન** : ખાતે નબીપુરનાં અમીનાબેન વલી આમનજી (તંત્રી : બરકાતે ખ્વાજાનાં માસી) ૨૬ રમઝાન હિ.સ. ૧૪૩૭ તા. ૧–૬–૨૦૧૬ જુમેરાતના રોજ ઈન્તેકાલ કરી ગયાં છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –*તંત્રી*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન


અઝ : **આ'લા હઝરત**
**ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન**
**આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ


## સૂરએ બક઼રહની તફસીર

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ
مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ
اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا ۚ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ
فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ
بِالْمَعْرُوْفِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿۲۳۴﴾ وَلَا
جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا عَرَّضْتُمْ بِهٖ مِنْ خِطْبَةِ النِّسَآءِ
اَوْ اَكْنَنْتُمْ فِيْٓ اَنْفُسِكُمْ ؕ عَلِمَ اللّٰهُ اَنَّكُمْ سَتَذْكُرُوْنَهُنَّ
وَلٰكِنْ لَّا تُوَاعِدُوْهُنَّ سِرًّا اِلَّآ اَنْ تَقُوْلُوْا قَوْلًا
مَّعْرُوْفًا ۬ؕ وَلَا تَعْزِمُوْا عُقْدَةَ النِّكَاحِ حَتّٰى يَبْلُغَ
الْكِتٰبُ اَجَلَهٗ ؕ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ يَعْلَمُ مَا فِيْٓ اَنْفُسِكُمْ
فَاحْذَرُوْهُ ۚ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ غَفُوْرٌ حَلِيْمٌ ﴿۲۳۵﴾
لَا جُنَاحَ عَلَيْكُمْ اِنْ طَلَّقْتُمُ النِّسَآءَ مَا لَمْ تَمَسُّوْهُنَّ
اَوْ تَفْرِضُوْا لَهُنَّ فَرِيْضَةً ۖۚ وَّمَتِّعُوْهُنَّ ۚ عَلَى الْمُوْسِعِ
قَدَرُهٗ وَعَلَى الْمُقْتِرِ قَدَرُهٗ ۚ مَتَاعًا بِالْمَعْرُوْفِ ۚ
حَقًّا عَلَى الْمُحْسِنِيْنَ ﴿۲۳۶﴾ وَاِنْ طَلَّقْتُمُوْهُنَّ مِنْ
قَبْلِ اَنْ تَمَسُّوْهُنَّ وَقَدْ فَرَضْتُمْ لَهُنَّ فَرِيْضَةً

અને તમારામાં જે મરી જાય અને પત્નીઓ મૂકી જાય તે (પત્નીઓ) ચાર માસ દસ દિવસ પોતાને રોકી રાખે[૨૨૦] તો જ્યારે એમની ઈદ્દત પૂરી થઈ જાય તો અય વાલીઓ ! તમારા પર પકડ નથી તે કામોમાં જેમાં સ્ત્રીઓ પોતાના વિશે શરીઅત મુજબ (કંઈક) કરે. અને અલ્લાહને તમારા કર્મોની જાણ છે (૨૩૪) અને તમારા પર ગુન્હો નથી એ વાતમાં (કે) જો તમે પર્દો રાખી સ્ત્રીઓને નિકાહનું કહેણ આપો અને પોતાના દિલમાં છુપાવી રાખો[૨૨૧] અલ્લાહ જાણે છે કે હવે તમે તેણીઓની યાદ કરશો[૨૨૨] હા ! તેણીઓ સાથે છુપો વાયદો ન કરી રાખો પણ એ કે એટલી જ વાત કહો જે શરીઅતમાં ઠીક છે અને ન પાકી કરો નિકાહની ગાંઠ જ્યાં સુધી લખેલો હુકમ પોતાની મુદ્દત સુધી ન પહોંચી જાય[૨૨૩] અને જાણી લો કે અલ્લાહ તમારા દિલની (વાતો) જાણે છે તો તેનાથી ડરો અને જાણી લો કે અલ્લાહ માફ કરનાર ધીરજવાળો છે (૨૩૫) અને તમારા પર કંઈ માગણી નથી[૨૨૪] જો તમે સ્ત્રીઓને તલાક઼ આપો જ્યાં સુધી તમે તેણીઓને હાથ ન લગાડયો હોય અથવા કોઈ મહેર નક્કી કરી લીધી હોય[૨૨૫] અને તેણીઓને કંઈક વાપરવા આપો[૨૨૬] શક્તિવાળાને એના મુજબ અને તંગદસ્તીવાળાને એના મુજબ, નિયમ મુજબ કંઈક વાપરવાની વસ્તુ. આ વાજિબ છે ભલાઈવાળાઓ પર[૨૨૭] (૨૩૬) અને જો તમે

فَنِصْفُ مَا فَرَضْتُمْ إِلَّآ أَنْ يَّعْفُوْنَ أَوْ يَعْفُوَا
الَّذِىْ بِيَدِهٖ عُقْدَةُ النِّكَاحِ ؕ وَاَنْ تَعْفُوْٓا
أَقْرَبُ لِلتَّقْوٰى ؕ وَلَا تَنْسَوُا الْفَضْلَ بَيْنَكُمْ ؕ
اِنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرٌ (٢٣٧) حٰفِظُوْا عَلَى الصَّلَوٰتِ
وَالصَّلٰوةِ الْوُسْطٰى ۚ وَقُوْمُوْا لِلّٰهِ قٰنِتِيْنَ (٢٣٨)
فَاِنْ خِفْتُمْ فَرِجَالًا اَوْ رُكْبَانًا ۚ فَاِذَآ اَمِنْتُمْ
فَاذْكُرُوا اللّٰهَ كَمَا عَلَّمَكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ (٢٣٩)
وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا ۚۖ
وَّصِيَّةً لِّاَزْوَاجِهِمْ مَّتَاعًا اِلَى الْحَوْلِ غَيْرَ
اِخْرَاجٍ ۚ فَاِنْ خَرَجْنَ فَلَا جُنَاحَ عَلَيْكُمْ فِىْ مَا
فَعَلْنَ فِىْٓ اَنْفُسِهِنَّ مِنْ مَّعْرُوْفٍ ؕ وَاللّٰهُ عَزِيْزٌ
حَكِيْمٌ (٢٤٠)

*સ્ત્રીઓને અડકયા વગર તલાક઼ આપી દીધી અને તેણીઓ માટે કંઈક મહેર નક્કી કરી ચૂક્યા હતા તો જેટલું નક્કી થયું હતું તેનું અડધું વાજિબ છે પણ એ કે સ્ત્રીઓ કંઈક ઓછું કરે[૨૨૮] અથવા તે વધારે આપે[૨૨૯] જેના હાથમાં નિકાહની ગાંઠ છે[૨૩૦] અને અય પુરૂષો ! તમારૂં વધારે આપવું વધારે નજીક છે પરહેઝગારીથી અને અંદરો અંદર એકબીજા પર એહસાન (કરવાને) ભૂલાવી ન દો, બેશક ! અલ્લાહ તમારૂં કામ જોઈ રહ્યો છે[૨૩૧] (૨૩૭) જાળવણી રાખો બધી નમાઝોની[૨૩૨] અને વચલી નમાઝની[૨૩૩] અને અલ્લાહ સમક્ષ અદબથી ઉભા રહો[૨૩૪] (૨૩૮) પછી જો તમને ભય હોય તો પગપાળા અથવા સવાર જેવી રીતે શક્ય હોય (તેવી જ રીતે નમાઝ પઢી લો) પછી જ્યારે શાંતિમાં હોવ તો અલ્લાહની યાદ કરો જેવું તેણે શિખવ્યું જે તમે જાણતા ન હતા (૨૩૯) અને જે તમારામાં ગુજરી જાય અને પત્નીઓ છોડી જાય, તે પોતાની સ્ત્રીઓ માટે વસિયત કરી જાય[૨૩૫] (તેણીને) કાઢી મૂક્યા વગર એક વર્ષ સુધી ભરણ પોષણની[૨૩૬] પછી જો તેણીઓ પોતે જ ચાલી જાય તો તમારા પર એની પકડ નથી જે તેણીઓએ પોતાના મામલામાં યોગ્ય રીતે કર્યું, અને અલ્લાહ ચઢીયાતો હિકમતવાળો છે.*

## :: સમજૂતી ::

**૨૨૦.** ગર્ભવતીની ઈદ્દત તો બાળક જન્મતાં સુધીની છે, જેમ કે સૂરએ તલાક઼માં બયાન થયું છે. અહીં બિન ગર્ભવતીની ઈદ્દતનું વર્ણન છે, જેનો પતિ મરી જાય તેની ઈદ્દત ચાર મહિના દસ દિવસ છે. આ મુદ્દત પૂરી થતાં સુધી ન તેણી નિકાહ કરે ન તો પોતાનું રહેઠાણ છોડે, ન કારણ વગર તેલ લગાવે, ન ખુશ્બુ લગાડે, ન તો શણગાર કરે, ન રંગીન અને રેશમી વસ્ત્રો પરિધાન કરે, ન મહેંદી લગાવે, ન ખુલ્લી રીતે નિકાહની વાતચીત કરે અને જે **તલાક઼ે બાઈનની ઈદ્દતમાં હોય તેના માટે પણ આ જ હુકમ છે,** હા ! જે સ્ત્રી **તલાક઼ે રજઈની ઈદ્દતમાં હોય તેના માટે સુશોભન અને શણગાર કરવો મુસ્તહબ છે.**

**૨૨૧.** એટલે કે ઈદ્દતમાં નિકાહ કે નિકાહનો સ્પષ્ટ સંદેશો તો મના છે. પણ પરદામાં રહીને એટલે કે ગુઢ શબ્દો દ્વારા નિકાહની ઈચ્છા વ્યક્ત કરવી જાઈઝ છે. દા.ત. એવું કહે કે "તું ઘણી નેક સ્ત્રી છે" વિ. અથવા પોતાનો ઈરાદો દિલમાં જ રાખે, ઝબાનથી કોઈ પણ રીતે ન કહે.

**૨૨૨.** અને તમારા દિલમાં તમન્ના હશે, તેથી જ છુપા શબ્દોમાં ઈચ્છા વ્યક્ત કરવાની છૂટ છે.

**૨૨૩.** એટલે ઈદ્દત પૂરી થઈ જાય.

**૨૨૪.** મહેરની.

**૨૨૫. શાને નૂઝુલ :** આ આયત એક અન્સારી બાબત ઉતરી. જેમણે બની હનીફા કબીલાની એક સ્ત્રી સાથે નિકાહ કર્યો અને કોઈ મહેર નક્કી ન કરી પછી હાથ લગાડતાં પહેલાં તલાક આપી દીધી.

**મસ્અલો :** એનાથી જાણવા મળ્યું કે જે સ્ત્રીની મહેર નક્કી ન કરી હોય અને તેને હાથ લગાડતાં પહેલાં તલાક આપી દે તો મહેર આપવાનું લાઝિમ થતું નથી, હાથ લગાડવાનો મતલબ સંભોગ કરવાનો છે, અને સહીહ એકાંત પણ એના જ હુકમમાં છે. અને એ પણ માલમ પડયું કે મહેરનો ઉલ્લેખ કર્યા વગર પણ નિકાહ દુરૂસ્ત છે. પણ એવું થાય ત્યારે નિકાહ પછી મહેર નક્કી કરવી પડશે. જો નહીં કરે તો સ્ત્રી સાથે એકાંત કર્યા પછી 'મહરે મિષ્લ' આપવી પડશે. (એના જેવી સ્ત્રીની જે મહેર નક્કી કરવામાં આવતી હોય તેને 'મહરે મિષ્લ' કહે છે.)

**૨૨૬.** ત્રણ વસ્ત્રોની એક જોડ.

**૨૨૭.** જે સ્ત્રીની મહેર નક્કી ન કરી હોય અને તેને પાસે જતા પહેલાં તલાક આપી દીધી હોય તેવીને તો વસ્ત્રોની આ જોડ આપવી વાજિબ છે અને એના સિવાય દરેક તલાકવાળીને મુસ્તહબ છે. *(મદારિક)*

**૨૨૮.** પોતાના એ અડધામાંથી.

**૨૨૯.** અડધાથી વધારે આપે. અડધું તો આમાં વાજિબ છે જ. **૨૩૦.** અર્થાત પતિ.

**૨૩૧.** આમાં સદવર્તન અને સદાચારનો શોખ અપાવ્યો છે.

**૨૩૨.** એટલે કે પાંચ વખતની ફર્ઝ નમાઝોને એમના સમય અનુસાર તમામ અરકાન અને શરતોના પાલન સાથે અદા કરતા રહો. આમાં પાચે નમાઝોના ફર્ઝ હોવાનું બયાન છે અને ઔલાદ તેમજ પત્નીઓના બયાન દરમ્યાન નમાઝનું બયાન એ પરિણામ પર પહોંચાડે છે કે એમને પણ નમાઝ અદા કરવાથી ગાફિલ ન થવા દો, અને **નમાઝની પાબંદીથી દિલની સફાઈ થાય છે અને દિલની સફાઈ વગર સંસારિક મામલાઓ સુધારી શકતા નથી.**

**૨૩૩.** હઝરત ઈમામ અબૂ હનીફા અને મોટાભાગના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નું કહેવું એવું છે કે આનાથી અસરની નમાઝ મુરાદ છે અને હદીષો પણ એને ટેકો આપે છે.

**૨૩૪.** આનાથી સાબિત થયું કે નમાઝમાં "કિયામ" એટલે કે ઉભુ રહેવું ફર્ઝ છે.

**૨૩૫.** પોતાના સગા સંબંધીઓને.

**૨૩૬.** ઈસ્લામની શરૂઆતમાં જેનો પતિ ગુજરી જાય તેવી સ્ત્રીની ઈદ્દત એક વર્ષની હતી અને પૂરુ એક વર્ષ તે પતિના ઘેર રહીને ભરણપોષણ માંગવાની હકદાર હતી. પછી એક વરસની ઈદ્દત તો **يَتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا** (પોતાને ચાર માસ દસ દિવસ રોકી રાખે) દ્વારા મન્સૂખ થઈ ગઈ અને આખા વરસનું ભરણપોષણ વારસાની આયતે મન્સૂખ કર્યું. જેમાં પતિના વારસામાં પત્નીનો ભાગ નક્કી કરવામાં આવ્યો માટે હવે વસિયતનો હુકમ બાકી ન રહ્યો.

**રહસ્ય :** એનું એ છે કે અરબસ્તાનના લોકો પોતાના ગુજરી ગએલા માણસની વિધવા બહાર નીકળે કે બીજા પુરૂષ સાથે નિકાહ કરે એ સાંખી શકતા ન હતા, અને એને કલંક સમજતા હતા. માટે જો એકદમ જ ચાર મહિના અને દસ દિવસની ઈદ્દત નક્કી કરી દેવામાં આવત તો તેઓને ઘણું અઘરૂં લાગત. જેથી ધીરે રહીને તેઓને માર્ગ પર લાવવામાં આવ્યા.

**ચાંચવેલ :** મુકામે જનાબ હાફિઝ યાકૂબ ચાંચવેલવાળાનાં વાલિદા ફાતિમાબેન યૂસુફ પટેલનો ૯૨ વરસની વયે ૨૬ રમઝાન ૧૪૩૭ હિ.સ., તા. ૧–૭–૨૦૧૬ જુમ્આના રોજ ઈન્તેકાલ થયો, શબે કદ્રમાં દફનવિધિ થઈ. રબ્બે કરીમ મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન) –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(બીજો વિભાગ)* અબૂબકથી[૧] રિવાયત છે. તે હુઝૂર ﷺથી રિવાયત કરે છે કે હુઝૂરે મુસાફિરને ત્રણ દિવસ તથા રાતો, અને મુકીમને એક દિવસ અને રાત સુધી મોજાઓ પર મસહની ઈજાઝત આપી જ્યારે કે પાક થઈને પહેર્યા હોય[૨]. અષ્રમે પોતાની સુનનમાં ઈબ્ને ખુઝૈમા અને દારકુત્નીથી અને ખતાબી કહે છે કે આ હદીષ સહીહુલ અસ્નાદ છે, એવું જ મુન્તકામાં છે[૩]. હઝરત સફવાન ઈબ્ને અસ્સાલથી[૪] રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ અમને હુકમ આપતા હતા કે જ્યારે અમે સફરમાં હોઈએ તો ત્રણ દિવસ મોજા ન ઉતારીએ[૫] પણ જનાબતથી. પરંતુ પાયખાના (જાજરૂ), પેશાબ તથા ઊંઘથી (મોજા ન ઉતારીએ)[૬]. (તિર્મિઝી, નિસાઈ)

હઝરત મુગીરા ઈબ્ને શઅબાથી રિવાયત છે. ફર્માવે છે કે મેં ગઝવએ તબૂકમાં નબી ﷺને વુઝૂ કરાવ્યું તો આપે મોજાની ઉપર નીચે મસહ કર્યો[૭]. (અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજહ) તિર્મિઝી ફર્માવે છે કે આ હદીષ મઅલૂલ છે. અને મેં અબૂ ઝરઆ તથા મુહમ્મદ એટલે ઈમામ બુખારીથી આ હદીષના વિશે પૂછ્યું તો એ બુઝુર્ગોએ ફર્માવ્યું કે સહીહ નથી. એ જ પ્રમાણે અબૂ દાઊદે એને ઝઈફ દર્શાવી[૮].

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી ﷺને જોયા કે આપ મોજાઓની ઉપર મસહ કરતા હતા[૯]. (તિર્મિઝી, અબૂ દાઊદ) એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺએ વુઝૂ કર્યું અને જરાબો તથા પાતાબ પર મસહ કર્યો[૧૦]. (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

*(ત્રીજો વિભાગ)* હઝરત મુગીરાથી રિવાયત છે, ફર્માવે છે કે નબી ﷺએ મોજાંઓ પર મસહ કર્યો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું આપ ભૂલી ગયા ! ફર્માવ્યું, બલ્કે તમો ભૂલી ગયા. મને મારા રબ عزوجل એ આનો જ હુકમ આપ્યો છે[૧૧]. (અહમદ, અબૂ દાઊદ)

હઝરત અલી کرم اللہ وجہہ الکریم થી રિવાયત છે. ફર્માવે છે, જો દીન રાયથી હોત તો મોજાઓની નીચેથી મસહ કરવો ઉપર મસહ કરવાથી બેહતર હોત. મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે આપ મોજાઓની ઉપર મસહ કરતા હતા[૧૨]. (અબૂ દાઊદ) દારમીએ એના અર્થની રિવાયત કરી.

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપનું નામ શરીફ નુફેઅ્ છે. ષકફી છે. મશ્હૂર સહાબી છે. ગઝવએ તાઈફમાં ઈમાન લાવ્યા. અંતિમકાળમાં બસરામાં વસવાટ કર્યો. હિ.સ. ૪૯માં વફાત પામ્યા.

**૨.** એની પૂરી શરહ (સમજૂતી) તથા એના મસાઈલ કાઢવા વિશે અગાઉ વર્ણન થઈ ચૂક્યું. આમ ઉલમાનું એ જ કથન છે કે મુસાફિર ત્રણ દિવસથી વધુ અને મુકીમ એક દિવસથી વધુ મસહ નથી કરી શકતો. હા ! હનફીઓની નજીક આ મુદ્દત હદ્ષ (વુઝૂ તૂટવા)ના સમયથી શરૂ થશે.

**૩.** મુન્તકા ઈબ્ને તમીમા હંબલીની કિતાબ છે. *(મિર્કાત)* શયખ ફર્માવે છે કે એ ખતાબીની કિતાબ છે.

**૪.** મશ્હૂર સહાબી છે. કબીલા બની મુરાદથી છે. કૂફામાં વસવાટ રહ્યો. હુઝૂર ﷺની સાથે બાર ગઝવાઓમાં શરીક રહ્યા.

**૫.** આ હુકમ ઈજાઝતનો છે ન કે વાજિબ હોવાનો. કેમ કે મુસાફિરે ત્રણ દિવસ સુધી મસહ કરવો જાઈઝ છે.

**૬.** હદ્દષે અસગરમાં મોજાઓનો મસહ દુરુસ્ત છે અને હદ્દષે અકબરમાં નાજાઈઝ છે, પગો ધોવા જ ફર્ઝ છે. આ લખાણમાં અજીબ લુત્ફ છે કે "ઈલ્લા" નફી તોડીને સાબિત કર્યુ પછી "વલાકિન્" એ "ઈલ્લા"ની સાબિતી તોડીને "નફી" પેદા કરી. એના પર નહવીઓએ જબરદસ્ત બહષો કરી છે.

**૭.** આ હદીષ ઝઈફ છે અને એ હદીષોની વિરુદ્ધ જેમાં કેવળ મોજાની ઉપરના મસહનો ઉલ્લેખ છે, **જેથી અમલને પાત્ર નથી. મસહ કેવળ મોજાના ઉપર થશે, ન કે નીચે.** જેમ કે આગલી હદીષોમાં આવી રહ્યું છે. એ જ આપણા ઈમામ સાહબનો મઝહબ છે, અને શક્ય છે કે હુઝૂરે પોતાનું તળવુ બીજા હાથ વડે પકડીને ઉઠાવ્યું હોય અને જમણા હાથે ઉપર મસહ કર્યો હોય. જોનાર સમજ્યા કે આપ નીચે પણ મસહ કરી રહ્યા છે.

**૮.** આ હદીષના ઝઈફપણાનાં બે કારણો છે : એક એ કે એની અસ્નાદ હઝરત મુગ઼ીરા સુધી મુત્તસિલ (જોડાયેલ) નથી, બલ્કે એના રાવી વર્રાદ છે. એટલે કે હઝરત મુગ઼ીરાના ગુલામ. બીજુ એ કે એની અસ્નાદમાં ષૌર ઈબ્ને યઝીદ, ઈરજા ઈબ્ને હૈવહ જેવા રાવીઓ છે. અને ષૌરની મુલાકાત રજાથી સાબિત નથી. તેમજ આ હદીષ હઝરત મુગ઼ીરાની તે સહીહ હદીષની વિરુદ્ધ છે જેમાં કેવળ ઉપરનું વર્ણન છે. જેથી હદીષમાં ઈઝતેરાબ છે.

**૯.** આ હદીષ સહીહ પણ છે અને મુત્તસિલ પણ છે. એમાં કેવળ જાહેર મોજાઓનો ઉલ્લેખ છે નીચેનો નથી. એ જ આપણા ઈમામ સાહબનો ક઼ૌલ છે.

**૧૦.** ઉનવાળા તથા સૂતરાઉ મોજાઓને "જરાબ" કહે છે. એના પર મસહ ત્રણ સ્થિતિઓમાં જાઈઝ છે : એક એ કે ખૂબ જ જાડા હોય કે બાંધ્યા વિના પીંડલી પર રહી જાય, હરવા ફરવાથી સરકી ન પડે. બીજુ એ કે તેના કેવળ તળિયામાં ચામડુ સીવેલું હોય જેને મુનઅ્અલ (સીવેલા મોજા) કહે છે. ત્રીજુ એ કે તેના જાહેરી (ઉપરના ભાગે) ક઼દમ પર પણ ચામડુ સીવેલુ હોય જેને મુજલ્લદ કહે છે. અહીં પ્રથમ સ્થિતિમાં જરાબો મુરાદ છે. એટલે કે જાડી નઅલૈન (જૂતી) સુતરાઉ પાતાબ કહેવાય છે જે જરાબો પર તેમની હિફાઝતના માટે પહેરવામાં આવે છે. જો એ પાતળી હોય કે મસહની તરી જરાબ સુધી પહોંચી જાય તો એના પર મસહ જાઈઝ છે, નહીં તો નહીં.

**૧૧.** કેમ કે હઝરત મુગ઼ીરાએ એનાથી અગાઉ મોજાનો મસહ જોયો ન હતો, એટલા માટે આ સવાલ કર્યો. અને બુઝુર્ગોની તરફ ભૂલની નિસ્બત કરવી ખુદ પોતાની ગલતી તથા ભૂલ છે. એટલા માટે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તમે અદબનો તરીક઼ો ભૂલી ગયા. આ હદીષના અંતિમ વાકયથી જાણવા મળે છે કે મોજાઓ પર મસહ કુર્આન શરીફથી પણ સાબિત છે. કેમ કે وَاَرْجُلَكُمْ اِلَى الْكَعْبَيْنِમાં એક ક઼િર્અત اَرْجُلَના ઝેરની સાથે પણ છે. અને આમ ક઼િરાઅત ઝબરથી છે. મતલબ એ થયો કે મોજાઓ પહેર્યા હોય તો મસહ કરો, ન પહેર્યા હોય તો ધોઈ લો, અને શક્ય છે કે અહીં અલ્લાહના હુકમથી મુરાદ વહીએ ખફી હોય.

**૧૨.** એનાથી બે મસ્અલા જાણવા મળ્યા, એક એ કે મોજાઓના કેવળ જાહેરી ભાગ પર મસહ થશે, ન કે તળવા પર. જેમ કે આપણા ઈમામ સાહબનો ક઼ૌલ છે. બીજુ એ કે જો બુદ્ધિ શરઈ હુકમની વિરુદ્ધ હોય તો બુદ્ધિ મરદૂદ છે અને શરઈ હુકમ સ્વીકાર્ય છે. જુઓ હઝરત અલીની અક્કલ કહેતી હતી કે મોજાઓની નીચે મસહ થવો જોઈએ, કેમ કે જમીન સાથે તે જ હિસ્સો લાગે છે અને ગંદકીથી તે જ નજીક રહે છે, પણ શરીઅતના હુકમની સામે આપે પોતાની રાય પડતી મૂકી. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જો દીન રાયથી હોત તો હું પેશાબથી ગુસ્લ વાજિબ કરત, અને વિર્યથી વુઝૂ. કેમ કે પેશાબ બિલઈત્તેફાક઼ નાપાક છે, અને વિર્ય અમુક ઉલમાને ત્યાં પાક પણ છે. અને હું પુત્રીને પુત્ર કરતાં બમણો વારસો આપતો, કેમ કે છોકરી કમજોર છે. *(મિર્ક઼ાત)*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત **ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

અનુવાદક તથા સંપાદક
**પટેલ શબ્બીર અલી રઝવી**

**ઝિક્ર રોકે ફઝ્લ કાટે નક્સ઼ કા જોયાં રહે**
**ફિર કહે મર્દક કે હૂં ઉમ્મત રસૂલલ્લાહ કી**

*(ફઝ્લ = ફઝીલત, કાટે = કાટ છાટ કરે, ફઝીલતને નકારવાનાં બહાનાં શોધે કે આ હદીષો ઝઈફ છે વગેરે, નક્સ઼ = અયબ, ખામી, જોયાં = શોધમાં રહે, મર્દક = કમીનો, નીચ)*

**અર્થાત :** તને શરમ આવવી જોઈએ હે નજદી કમીના ! કે જેમનો કલ્મો પઢીને પોતાની જાતને મુસલમાન કહે છે બલ્કે ઈસ્લામ અને તૌહીદનો ઠેકેદાર બનીને ફરે છે, એમની અઝમતની વાત આવે છે તો શિર્કના ફત્વા લગાડીને રોકવાની કોશિશ કરે છે ! (યા રસૂલલ્લાહ ! ﷺ ન કહો, હાઝિર નાઝિર ન કહો, નૂર ન કહો..... જ્યારે કે એ સર્વ અક઼ીદાઓ કુર્આન તથા હદીષ તથા સહાબાની સુન્નતથી સાબિત છે, પરંતુ) જ્યાં પણ અઝમતે મુસ્તફાની વાત આવે છે તો એવું કહીને ઈન્કાર કરી આપે છે કે આ હદીષ ઝઈફ છે, એ સનદના એ'તબારથી કમજોર છે. અને જે ખુદ હુઝૂરની શાનમાં અયબો કાઢવાની નિષ્ફળ કોશિશ કરે છે (કે નઊઝુબિલ્લાહ ! મરીને માટી થઈ ગયા, દીવાલ પાછળનો ઈલ્મ નથી.... વગેરે માટે તારી પાસે શું દલીલ છે ?) હે કમીના ! તેમ છતાં પણ તારો દાવો છે કે તું હુઝૂરનો ઉમ્મતી છે ? નહીં ! હરગિઝ નહીં ! હજારવાર નહીં !

*ખુદા કા વો નહીં, ખુદા ઉસ્કા નહીં હોતા–જિસે હોના ન આતા હો તુમ્હારા યા રસૂલલ્લાહ !* ﷺ

**નજદી ઉસને તુઝકો મોહલત દી કે ઈસ આલમમેં હૈ**
**કાફિરો મુર્તદ પે ભી રહ઼મત રસૂલલ્લાહ ﷺ કી**

**અર્થાત :** હે નજદી ! જો તું એવું કહે કે જો અમે એવા છીએ તો અલ્લાહ અમને પોતાના મહબૂબના ગુસ્તાખ હોવાને કારણે અઝાબમાં કેમ નથી સપડાવી દેતો. તો અલ્લાહે તને પોતાના મહબૂબના સદક઼ામાં આવું ફર્માવીને **ما کان لیعذ بھم وانت فیھم** તને મોહલત આપી રાખી છે (એ નહીં કે હું તને અઝાબ આપી નથી શક઼્તો, હું **علیٰ کل شئ قدیر** દરેક ચીજ પર શક્તિમાન છું. મેં ભલ ભલાનાં નામો નિશાન મિટાવી દીધાં છે તો તમે શું ચીજ છો ?!) કે દુનિયામાં કાફિર તથા મુર્તદ પર પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની રહ઼મત વરસી રહી છે કે અઝાબથી બચેલા છે અને નેઅમતો પામી રહ્યા છે. પરંતુ ક઼બ્રમાં તથા ક઼યામતના દિવસે તારો ભરમ ભાગી જશે.

**હમ ભિકારી વો કરીમ ઉનકા ખુદા ઉનસે ફ઼ુઝૂં**
**ઔર ના કહના નહીં આદત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** અલ્હમ્દુલિલ્લાહ ! આપણે આપણા આક઼ાના દરના ભીખારી છીએ અને આપણને આપણા

આકા ﷺ સર્વ કાંઈ આપે છે, કેમ કે તે કરીમ છે, અને એમનો રબ એમને અતા ફર્માવે છે. અલ્લાહ એમનાથી ઘણો કરીમ છે બલ્કે ખુદ કરીમ બનાવનાર છે. અને આપણા નબી علیہ الصلوٰۃ والسلامની શાન એ છે કે "ના પાડવી" તો એમની આદત જ નથી ! જેમ કે હદીષ શરીફમાં છે. તો પછી તારા દિલમાં કેમ કરવતી ચાલે છે જ્યારે અમે અમારા કરીમથી ભીખ માગીએ છીએ ?!

**અહલે સુન્નત કા હૈ બેળા પાર અસ્હાબે હુઝૂર**
**નજ્મ હૈં ઔર નાવ હૈ ઈત્રત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** ઈન્શાઅલ્લાહુ તઆલા ﷻ અમો અહલે સુન્નત વ જમાઅત જે સહાબાએ કિરામ તથા અહલે બયતે અત્હાર બંનેવને માનવાવાળા છીએ, તેમની તા'ઝીમ કરવાવાળા, તેમની મહોબ્બતને અમારા ઈમાનની જાન સમજનારા છીએ. અમારી આખેરતમાં નજાત પામવુ તથા ઈમાનની સલામતી સાથે દુનિયાના ભંવરમાંથી કિનારે લાગવું એ લોખંડ પર લકીર (રેખા) છે, કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : **اصحابی کا لنجوم فبایھم اقدتیم اھتد تیم** "મારા સહાબા તારાઓની જેમ છે, જેની પણ પયરવી કરશો હિદાયત પામશો." તથા અહલે બયતના બારામાં ફર્માવ્યું, "મારા અહલે બયતનું દષ્ટાંત નૂહ علیہ السلامની કશ્તી (નાવડી)ની જેમ છે, જે નૂહ علیہ السلامની કશ્તીમાં બેસી ગયો તે પાણીના તોફાનથી બચી ગયો." એ જ પ્રમાણે જેણે અહલે બયતનો દામન થામી લીધો તે નજાત પામી ગયો. કશ્તીને તારાઓની મદદથી એ દૌરમાં ચલાવવામાં આવતી હતી, એટલા માટે આ દષ્ટાંત આપવામાં આવ્યું કે જેથી દરેક બંદો સમજી જાય. કશ્તી પણ અમારી પાસે છે અને તારાઓ પણ અમારી પાસે છે જેથી નજાત નિશ્ચિત હોવામાં હવે શું કસર બાકી રહી ?!

અમો અહલે સુન્નતને અલ્લાહે એવો અઝીમુશ્શાન સાચો અક઼ીદો અતા કર્યો છે કે જેમાં કોઈની ગુસ્તાખીની કલ્પના પણ નથી. અન્ય ફિર્ક઼ાઓમાં જુઓ તો કોઈનામાં સહાબાના ગુસ્તાખો છે, તો ક્યાંક અહલે બયતના દુશ્મનો છે, કોઈ નબીઓના ગુસ્તાખ છે તો કોઈ અલ્લાહના વલીઓના બેઅદબો છે. જ્યારે અહલે સુન્નતમાં સૌની મહોબ્બત છે. એટલા માટે અમો અમ્ન પસંદ છીએ અને બીજા બુરાઈ પસંદ. જ્યારે કોઈ ગુસ્તાખી કરે છે તો અમે સમજાવીએ છીએ કે એવું ન કરો, તો એમને સમજાવનાર બુરાઈ પસંદ હોઈ જ નથી શક્તો.

**ખાક હોકર ઈશ્ક઼મેં આરામ સે સોના મિલા**
**જાન કી અકષીર હૈ ઉલ્ફત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** અમો હુઝૂરે અક઼દસ ﷺના ક઼દમોની ખાક બન્યા તો અલ્લાહ તઆલાએ અમને ચૈનની નીંદ અતા કરી. એનાથી સાબિત થયું કે અમારા આક઼ા علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત માટીને સોનુ બનાવવાનો કીમિયો છે. સારાંશ કે આ ફનાઈયતથી મુહિબ્બાને રસૂલ ﷺને બક઼ા (હમેશાંની સલામતી)ની મંઝિલની તરફ પ્રગતિ નસીબ થાય છે.

**ટૂટ જાએંગે ગુનેહગારોંકે ફૌરન કૈદો બંદ**
**હશ્ર કો ખુલ જાએગી તાક઼ત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** ક઼યામતના દિવસે આપણા આક઼ા તથા મૌલા ﷺની તાક઼ાતનો અંદાઝો થશે કે જ્યારે કરોડો મુજરિમોને પકડીને જંઝીરોમાં જકડીને જહન્નમ તરફ લઈ જવામાં આવતા હશે, તો હુઝૂરનો એક સજદો સર્વ બેડીઓ તોડીને મુજરિમોને મુક્ત કરી આપશે, અને જહન્નમમાંથી લોકોને બહાર કરશે, જેમ કે સહીહ બુખારી હદીષે શફાઅતમાં છે. **یا محمد ارفع راسك وقل تسمع وسل تعطیٰ واشفع تشفع**

**યા રબ ! ઈક સાઅતમેં ધુલ જાએં સિયાહકારોં કે જુર્મ**
**જોશ પર આ જાએ અબ રહમત રસૂલુલ્લાહ ﷺ કી** *(સાઅત : ઘડી)*

**અર્થાત** : યા રબ ! તે ઘડી જલ્દી આવે કે તારા મહબૂબની રહમતનો દરિયો મોજાં મારે અને એક જ પળ માં સિયાહકારોના જુર્મો એવી રીતે ધોવાય જાય કે :

*ઢુંઢા હી કરે સદ્‌રે ક઼યામત કે સિપાહી, વો કિસકો મિલે જો તેરે દામનમેં છુપા હો*

**હૈ ગુલે બાગે કુદ્દ્સ રુખ્સારે ઝયબાએ હુઝૂર**
**સરૂ ગુલઝારે ક઼િદમ ક઼ામત રસૂલુલ્લાહ ﷺ કી**

*(સરૂ ગુલઝારે ક઼િદમ = ક઼દીમ (ખુદાની સિફત), બાગનું સનોબર એટલે સિફતે ઈલાહીનો જલ્વો, ક઼ામત : કદ)*

**અર્થાત** : મારા આક઼ા ﷺનો ચહેરાએ અન્વર પાકીઝગીના અઝીમુશ્શાન ગુલિસ્તાનનું ચમકતુ તરોતાઝા ફૂલ છે અને આપનું ક઼દ મુબારક ક઼િદમના હસીન બાગનું સરૂ છે. (કુદ્દ્સ તથા ક઼િદમના શબ્દોથી વહદતુલ વજૂદના અક઼ીદાની ખુશ્બુ મેહસૂસ થઈ રહી છે.) ડો. ઈકબાલ ફર્માવે છે :–

*લોહ ભી તૂ ક઼લમ ભી તૂ તેરા વજૂદ અલ્ કિતાબ–ગુંબદે આબગીના રંગ તેરે મુહીતમેં હિબાબ*
*આલમે આબો ખાકમેં તેરે ઝહૂરસે ફરોગ–ઝર્રાએ રેગકો દિયા તૂને તુલૂએ આફતાબ*

**અય 'રઝા' ! ખુદ સાહિબે કુર્આં હૈ મદ્દાહે હુઝૂર**
**તુઝસે કબ મુમ્કિન હૈ ફિર મિદ્હત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત** : હે (ષનાખ્વાને મુસ્તફા ﷺ પ્યારા) અહમદ રઝા ! તું ગમે તેટલી પણ તારા આક઼ાની પ્રશંસા કરીશ છતાંય એવી પ્રશંસા નહીં જ કરી શકે જેવો કે હક્ક઼ છે, કેમ કે એમનો પરવરદિગાર ખુદ એમની તારીફ કરે (મદ્દાહ) છે તો બીજો કોણ તેમની પ્રશંસા કરવાનો હક્ક઼ અદા કરી શકે છે ?! એમનું તો નામ જ મુહમ્મદ (ﷺ) છે, જેનો અર્થ છે : "જેની ખૂબ જ અધિક પ્રમાણમાં તારીફ કરવામાં આવે." *(મિદ્હત = પ્રશંસા)*

અને બીજુ નામ "અહમદ" છે, જેનો અર્થ છે : "ખૂબ જ અધિક પ્રમાણમાં તારીફ કરનાર" મતલબ એ થયો કે આપ અલ્લાહની સૌથી વધુ પ્રમાણમાં તારીફ કરો છો, અને અલ્લાહ આપની સૌથી અધિક પ્રમાણમાં તારીફ કરે છે. આપની તારીફમાં એટલું જ કહી શકીએ કે :–

*બઅદ જ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર !*



**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**
**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૫૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૪૧૧



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### ઈશ્કવાળાની કૈફિયત

પછી ફર્માવ્યું કે મહાન મશાઈખમાંથી એક શયખ પોતાના સાથીઓ સાથે હઝરત મૂસા علیہ السلامના રોઝા પર પહોંચ્યા. રોઝાથી અવાજ આવ્યો : رَبِّ اَرِنِیْ اَنْظُرْ اِلَیْکَ (અર્થ) : "હે અલ્લાહ ! મને તારી દીદાર કરાવ !" *(સૂરએ અઅ્રાફ, ૧૪૩)* એ બુઝુર્ગે ફર્માવ્યું, આ ઈશ્ક઼ છે. ખરેખર જિંદગીમાં પણ આ જ હાલત હશે. જો મર્દની આ હાલત હોય તો જ્યારે ઉઠશે ત્યારે તેની એ જ હાલત હશે. ક઼યામતના દિવસે પણ મૂસા علیہ السلام અર્શના કંગુરામાં હાથ મારીને ફરિયાદ કરશે : رَبِّ اَرِنِیْ اَنْظُرْ اِلَیْکَ. જો આ હાલતમાં ફરિશ્તા એમને પકડશે તો તમામ મખ્લૂક઼ શોખના (ઉમંગના) આવેશમાં વેરવિખેર થઈ જશે.

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે મને ફર્માવ્યું કે તાલિબે (તલબ કરનારે) દરેક હાલતમાં મત્લૂબ (જેની તલાશમાં છે તે)ના ઈશ્ક઼ તથા મહોબ્બત અને તેની યાદમાં રહેવું જોઈએ જેથી એ લોકોમાંથી થઈ જાય જેઓ એનાથી અગાઉ થઈ ગયા છે.

ત્યારબાદ ફર્માવ્યું કે જે વખતે મારા ભાઈ શયખ બહાઉદ્દીન ઝકરિયા قُدِّسَ سِرُّہُ الْعَزِیْز ઈન્તેક઼ાલ કરવાના હતા એ વખતે આપના મોટા સાહબઝાદા શયખ સદરુદ્દીન દરવાજાની પાસે ઉભેલા હતા. એક માણસે આવીને પત્ર આપ્યો અને કહ્યું કે એને ખોલ્યા વિના અંદર પહોંચાડી આપો. હુકમ થયો કે સદરુદ્દીનના હાથમાં આપશો જેથી તે શયખ બહાઉદ્દીનને પહોંચાડી આપે અને તેને વાંચી લે. શયખ સદરુદ્દીન વાંચીને ચોધાર અશ્રુએ રડવા લાગ્યા અને કહ્યું કે આ દોસ્તનો પરવાનો છે અને ઈઝરાઈલ લાવ્યા છે. પૂછયું, જાતે કેમ નથી જતા ? કહ્યું, હુકમ છે કે આપને હાથે આપુ અને આપ શયખ સાહબને પહોંચાડી આપો. જ્યારે પત્ર અંદર લાવવામાં આવ્યો તો શયખ સાહબ યાદે ઈલાહીમાં મશગૂલ હતા. જ્યારે ફારિગ થયા તો આદાબ બજાવી લાવીને શયખ સાહબને પત્ર આપ્યો. ખોલીને વાંચ્યો પછી સિજદામાં માથુ રાખીને જાન આપી દીધી. અંદરથી અવાજ આવ્યો કે શયખ બહાઉદ્દીન દોસ્તને જઈને મળી ગયા. એ વખતે શયખુલ ઈસ્લામ ના'રો મારીને બેહોશ થઈ ગયા અને બેહોશીમાં અવાજ આવ્યો કે અમારું પણ આવું જ થશે.

### હજારો બીમારોને શિફા મળી

પછી શયખ સઅદુદ્દીન હમ્વિયહની વાત શરૂ થઈ, તો ફર્માવ્યું કે શયખ સાહબ ખૂબ જ બુઝુર્ગ હતા. એક

શહેરમાં એક મસ્જિદમાં થોડાક દિવસ રોકાયા. એ શહેરના મુસલમાનોમાં બીમારીનું ઘણુ જોર હતું. જ્યારે આપે આ પરિસ્થિતિ જોયી તો હુકમ આપ્યો કે જે બીમાર હોય તેને મારી પાસે લાવો. સર્વ બીમારોને લાવવામાં આવ્યા. શયખ સાહબે પોતાનો દસ્ત મુબારક ફેરવ્યો તો કેટલાયે હજાર બીમારોને શિફા મળી ગઈ. પછી ત્યાંથી ગઝની આવ્યા તો તો ત્યાં પણ અમુક બીમારો હતા જેઓ આપના દસ્તે મુબારકની બરકતથી સાજા થઈ ગયા.

ત્યારબાદ ઓચા પહોંચ્યા. જે દિવસે ઈન્તેકાલ થવાનો હતો તે દિવસે સાથીઓ સાથે જંગલ જઈને કિબ્લા રુખ થઈને સૂરએ બકરહ પઢવાની શરૂ કરી અને ઈશ્રાક સુધી સર્વ કુર્આન ખત્મ કર્યુ અને સજદામાં પડીને જાન આપી દીધી. આપે અશ્રુમય આંખે આ શેઅર પઢયો :–

"તમારી ગલીમાં આશિકો એ રીતે જાન આપી દે છે કે એ જગાએ મલકૂલ મૌત પણ નથી પહોંચી શક્તા !"

ત્યારબાદ ફર્માવ્યું કે શયખ સૈફુદ્દીન બાખઝરી رحمۃ اللہ علیہની એ આદત હતી કે જ્યાં નમાઝ અદા કરતા ત્યાં સૂઈ રહેતા, જ્યારે રાતનો ત્રીજો હિસ્સો પસાર થઈ જતો તો ઉઠતા. ઈમામ તથા મોઅઝ્ઝિન મૌજૂદ રહેતા, પછી ઈશાની નમાઝ અદા કરીને આખી રાત જાગતા રહેતા. આપનું જીવન આ જ હાલતમાં પસાર થઈ ગયું.

## એક ખ્વાબની તઅબીર

ત્યારબાદ ફર્માવ્યું કે બુખારાના એક શખ્સે ખ્વાબમાં જોયું કે બુખારાના દરવાજેથી એક સળગતી શમ્અ બહાર લઈ જવામાં આવી રહી છે. જાગીને એક બુઝુર્ગથી તા'બીર પૂછી તો ફર્માવ્યું કે અહીંથી કોઈ સાહિબે નેઅમત (બુઝુર્ગ હસ્તી) ઈન્તેકાલ કરી જશે.

પછી ફર્માવ્યું કે શયખ સૈફુદ્દીન બાખરઝીએ પોતાના પીરને ખ્વાબમાં જોયા જે ફર્માવે છે કે હવે ઈશ્તિયાક (આતુરતા) અધિક થઈ ગયો છે. એ અઠવાડિયામાં સતત કહેતા રહ્યા, અને એમાં વિરહ તથા દુનિયાના લોકોને વિદાયનો ઉલ્લેખ હતો. સૌ આશ્ચર્યમાં હતા કે શું કહે છે ? પછી હાજરજનોને સંબોધતાં ફર્માવ્યું, મુસલમાનો ! જાણી લો કે મારા પીરે મને ખ્વાબમાં બોલાવ્યો છે જેથી હું જાઉં છું ! એવું કહીને નીચે ઉતર્યા, ઘરે આવ્યા તો એ જ રાતે ઈન્તેકાલ થઈ ગયો. સર્વ લોકો બેઠેલા હતા અને મશાલ સળગી રહી હતી. શયખ સૈફુદ્દીન ફિરાકમાં હતા. રાતનો એક પહોર પસાર થયો એવામાં એક શણ પહેરેલ બુઝુર્ગ આવ્યા અને સફરજન પેશ કર્યુ. જેવું હાથમાં લઈને સૂંઘ્યું અને અલ્લાહને પ્યારા થઈ ગયા. ત્યારબાદ શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે આ શેઅર કહ્યો જેનો અર્થ ઉપર દર્શાવેલો છે.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે શયખ બદરુદ્દીન ગઝનવી તથા મૌલાના ઈસ્હાકને હુકમ આપ્યો કે તમે પણ આ શેઅર કહો જેથી આપણે ઝુમીએ. ત્રણ દિવસ સુધી બેખુદીની હાલતમાં રહ્યા પછી હોશમાં આવ્યા. اَلْحَمْدُ اللّٰہِ عَلٰی ذٰلِکَ


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**


**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** (ગુજરાતી તર્જુમા સાથે)

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : રૂા. ૪૫૦/– (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ, ગુજરાત,
ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## હજ્જે બદલનું બયાન

હજ્જે બદલ માટે કેટલીક શરતો છે: **(૧)** જે હજ્જે બદલ કરાવે છે તેના પર હજ ફર્ઝ હોવી (એટલે કે જો હજ ફર્ઝ ન હતી તેમ છતાં હજ્જે બદલ કરાવી તો હજનો ફર્ઝ અદા થયો નહીં. પરિણામે જો પાછળથી એના પર હજ ફર્ઝ થાય તો આ હજ્જ એના માટે પૂરતી ગણાશે નહીં બલ્કે જો શક્તિ ન હોય તો (મજબૂર હોય તો) ફરી વાર હજ્જે બદલ કરાવે અથવા શક્તિ હોય તો પોતે હજ કરવી) **(૨)** જેના તરફથી હજ કરવામાં આવે તે આજિઝ હોવો જોઈએ (અર્થાત તે પોતે હજ અદા કરી શકે એમ ન હોય. જો જાતે હજ કરી શકે એમ હોય તો એના તરફથી (હજ્જે બદલ) થઈ શકશે નહીં. જો પાછળથી આજિઝ થઈ ગયો હોય, પરિણામે જ્યારે તે વખતે આજિઝ ન હતો પણ પાછળથી આજિઝ થઈ ગયો તો બીજી વાર હજ કરાવે.) **(૩)** હજના વખતથી (ફર્ઝ થયા પછીથી) મરતા સુધીમાં બહાનું (કારણ) બાકી રહેવા પામ્યું હોય. જો વચમાં જાતે કરી શકે એવી હાલત પેદા થઈ જાય તો પહેલે જે હજ કરાવી ચૂકયા તે પૂરતી ગણાશે નહીં. હા ! જો તે કોઈ એવું બહાનું (કારણ) હતું કે જે દૂર થવાની કોઈ શકયતા જ નહોતી પરંતુ ઈત્તેફાકન દૂર થઈ ગયું તો પહેલી હજ જે એના તરફથી કરવામાં આવી હતી તે પૂરતી ગણાશે. જેમ કે તેને આંખે દેખાતું ન હતું (આંધળો હતો) અને હજ કરાવ્યા પછી આંખે દેખતો થઈ ગયો. તો હવે ફરીવાર હજ કરાવવાની જરૂરત નથી. **(૪)** જેના તરફથી હજ કરવામાં આવે તેણે હુકમ આપેલો હોવો જોઈએ. (એટલે કે એના હુકમ વગર થઈ શકશે નહીં. હા ! વારસદારે મૂરિષ (જેનો વારસદાર છે તે)ની તરફથી (બદલામાં) હજ કરી તો એમાં હુકમની જરૂરત નથી. **(૫)** જેના તરફથી હજ કરવામાં આવે તેના માલમાંથી જ ખર્ચ થવો જોઈએ. **(૬)** જેને હુકમ આપવામાં આવ્યો હોય તે જ હજ કરે (બીજાની પાસે હજ કરાવી તો હજ ના થઈ. અલબત્ત, જો મર્હૂમે પોતે વસિયત કરી હોય કે મારા તરફથી ફલાણો આદમી હજ કરે અને તે આદમી મરી ગયો અથવા તે ના પાડે તો બીજા પાસે હજ કરાવી લો તો જાઈઝ છે.) *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)* **(૭)** હજ માટે સવારી પર જવું. (પગપાળા હજ કરશે તો થશે નહીં. સવારીમાં જે ખર્ચ થાય તે આપવો પડશે. હા ! અગર ખર્ચની રકમમાં ઘટ પડી તો પગપાળા પણ થઈ શકશે. સવારીનો મતલબ એ છે કે મોટા ભાગનો રસ્તો સવારી પર પસાર થયો હોય.) **(૮)** એના વતનથી હજ માટે જવું **(૯)** જો એણે એ બાબતનો હુકમ આપ્યો હોય તો મિકાતથી એહરામ બાંધવું **(૧૦)** એની (જેના તરફથી હજ કરે છે) નિયત કરીને હજ કરે. (બેહતર એ છે કે ઝબાનથી જ **"લબ્બૈક અન ફુલાનિન"** કહે. જો એનું નામ ભૂલી ગયો તો નિયત કરે કે જેણે મને મોકલ્યો છે તેના તરફથી હજ કરું છું.)

આ બધી શરતો સિવાય બીજી કેટલીક શરતો પણ છે જેનું આગળ પ્રસંગોપાત વર્ણન કરવામાં આવશે. ઉપર જણાવેલી તમામ શરતો ફર્ઝ હજ્જે બદલ માટેની છે. નફ્લ હજ હોય તો કોઈ શરત નથી. *(રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા :** બે માણસોએ એક જ માણસને

હજ્જે બદલ માટે મોકલ્યો અને તેણે એક જ હજમાં બન્નેના તરફથી લબ્બૈક કહી તો બન્નેમાંથી કોઈની પણ હજ થઈ નહીં. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : જેના પર હજ ફર્ઝ થઈ હોય અથવા કઝા કે કોઈ મન્નતની હજ અદા કરવાની જવાબદારી એના શિરે હોય અને મોતનો વખત આવી જાય તો વસિયત કરીને જવું વાજિબ છે. *(મનસક, બહાર)*

**મસ્અલા** : જેના પર હજ ફર્ઝ (થઈ) છે, તેણે હજ અદા ન કરી તેમજ કોઈ વસિયત પણ ન કરી તો ગુનેહગાર છે. જો વારસદાર એના બદલે હજ્જે બદલ કરાવવા માગે તો કરાવી શકે છે. ઈન્શાઅલ્લાહુ તઆલા ઉમ્મીદ છે કે (હજ) અદા થઈ જશે અને જો વસિય્યતમાં ત્રીજા ભાગના માલની વાત ન કરી હોય તો પણ. દા.ત. ફકત એવું કહીને ગુજરી ગયો કે મારા તરફથી હજ્જે બદલ કરાવવામાં આવે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલા** : ત્રીજા ભાગના માલની ગણતરી (માપ) એ છે કે વતનથી લઈને હજનો પૂરો ખર્ચ જો આવી રહેતો હોય તો વતનમાંથી જ આદમી મોકલવો, નહીંતર મિકાતની બહારથી જ્યાંથી ત્રીજા ભાગના માલથી મોકલી શકાતો હોય (ત્યાંથી મોકલે). એ જ પ્રમાણે વસિયતમાં જો રકમનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તો તે રકમથી જો ત્યાંથી મોકલી શકાતો હોય તો મોકલે નહીં તો જ્યાંથી મોકલી શકાય એમ હોય ત્યાંથી મોકલે અને જો ત્રીજા ભાગનો માલ અથવા તો વસિયતમાં જણાવેલ રકમથી મિકાતની બહારની કોઈ પણ જગ્યાએથી હજ કરવામાં પૂરતી ન આવી રહેતી હોય તો વસિયત બાતિલ થશે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : કોઈ માણસ હજ કરવા માટે નીકળ્યો અને રસ્તામાં અથવા તો મક્કા મોઅઝ્ઝમામાં અરફાતના રોકાણ પહેલાં જ ગુજરી ગયો તો જો એના પર હજ તે સાલ જ ફર્ઝ થઈ હતી તો વસિયત વાજિબ નથી અને જો અરફાતના રોકાણ બાદ ગુજરી ગયો તો હજ થઈ ગઈ. જો ફર્ઝ તવાફ બાકી રહ્યો હોય અને વસિયત કરી ચૂકયો હોય તેમ છતાં જો એવા માણસને મોકલવામાં આવશે કે જે પોતે હજ પઢયો (કરી) નથી તો પણ હજ્જે બદલ થઈ જશે અને જેના પર હજ ફર્ઝ થઈ ચૂકી છે અને તેણે હજ પઢી નથી (અદા કરી નથી) તેવા માણસને (હજ્જે બદલ માટે) મોકલવો મકરૂહે તહરીમી છે. *(હિંદિયા, મનસક, બહાર)*

## હદીનું બયાન

હદી તે જાનવરને કહે છે જેની કુર્બાની કરવા માટે હરમમાં લઈ જવામાં આવે. આ જાનવરોના ત્રણ પ્રકાર છે : **(૧)** શાત અર્થાત બકરી, ભેળ, દુમ્બા **(૨)** બકર અર્થાત ગાય, ભેંસ **(૩)** ઊંટ. હદીનો નાનામાં નાનો દરજ્જો બકરી છે. તો જો કોઈએ હરમમાં કુર્બાની મોકલવાની નિયત કરી હોય અને કોઈ ખાસ પ્રકારની નિયત ન કરી હોય તો બકરી પૂરતી છે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : કુર્બાનીના જાનવરમાં નર અને માદા માટે એક જ પ્રકારનો હુકમ છે. જે રીતે નરની ઈજાઝત છે એ જ રીતે માદાની પણ ઈજાજત છે.

**મસ્અલા** : કુર્બાનીના જાનવર માટે જે શરતો છે તે જ શરતો હદીના જાનવરને પણ લાગુ પડે છે. જેમ કે ઊંટ ઓછામાં ઓછું પાંચ વર્ષનું હોવું જોઈએ. ગાય, ભેંસ ઓછામાં ઓછી બે વર્ષની હોય અને બકરી કમસે કમ એક વરસની હોય પરંતુ ઘેટુ જો છ મહીનાનું હોય છતાં એક વર્ષની ઉંમર બરાબરનો લાગતો હોય તો થઈ શકે છે. ઊંટ અને ગાયમાં અહીં પણ સાત આદમી શરીક થઈ શકે છે. (સાત ભાગ દાખલ થઈ શકે છે) *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : હદી (કુર્બાનીનું જાનવર) જો કિરાન અથવા મુતમત્તેઅ તરફથી છે તો એમાંથી થોડું ખાવું બેહતર છે. એ જ રીતે જો હદી નફ્લ હોય અને હરમમાં પહોંચી ગયું છે તો (થોડું ખાવું બેહતર છે) અને જો હરમમાં ન પહોંચ્યું હોય તો પાતે ખાય શકતો નથી. (એ) ફકીરોનો હક છે જે હદીનો ગોશ્ત પોતે ખાય શકે છે તેમાંથી માલદારોને પણ ખવડાવી શકાય છે અને જે ગોશ્તને (પોતે ખાય શકતો નથી તેના ચામડાનો પણ ઉપયોગ કરી શકશે નહીં *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : કિરાન તથા તમત્તુઅની કુર્બાની ૧૦મી ઝિલ્હજથી પહેલાં થઈ શકતી નથી. જો દસમી પછી કરવામાં આવશે તો થઈ જશે, પરંતુ દમ આપવો પડશે. એટલા માટે કે મોડું કરવું જાઈઝ નથી. આ બે (કિરાન, તમત્તુઅ) સિવાય બીજા કોઈને માટે દિવસ મુકર્રર નથી. પરંતુ બેહતર દસમી છે. બધા માટે હરમમાં હોવી જરૂરી છે. મિનાની ખુસૂસિયત નથી. હા ! અગર જો દસમી તારીખે હોય તો મિનામાં હોવી સુન્નત છે અને દસમી તારીખ પછી મક્કામાં. મન્નતના બદનહ્ માટે જો હરમ શરીફનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય તો હરમમાં ઝબહ કરવું શર્ત નથી. *(દુર, દર્દ, હિંદિયા, બહાર)*

**મસ્અલા** : હદીનો ગોશ્ત હરમના ફકીરોને આપવો બેહતર છે. એની નકેલ (લગામ) અને ઝૂલની ખૈરાત કરવી અને ખાટકીને (કુર્બાની ઝબહ્ કરનાર) એના ગોશ્તમાંથી કંઈ પણ આપવો નહીં. હા ! એને સદકા તરીકે દેવામાં વાંધો નથી. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : હદીના જાનવર પર જરૂરત વગર સવાર થવું, સામાન લાદવો જાઈઝ નથી અને જો જરૂરતના કારણે એમ કરવામાં આવ્યું જેનાથી જાનવરમાં જો કોઈ ખોડ–કમી આવી તો એટલો મોહતાજીનો સદકો કરવો. *(હિંદિયા)*

**મસ્અલા** : હદીના જાનવરનું દૂધ દોહવું નહીં અને જો કોઈ મજબૂરીના કારણે દોહવામાં આવ્યું તો તે દૂધ ફકીરોને આપી દેવું અને જો (દૂધ) દેવામાં ન આવ્યું તો એટલું જ દૂધ અથવા એની કિંમતનો સદકો કરી ફકીરોને આપી દેવો. *(હિંદિયા, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જો જાનવરે બચ્ચાને જન્મ આપ્યો તો એનો સદકો કરી દે અથવા તો તેને પણ એની સાથે ઝબહ કરી દે. જો બચ્ચાને વેચી દેવામાં આવ્યું યા હલાક કરવામાં આવ્યું તો કિંમતનો સદકો કરી આપે. જો એની કિંમતમાંથી કુર્બાનીનું જાનવર ખરીદવામાં આવ્યું તો બેહતર છે. *(હિંદિયા)*

**મસ્અલા** : જો ભૂલથી એણે બીજાનું જાનવર ઝબહ કરી દીધું અને બીજાએ એનું જાનવર ઝબહ કરી નાખ્યું તો બન્નેની કુર્બાનીઓ થઈ ગઈ. *(મનસક, બહાર)*

**મસ્અલા** : જાનવરને હરમમાં લઈ જવામાં આવતું હતું અને રસ્તામાં મરવા લાગ્યું તો એને ત્યાં જ ઝબહ કરી દેવું. લોહીથી ગળાનો ભાગ (ગરદન) રંગી દેવું અને પીઠના ટોળાના ભાગ પર ખૂનનો છાપો મારી દેવો જેથી એને માલદાર લોકો ખાય નહીં. ફકીરો જ ખાય. જો એ નફ્લ (કુર્બાની) જાનવર હતું તો એના બદલામાં બીજું જાનવર લઈ જવું વાજિબ છે. જો એનામાં કોઈ એવી ખોડ આવી ગઈ કે કુર્બાનીના લાયક ન રહ્યું તો એનું જે કરવું હોય તે કરે, એના બદલામાં બીજું લઈ જવું (જો વાજિબ હોય તો). *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : જાનવર હરમમાં પહોંચી ગયું અને મરવા લાગ્યું તો એને ઝબહ કરી ફકીરોને સદકો કરી આપે. પોતે ખાવું નહીં. જો કે નફ્લ હોય તો પણ. અને જો એનામાં કોઈ એવું નુકસાન આવી ગયું (ઝખ્મી થયું) કે હજુ કુર્બાનીને લાયક રહ્યું છે તો એની કુર્બાની કરી આપે. તેને પોતે પણ ખાય શકે છે. *(હિંદિયા, બહાર)*

# ફિક્હે હનફીમાં — સમય તથા સંજોગોનો લેહાઝ

**અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા **હપ્તો છેલ્લો** **:: અનુવાદક ::**


**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદીન રઝવી**
*(સદર મુફ્તી : જામિઆ અશ્રફિયા—મુબારકપુર)*

**હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*


## (૧૧) પેન્ટ, શર્ટ, કોટ, પાટલૂન પહેરવું સખત હરામ, પરંતુ હવે....?

આજથી લગભગ ૧૨૦ વર્ષ પહેલાં ૧૭ જમાદીઉલ આખર હિ.સ. ૧૩૧૩ના રોજ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફત્વો જારી કર્યો હતો :—

"અંગ્રેજી પોશાકના કપડાં પહેરવાં **હરામ, સખત હરામ** અને તેને પહેરીને **નમાઝ (પઢવી) મકરૂહે તહરીમી,** હરામથી નજીક, વાજિબુલ ઈઆદા (જેને **દોહરાવવી વાજિબ**), (ત્યાં સુધી) કે જાઈઝ કપડાં પહેરીને ન લોટાવે તો ગુનેહગાર, અઝાબને પાત્ર (છે)." *(ફતાવા રઝવિય્યહ્, ૩/૪૨૨, ૪૨૩)*

ફકીહે બેમિષાલના ફત્વાના તેવરને જુઓ કે અંગ્રેજી પહેરવેશનાં કપડાં, પેન્ટ, શર્ટ, કોટ, પાટલૂન પહેરવું ન માત્ર હરામ બલ્કે સખત હરામ, બલ્કે ઘણુ જ સખત હરામ છે.

હવે આજના યુગની પરિસ્થિતિ જુઓ અને વિચારો કે શું આજે તેના પર કોઈ અમલ કરે છે ? એને કોઈ હરામ કહે છે ?!

આજે તો સામાન્ય રીતે મુસ્લિમ જગત આ પહેરવેશને સારો સમજીને પહેરે છે અને પોતાની ઔલાદને પહેરાવે છે. અને ક્યારેય પણ તેમના મગજમાં એ ખયાલ નથી આવતો કે આ લિબાસ સખત હરામ અથવા નાજાઈઝ અથવા મકરૂહ પણ છે ! બલ્કે કેટલાયે ઠેકાણે તો ઓલમા પણ આ લિબાસ પહેરે છે અને તેમને તેના હરામ હોવાનો વિચાર તો દૂર મકરૂહ હોવાનો ખયાલ પણ નથી આવતો. અને આજના કોઈ આલિમ, મુફ્તી, ફકીહ તથા કાઝીના વિશે હું (મૂળ લેખક) નથી જાણતો કે જેઓએ અંગ્રેજી લિબાસને હરામ તથા નાજાઈઝ ઠરાવ્યો હોય !

તો શું આ'લા હઝરત رحمۃ اللہ علیہના ફત્વાથી તમામ ઓલમા તથા અવામ ફરી ગયા ?! અથવા તેઓ ફત્વાના વિરોધી બની ગયા ?!!

અલ્લાહની પનાહ ! એવું હરગિઝ નથી ! આવી સોચ કોઈ આમ વ્યક્તિની હોઈ શકે છે, પણ કોઈ આલિમની નહીં. કેમ કે એક આલિમ હકીકત સારી રીતે જાણે છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આજથી સવા સો વર્ષ પહેલાં જ્યારે અંગ્રેજી પહેરવેશના કપડાંને સખત હરામ ઠરાવ્યાં હતાં ત્યારે તે કપડાં અંગ્રેજોની ખાસ ઓળખ હતી. તે લોકો પોતાના આ પ્રકારના લિબાસથી ઓળખવામાં આવતા હતા અને ગૈર કૌમની ખાસ ઓળખને પસંદ કરીને અપનાવવું સખત હરામ બલ્કે ક્યારેક તો કુફ્ર પણ થઈ જાય છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૯માં તેની સ્પષ્ટતા છે.

પરંતુ આજે આ લિબાસ (પહેરવેશ) અંગ્રેજોની ઓળખ નથી રહ્યો, સામાન્યતઃ આખા જગતના લોકો આ લિબાસને અપનાવે છે અને હવે આ કોઈ ખાસ કૌમની પેહચાન નથી રહ્યો. ટૂંકમાં એ કે જે આધાર

પર ફતાવા રઝવિય્યહ્માં તેને હરામ, સખત હરામ ઠરાવવામાં આવ્યો હતો તે આધારો આજે બાકી નથી રહ્યા, એટલા માટે કોઈ પણ હક઼ીક઼ત જાણનાર આલિમ આજે તેને હરામ નહીં કહી શકે. તો આજે જો મુસલમાનોના આ લિબાસને અપનાવવા પ્રત્યે ઓલમા તથા ફુક઼હા ખામોશ છે તો તેનો મતલબ એ નથી કે તેઓ તબ્લીગ તથા અમ્ર બિલ મઅરૂફની જવાબદારી નથી નિભાવી રહ્યા બલ્કે તેનું મૂળ કારણ એ છે કે સંજોગોના બદલાઈ જવાથી હુકમ પણ બદલાય ગયો છે.

## (૧૨) વસ્તુઓના ઉત્પાદન પહેલાં તેની લે વેચનો હુકમ

જે વસ્તુઓ ફર્માઈશ (ઓર્ડર) કરીને બનાવવામાં આવે છે અને તેના બનતા પહેલાં જ તેની ખરીદી થઈ જાય છે, શું તે જાઈઝ છે કે ફાસિદ ?

આ વિષયમાં શરીઅતનો હુકમ એ છે કે જો આ જ પ્રમાણે એ વસ્તુઓની લે વેચ સામાન્યપણે થતી હોય અને તેના પર લોકોનો અધિક અમલ હોય અને વસ્તુ લેવા દેવાની મુદ્દત બે, ચાર, દસ દિવસ હોય અથવા તેથી વધુ હોત તો પણ એક મહિનાથી ઓછી હોય તો આ પ્રકારની લે વેચ જાઈઝ દુરૂસ્ત છે. આવી લે વેચને "બયએ ઈસ્તિષનાઅ્" એટલે કે ફર્માઈશી લે વેચ કહેવામાં આવે છે. અને જો સામાનની લેવડ દેવડની મુદ્દત એક મહિનો અથવા તેથી વધુ હોય તો "બયએ સલમ" (ઉધાર લે વેચ)ની તમામ શરતોનું હોવું જરૂરી છે. નહીં તો આ લે વેચ ફાસિદ તથા નાજાઈઝ થશે. હન્ફી ફુક઼હાનો આ જ મઝહબ છે. અને ફક઼ીહે બેમિષાલ આ'લા હઝરત رحمۃ اللہ علیہનો પણ આ જ ફત્વો છે.

પરંતુ તેના વિરુદ્ધમાં શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, બરેલી શરીફે સખત હરજ (મોટો વાંધો) દૂર કરવા માટે તેવી લે વેચને જાઈઝ તથા દુરૂસ્ત ઠરાવી છે અને ઈમામે આ'ઝમના મઝહબને છોડીને સાહિબૈન (હઝરત ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ મુહમ્મદ)ના મઝહબ પર અમલ કરવાની ઈજાઝત આપી. તેનું કારણ એના સિવાય શું હોય શકે કે સંજોગોના પરિવર્તનથી હુકમ બદલાય ગયો છે. હવે શરઈ કાઉન્સિલનો અસલ ફૈંસલો વાંચો :–

### લે વેચના આધુનિક તરીક઼ાની શરઈ હૈસિયત

વેપારના આધુનિક તરીક઼ા હેઠળ આ મસ્અલો ચર્ચાનો વિષય બન્યો કે વસ્તુના ઉત્પાદન પહેલાં તથા તેના પર કબજો કર્યા પહેલાં જે તેને વેચવા તથા ખરીદવાનો અમલ વેપારીઓમાં સામાન્યતઃ પ્રચલિત થઈ ગયો છે કે એક વ્યક્તિ બીજાને વસ્તુ તૈયાર કરવાનું કહી તેને ખરીદી લે છે, જ્યારે કે વસ્તુ અસ્તિત્વમાં પણ નથી આવી અને તે બીજાને વેચી આપે છે. જ્યારે કે હજુ તે વસ્તુનું ઉત્પાદન પણ નથી થયું અને તેના પર કબજો પણ નથી મેળવ્યો. અને એ જ પ્રમાણે તે બીજી વ્યક્તિ ત્રીજીને ત્રીજી ચોથીને (વેચી આપે છે) તેમાં સવાલ એ છે કે આ પ્રમાણેની લે વેચ બૈઅ્ (ખરીદ વેચાણ)ના કયા પ્રકારમાં દાખલ થશે ?

(૧) એ નક્કી થયું કે પ્રથમ ખરીદ વેચાણ ઈસ્તિષનાઅ્ (ફર્માઈશી લે વેચ) છે. અને તે **લોકોના અધિક્તર અમલના કારણે જાઈઝ છે.** આથી જે જે વસ્તુઓમાં આ પ્રકારનું ખરીદ વેચાણ પ્રચલિત થઈ ગયું છે તે જાઈઝ છે. અને અહીંયાં લોકોના અધિક્તર અમલના કારણ બનવા માટે એ જ કાફી છે કે તેનો રિવાજ થઈ ગયો હોય તથા જાણ થયા બાદ ઓલમાએ તેને નકારી ન હોય.

ઉપરોક્ત ફર્માઈશી ખરીદ વેચાણમાં ઘણીવાર એક મહિનાની અથવા એથી વધુની મુદ્દત રાખવામાં આવે છે. જે ઈમામે આ'ઝમના મઝહબ મુજબ તે ફર્માઈશી બૈઅ્ના બદલે "સલમ" (ઉધાર લે વેચ) થઈ જાય છે. અને તેમાં લેવડ દેવડના સહી થવા માટે ઉધાર ખરીદ વેચાણની તમામ શરતો જરૂરી છે. અને સાહિબૈનના મઝહબ મુજબ એક મહિનો અથવા તેથી વધુની મુદ્દત જલ્દી કરવા માટે હોય, ન કે શરત રૂપે. તો શું આ મસ્અલામાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہના

કૌલથી વિરુદ્ધ કરવું યોગ્ય છે ?! જો યોગ્ય હોય તો ક્યા આધારે ?

(૨) સર્વ સંમતિથી એ નક્કી થયું કે ફર્માઈશી ખરીદ વેચાણમાં એક મહિના અથવા તેથી વધુની મુદ્દત રાખવી ઈસ્તિઅ્જાલ (જલ્દી કરવા) માટે છે જે સાહિબૈન رحمۃ اللہ علیہم اجمعین નો કૌલ છે. આ મસ્અલામાં ઈમામે આ'ઝમના કૌલથી વિરુદ્ધ કરવું (ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ છોડીને તેમના બે ખાસ શાગિર્દોના કૌલને અપનાવવો) સખત હરજ (પરેશાની, અડચણ)ને દૂર કરવા માટે છે." *(સુન્ની દુન્યા માસિકનો ફિક્હી સેમિનાર અંક : ૮૩)*

ઉપર ઉપરની નજરથી જોવામાં આવે તો આ ફેંસલો સિરાજુલ ઉમ્મહ ઈમામે આ'ઝમના મઝહબથી વિરુદ્ધ છે. અને છેલ્લા દૌરના હનફી મઝહબના બેમિષાલ ફકીહ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ના ફત્વાથી પણ વિરુદ્ધ છે, ત્યાં સુધી કે બહારે શરીઅતથી પણ વિરુદ્ધ છે. પરંતુ સખત હરજને દૂર કરવા માટે આ ફેંસલો કરવામાં આવ્યો છે જેથી તે સર્વેના મુવાફિક છે. કેમ કે **હાલાતના બદલાય જવાથી આ હુકમ બદલાયો છે** અને સખત હરજના કારણે સાહિબૈનના મઝહબ મુજબ ફેંસલો આપવો હકીકતમાં ઈમામે આ'ઝમના મઝહબ પર જ અમલ કરવો ગણાય. આ રીતે આ (ફેંસલો) આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના વિરુદ્ધ પણ ન થયો. વાત દરેક સ્થિતિમાં આ પ્રમાણે ઈન્સાફ તથા ન્યાયની થવી જોઈએ. જેથી હાલાતે ઝમાના પર નજર રાખનારા ફુકહા જ્યારે આ પ્રમાણેનો કોઈ ફેંસલો કરે તો તેનો આવકાર તથા સ્વીકાર કરવો જોઈએ.

## (૧૩) અમાનતમાં ખયાનત તંગહાલ માટે જાઈઝ

હદીષે પાકમાં છે કે હુઝૂર સૈયદે આલમ رحمۃ اللہ علیہ એ ઈર્શાદ ફર્માવ્યો : "મુનાફિક્ની ત્રણ નિશાનીઓ છે : (૧) જ્યારે વાત કરે તો જૂઠુ બોલે. (૨) વાયદો કરે તો તેને પૂરો ન કરે. (૩) અને જ્યારે તેની પાસે અમાનત રાખવામાં આવે તો ખયાનત કરે. *(સહીહ મુસ્લિમ, ૫૬–૨)*

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"અમાનત રાખેલ વસ્તુ (સામાન)માં તેને (જેની પાસે અમાનત રાખેલ છે તેને) ફેરફાર કરવો હરામ છે. આ તે સ્થિતિઓમાં છે જેમાં દિરહમો તથા દીનારો (સોના ચાંદીના રૂપિયા) નક્કી થાય છે. તેને જાઈઝ નથી કે આ રૂપિયાના બદલામાં બીજો રૂપિયો રાખી દે ભલે ને તે (રૂપિયો) તેવો જ હોય, જો (આમ) કરશે તો અમીન નહીં રહે અને તાવાન (બદલો) આપવો પડશે." *(ફતાવા રઝવિય્યહ, ૮/૩૧)*

"ઝકાત આપનારે વકીલને ઝકાતના રૂપિયા આપ્યા...... અને વકીલે પહેલાં તે રૂપિયાને ખર્ચી કાઢયા. બાદમાં પોતાના રૂપિયા ઝકાતમાં આપ્યો તો ઝકાત અદા ન થઈ. આ તબર્રુઅ્ (નફલી ખૈરાત) છે. અને મુઅક્કિલ (અસલ ઝકાત આપનાર)ને તાવાન (બદલો) આપશે." *(બહારે શરીઅત, પેજ : ૨૦, ભાગ : ૫, દુર્રે મુખ્તાર તથા શામીના હવાલાથી)*

હવે શરઈ કાઉન્સિલ (બરેલી શરીફ)ના સ્થાપકો તથા તેના ફૈસલ બોર્ડના અહમ સભ્યો આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના બવાસ્તા જાનશીન હઝરત અલ્લામા અખ્તર રઝાખાં અઝહરી સાહબ કિબ્લા دام ظلہ العالی તથા હુઝૂર સદરુશ્શરીઅહ્ના જાનશીન હઝરત મુહદ્દિષે કબીર સાહબ કિબ્લા دام ظلہ العالی નો ફેંસલો વાંચો અને પોતે ફેંસલો કરો કે અહકામ પર સંજોગોનો લીધે ફેર પડયો કે નહીં ?! ફેંસલો આ પ્રમાણે છે :–

"જો ઉપરોક્ત ઝકાત વસૂલ કરનાર હકીકતમાં તંગીમાં પડી જાય તો તે (વસૂલ કરનાર, સફીર) વસૂલ થયેલ રકમમાંથી જરૂરત મુજબ કર્ઝ લઈ શકે છે, જો બીજો કોઈ રસ્તો ન હોય તો. અને તેના પર વાજિબ છે કે માગણીના સમયે અટલો જ માલ સંસ્થાના સંચાલકને આપી દે. અને જેમ કે તેને (વસૂલ કરનારને) સ્પષ્ટ રીતે અથવા ઉર્ફના આધારે

અમાનતના માલમાં ફેરફાર કરવાનો અધિકાર છે. તે તેનું કર્ઝ લેવું જાઈઝ છે.

પરંતુ જો તે પોતાના માટે ખર્ચ કરવા માટે કર્ઝ લઈ રહ્યો છે જેથી તેમાં તંગી શરત છે તો તંગી જેટલાથી દૂર થઈ જાય એટલો જ માલ લે તેનાથી વધુ લેવાની તેને ઈજાઝત નથી. *(સુન્ની દુન્યા માસિકનો ફિક્હી સેમિનાર અંક, શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, પેજ : ૯૦)*

શું આ બુઝુર્ગોએ આ'લા હઝરત તથા સદરુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہماથી ઈખ્તેલાફ કર્યો અથવા ફરી ગયા ? જવાબ તે જ છે જે વાંરવાર ગુજર્યો કે તેમણે ન ઈખ્તિલાફ કર્યો છે ન તો તેઓ ફરી ગયા છે. બલ્કે પોતાના રીતે તેઓએ સંજોગો સાથે ન્યાય કર્યો છે. કેમ કે જે સાત આધારોને લઈને શરઈ અહકામમાં નરમી તથા લચક આવે છે તેમાંનો એક આધાર (કારણ) અહીંયાં તે હઝરતો એ માન્ય રાખ્યો છે. એટલે કે જરૂરત અથવા હાજત તંગી પોતાના અલગ અલગ પ્રકારોના લેહાઝથી હાજતના દરજામાં પણ જઈ શકે છે અને જરૂરતના દરજામાં પણ.

હા ! એ વાત પર નઝરેષાની (ફેર વિચારણા) થવી જોઈએ કે વકીલને પોતાની જરૂરત પૂરી કરવા માટે સ્પષ્ટ રીતે અથવા ઉર્ફના આધારે અમાનતના માલમાં ફેરફાર કરવાનો અધિકાર પ્રાપ્ત છે. હિંદુસ્તાનમાં ઝકાત વસૂલ કરનારને ઝકાતની રકમ પોતાના પર ખર્ચ કરવા માટે નથી આપવામાં આવતી. બલ્કે સુરક્ષિત રીતે મદ્રસા સુધી પહોંચાડવા માટે આપવામાં આવે છે. તેમ છતાં મને (મૂળ લેખકને) તેનાથી કોઈ ગરજ નથી કે ઉર્ફ શું છે ? હું તો માત્ર એ સ્પષ્ટ કરવા માગું છું કે એક શરઈ કારણના આધારે શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ ફતાવા રઝવિય્યહ્ તથા બહારે શરીઅતની વિરુદ્ધ કર્યું છે. તેનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે ફિક્હે હનફીમાં સંજોગોની રિઆયત તથા તેનો લેહાઝ આજે પણ થઈ રહ્યો છે.

આ ફતાવા રઝવિય્યહના ૧૨ મસાઈલ છે તેની તેહકીક્ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવી અને તેને ફત્વાઓ માટે અપનાવ્યા.

પરંતુ બાદના ઓલમાએ તથા ફુક્હાએ જેઓ આપના જ ઈલ્મી દસ્તરખ્વાનથી ફૈઝયાબ થયા અને હજુ પણ થાય છે, પરિસ્થિતિઓના બદલાય જવાથી તેમના વિરુદ્ધ અહકામ સાદિર ફર્માવ્યા અથવા તેના વિરુદ્ધ ઉમ્મતનો સાધારણ અમલ જોયા પછી પણ તેનાથી મનાઈ ન ફર્માવી બલ્કે પોતે પણ તમામ ઉમ્મતના અફરાદ સાથે અમલ કરવામાં શરીક થઈને તેના જાઈઝ હોવા તરફ ઈશારો ફર્માવી આપ્યો. જેમ કે ઘરોમાં, મસ્જિદોમાં ઈલેકટ્રિક લાઈટ તથા પંખા લગાડવા, અધિક્તર મુસલમાનોનું કોટ, પાટલૂન, પેન્ટ, શર્ટ પહેરવું. આ બધું એ જ કારણે થયું કે સંજોગો બદલાય રહ્યા છે અથવા બદલાય ચૂક્યા છે જેથી વિચારણા થવી જોઈએ અને જો હાલાતના પરિવર્તનથી હુકમનો આધાર બદલાય જવાનું યક્રીન થઈ જાય તો ઉમ્મતને તે બદલાયેલા હુકમથી આગાહ કરી દેવી જોઈએ.

એટલા માટે આ આ'લા હઝરત رحمۃ اللہ علیہથી ઈખ્તિલાફ તથા તેમના વિરુદ્ધ કરવું ન કહેવાય તો ઈન્સાફનો તકાઝો તો એ છે કે તમામ મુહક્કિક્ ઓલમાને એ જ દષ્ટિએ જોવા જોઈએ. અને આ કોઈ આજની બિદઅત નથી બલ્કે આ ઉમ્દા તરીક્રો સલ્ફે સાલેહિનના યુગથી ચાલતો રહ્યો છે. જેના અમુક ઉદાહરણો પ્યારા વાંચકોએ નિહાળ્યાં. તો તેમના નાઈબો જો તેમની પસંદીદા સુન્નતને અપનાવીને બદલાય ગયેલ સંજોગોમાં ઉમ્મતની બદલાય ગયેલા અહકામ તરફ રહનુમાઈ કરે છે તથા માર્ગદર્શન આપે છે તો ઈખ્લાસે ક્લ્બની સાથે તેમનો એહતેરામ કરવામાં આવે.

وما علینا الا البلاغ

**ન મન તન્હા દરીં મૈખાના મસ્તમ**
**ગિઝાલી, શિબ્લી વ અત્તાર હમ મસ્ત**

**મન આં ચે શરતે બલાગ અસ્ત બાતૂ મી ગોયમ**
**તૂ ખ્વાહ અઝી સુખનમ પંદગીર, ખ્વાહ મલાલ**

# નબી કરીમ ﷺ નું રાજ્ય કારોબારનું બંધારણ

હુઝૂર પુરનૂર આક઼ા વ મૌલા ﷺના કથનો અને આદેશો, આપના ઉસ્વએ હસના (સારા નમૂના) અને આપના લાવેલ કુર્આને મુક઼દ્દસથી એ સંદર્ભે માહિતગાર થવું અત્યંત બેહતર છે કે આપણે એ ઈલ્મનું બંધારણ સાંભળવાથી વધીને કિરદાર તથા અમલ સુધી વિકસિત કરી શકીએ. પરંતુ આ કડવી હક઼ીક઼ત છે કે આપણે વાતો કરવા અને વાતો સાંભળવાને તો પસંદ કરીએ છીએ, કદીક અભ્યાસનો "જુર્મ" પણ કરી બેસીએ છીએ ! પરંતુ પ્રાપ્ત કરેલ ઈલ્મને દિલમાં બેસાડવાની તકલીફ ઓછી જ કરીએ છીએ.

ઈસ્લામ એક સંપૂર્ણ અને પરિપૂર્ણ દીન છે. હુઝૂર ફખ્રે મૌજૂદાત સરવરે ક઼ાયનાત ﷺનાં કથનો અને કાર્યો ઈસ્લામની અમલી સૂરત છે. આક઼ા હુઝૂર ﷺએ જીવનના દરેક ક્ષેત્ર અને ઈન્સાની જીવનના દરેક પાસામાં માર્ગદર્શન ફર્માવ્યું છે. જો આપણે મુસલમાન છીએ તો આપણા માટે એ વાતની બિલ્કુલ ગુંજાઈશ નથી કે ઈબાદત તો આપણે મહબૂબે કિબ્રિયા ﷺના બતાવેલ તરીક઼ા મુજબ કરીએ અને જીવન વીતાવવાના બીજાં કામોમાં માર્ગદર્શન માટે કોઈ બીજા "મોટા"નું મોઢું જોઈએ ! આપણે ધાર્મિક બાબતોમાં તો આપની પેરવી કરીએ અને જીવિકા માટે કોઈ યહૂદી સામે હાથ ફેલાવીએ અથવા રાજનીતિમાં પશ્ચિમ તરફ મોઢું કરીએ. હુઝૂર રસૂલે અનામ ﷺ એવી સંપૂર્ણ જીવનશૈલી લાવ્યા છે જેમાં કોઈ પાસાએથી કોઈ કમજોરી નથી, જ્યાં ખામી અથવા કમીની કલ્પના જ ફોગટ છે. અને તે એવી શૈલી પણ નથી જેના કોઈ એક પાસાથી તો તમે ફાયદો ઉઠાવો અને બીજા પાસાથી નજર ફેરવી લો. તેમાંથી પોતાની મરજી અનુસારનું લઈ લો અને જે તમને પસંદ ન હોય અથવા તેમાં કોઈ કઠિનતા હોય તે છોડી દો. જેમ કે તા'લીમ, અખ્લાક઼ અને સામાજિક જીવનને તો ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશોના હેઠળ રાખવા ચાહો પરંતુ આર્થિક બાબતોના ઉસૂલ ડાસ કેપિટયાલથી માંગી લો અથવા સામાજિક ખૂબીઓ નબીએ મુહતરમ અને આપના ખુલ્ફાથી શીખી લો અને શૈક્ષણિક ક્ષેત્રે જ્ઞાન માટે મીકાલેની તરફ તાકીએ ! અથવા બાકીની જિંદગીમાં તો કુર્આન હદીષની વાતો કરતા ફરીએ, પરંતુ રાજનીતિની વાત આવે તો રાજાશાહી, અમીરપણા તથા લોકશાહીથી મહોબ્બત કરતા દેખાઈએ. ઈસ્લામનો પોતાની મરજી અને લાભ મુજબ બનાવી રજૂ કરવાની કોશિશ કરવાવાળા આવા લોકો માટે સૂરએ નિસાઅમાં ફત્વો મૌજૂદ છે :–

إِنَّ الَّذِيْنَ يَكْفُرُوْنَ بِاللّٰهِ وَ رُسُلِهٖ وَ يُرِيْدُوْنَ أَنْ يُفَرِّقُوْا بَيْنَ اللّٰهِ وَ رُسُلِهٖ
وَ يَقُوْلُوْنَ نُؤْمِنُ بِبَعْضٍ وَ نَكْفُرُ بِبَعْضٍ وَ يُرِيْدُوْنَ أَنْ يَتَّخِذُوْا بَيْنَ ذٰلِكَ سَبِيْلًاO
أُولٰئِكَ هُمُ الْكَافِرُوْنَ حَقًّا وَ أَعْتَدْنَا لِلْكَافِرِيْنَ عَذَابًا مُهِيْنًاO---

"તેઓ જે અલ્લાહ અને તેના રસૂલોને માનતા નથી, અને ઈચ્છે કે અલ્લાહ અને તેના રસૂલોને અલગ કરી દઈએ. અને કહે છે, અમે કોઈના પર ઈમાન લાવ્યા અને કોઈના ઈન્કારી બન્યા, અને ઈચ્છે કે **ઈમાન અને કુફ્રની વચમાં કોઈ મધ્યમ માર્ગ કાઢી લઈએ એ જ ખરેખરા કાફિર છે. અને અમે તૈયાર કરી રાખ્યો છે કાફિરો માટે અપમાનજનક અઝાબ.** *(સૂ. નિસાઅ, આ.૧૫૦,૧૫૧)*

જો આપણે ઈસ્લામના કોઈ ભાગ પર તો ઈમાન લાવીએ છીએ, તેના પર અમલ કરવામાં પ્રયત્નશીલ જણાઈએ છીએ પરંતુ પોતાના લાભાર્થે અન્ય કોઈ

❑ રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* ❑

ભાગનો ઈન્કાર કરી દઈએ છીએ, તેનાથી બીજા કોઈ તરીક઼ાને બેહતર ઠરાવીએ છીએ, તો ખુદાના સ્પષ્ટ હુકમ મુજબ આપણે كافرون حقا ના પાત્ર ઠરીએ છીએ અને અલ્લાહ તઆલા તરફથી ઝિલ્લતના અઝાબની ખબર પામીએ છીએ.

કુર્આને પાકની આ સ્પષ્ટ રહનુમાઈમાં આજે આપણે નબીએ પાક સાહિબે લવલાક ﷺના રાજ્યકારોબારના બંધારણનું વિશ્લેષણનું કરીએ છીએ, એ ખયાલથી કે આપણને આપણા આક઼ા વ મૌલા ﷺનું રાજ કારોબારનું બંધારણ પસંદ આવે તો તેને લાગુ કરવા માટે પોતાનાં માધ્યમોની હદ સુધી અવાજ ઉઠાવીએ અને જો પસંદ ન આવે તો કુફ્ર પર સંતુષ્ઠ થઈ જઈએ !

હુઝૂર રસૂલે અકરમ ﷺના રાજ્ય કારોબારના બંધારણનો પાયો એ છે કે **દુનિયામાં કોઈ ઈન્સાન એ હક્ક઼ નથી ધરાવતો કે કોઈ અન્ય ઈન્સાનથી પોતાનો હુકમ મનાવે.** હાકિમિયત કેવળ ખુદાએ કુદ્દુસ વ કરીમની છે. હુકૂમતનો હક્ક઼ કેવળ તેને જ છે.

إِنِ الْحُكْمُ إِلَّا لِلّٰهِ أَمَرَ أَلَّا تَعْبُدُوْا إِلَّا إِيَّاهُ ذٰلِكَ الدِّيْنُ الْقَيِّمُ وَلٰكِنَّ أَكْثَرَ النَّاسِ لَا يَعْلَمُوْنَ٥-

''હુકમ કોઈનો નથી પણ માત્ર અલ્લાહનો. તેણે ફર્માવ્યું કે તેના સિવાય કોઈને પૂજો નહીં. આ સીધો ધર્મ છે પણ મોટાભાગના લોકો જાણતા નથી. *(સૂ. યુસૂફ, આ. ૪૦)*

مَا لَهُمْ مِنْ دُوْنِهٖ مِنْ وَّلِيٍّ وَّلَا يُشْرِكُ فِيْ حُكْمِهٖ أَحَدًا٥-

''તેના સિવાય તેમનો કોઈ કારસાઝ (કામ બનાવનાર) નથી અને તે પોતાના હુકમમાં કોઈને ભાગીદાર કરતો નથી. *(સૂ. કહફ, આ–૨૬)*

હુઝૂર નબીએ અકરમ ﷺની લાવેલી રાજ્ય વ્યવસ્થામાં હુકૂમતનો હક્ક઼ માત્ર અલ્લાહ તઆલાને છે, બંદાના હાકિમ હોવાની કોઈ કલ્પના નથી. અલ્લાહ તઆલા હાકિમ હોવાનો અર્થ તેના ક઼ાનૂનો પર ચાલવું છે, આ ક઼ાનૂનો કુર્આન અને હદીષમાં મૌજૂદ છે. હુઝૂર ﷺની રાજ્ય વ્યવસ્થાના મૂળ સિધ્ધાંતો આ પ્રમાણે છે કે કાનૂની અને વહીવટી અધિકારો ખુદાવંદે કરીમ માટે છે ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ એ આપણને ભલાઈનો હુકમ કરવા અને બુરાઈથી રોકવાનો હુકમ આપ્યો. કરવા અને ન કરવાનાં કામ બતાવ્યાં. હુઝૂર ﷺના રાજ કારોબારના બંધારણમાં હુકૂમતનો વડો નેકી કરનારાઓને બદલો આપશે અને ગુનાહ કરનારાઓને સજા આપશે. આ રીતે ઈસ્લામી રાજ ન્યાયનું રાજ બનશે. સૂરએ માએદહમાં છે :–

يٰٓأَيُّهَا الَّذِيْنَ آمَنُوْا كُوْنُوْا قَوَّامِيْنَ لِلّٰهِ شُهَدَاءَ بِالْقِسْطِ وَلَا يَجْرِمَنَّكُمْ شَنَآنُ قَوْمٍ عَلٰى أَلَّا تَعْدِلُوْا اِعْدِلُوْا هُوَ أَقْرَبُ لِلتَّقْوٰى وَاتَّقُوا اللّٰهَ إِنَّ اللّٰهَ خَبِيْرٌ بِمَا تَعْمَلُوْنَ٥---

''અય ઈમાનવાળાઓ ! અલ્લાહના આદેશો પર મક્કમ બની જાવ, ન્યાયની સાથે સાક્ષી આપતા, અને તમને કોઈ ક઼ોમની અદાવત એના પર પ્રોત્સાહિત ન કરે કે ન્યાય ન કરો, ન્યાય કરો, તે પરહેઝગારીથી વધારે નજીક છે. અને અલ્લાહથી ડરો, બેશક ! અલ્લાહને તમારાં કામોની ખબર છે.'' *(સૂરએ માએદા, આ. ૮ : ૫)*

જ્યારે રાજ્ય સત્તાનો વડો ન્યાયની વ્યવસ્થા કરે છે તો જમાઅત, ક઼ોમ અને તેના સભ્યોના હક્ક઼ોની દેખભાળની વ્યવસ્થા કરે છે. બયહક઼ીમાં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું કે : ''ખુદાએ તઆલાના નજીક ક઼યામતના દિવસે મર્તબાના આધારે **ખુદાના બંદાઓમાં સૌથી ઉત્તમ શખ્સ ન્યાય કરનાર અને નરમી કરનાર હાકિમ છે અને સૌથી બુરો શખ્સ સખ્તી કરનાર જાલિમ હાકિમ છે.''**

દારમીમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે પાક ﷺએ ફર્માવ્યું :–

''જે શખ્સ દસ આદમીઓનો પણ હાકિમ હશે, તેને ક઼યામતના દિવસે એ હાલતમાં લાવવામાં આવશે કે

તેની ગરદનમાં બેડી હશે. તે બેડીથી તેની ગરદનને તેનો ન્યાય હલ્કી કરશે અને તેનો જુલ્મ તેને હલાક઼ કરશે."

સરવરે દો આલમ નૂરે મુજસ્સમ ﷺના રાજ્ય વ્યવસ્થાના ન્યાયવિભાગમાં અમીર, ગરીબ સૌના માટે એક ક઼ાનૂન છે. બુખારી શરીફમાં છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

"અગાઉની ઉમ્મતો કેવળ એટલા માટે તબાહ થઈ કે (તેઓ) નિમ્ન કક્ષાના લોકો પર ક઼ાનૂન લાગુ કરતા હતા પરંતુ પ્રતિષ્ઠિત અને ધનવાન લોકોને છોડી દેતા હતા."

પરંતુ હુઝૂર ﷺની રાજ્ય વ્યવસ્થામાં ન્યાયનું સ્વરૂપ આ પણ છે કે ખુદ આપ ﷺએ જાહેરમાં એલાન ફર્માવ્યું કે, "મારા પર જે લોકોનો હક઼્ક઼ હોય તે માગી લે, અથવા કોઈને મારાથી તકલીફ પહોંચી હોય તે બદલો લઈ લે."

કુર્આને મજીદમાં અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની સાથે "ઉલૂલ અમ્ર" (હાકિમો)ના આજ્ઞાપાલનનો હુકમ આપવામાં આવ્યો છે. પરંતુ સત્તાધારીના આજ્ઞાપાલનનો આ હુકમ જાહેર છે કે ખુદા અને રસૂલે ખુદા عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ ના આજ્ઞાપાલનના બાદમાં છે. અને હુકૂમત તે જ એના લાયક છે કે તેનું આજ્ઞાપાલન કરવામાં આવે જો તે ન્યાયનું રાજ સ્થાપિત કરે. તેમ છતાં કહેવામાં આવ્યું કે જો કોઈ વિવાદ ઉત્પન્ન થઈ જાય તો અલ્લાહ અને તેના રસૂલ તરફ રજૂ કરવાનું રહેશે. કારણ કે **મૂળ હાકિમ અલ્લાહ તઆલા છે અને તેના જ હુકમો પર અમલ કરવો હુકૂમત અને પ્રજા સૌના માટે જરૂરી છે.** અને નબીએ મુકર્રમ ﷺ વિશે ઈર્શાદે રબ્બાની છે :

وَ مَا يَنْطِقُ عَنِ الْهَوٰىؕ○ اِنْ هُوَ اِلَّا وَحْیٌ یُّوْحٰى○

"અને તેઓ કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા. તે તો જે વહી તેમને કરવામાં આવે છે તેના સિવાય (બીજુ કશું જ) નથી. *(સૂ. નજ્મ, આ. ૩,૪)*

એટલા માટે અહકામે ખુદાવંદીનો અર્થ કુર્આન તથા હદીષના આદેશો છે અને વિવાદ ઉત્પન્ન થવાની સ્થિતિમાં તે જ કથનોથી ફેંસલો કરાવવો પડશે.

સહીહૈનમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

"હાકિમનો હુકમ પસંદ ન પણ આવે તો પણ તેની ઈતાઅત ફર્ઝ છે. અલ્બત્ત હાકિમ કોઈ ગુનાહનો હુકમ આપે તો તેનું આજ્ઞાપાલન વાજિબ નથી." આ જ પ્રકારની એક હદીષ હઝરત અલી رضی اللہ عنہથી પણ મરવી છે. સહીહ મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું : "હાકિમના હુકમને સાંભળો અને પાલન કરો, ભલે તમારો હાકિમ કોઈ હબ્શી ગુલામને બનાવી દેવામાં આવે, જેનુ માથુ દ્રાક્ષની જેમ નાનુ હોય."

મતલબ કે રાજ્યના વડા માટે જરૂરી છે કે તે ખુદાના હુકમો મુજબ અમલ કરનાર હોય, નેકી બદી કરનારને સજા અને જઝા લાગુ કરે. પોતાના રાજને ન્યાયના રાજનું સ્વરૂપ આપે, આ સ્થિતિમાં તેનું આજ્ઞાપાલન પ્રજાના દરેક સભ્ય પર અનિવાર્ય છે. એ વાતનું કોઈ મહત્વ નથી કે હાકિમની શકલ અને સૂરત કેવી છે ?! અથવા તેના કોઈ હુકમને કોઈ પસંદ કરે છે કે નહીં. શરત એ છે કે તેનો હુકમ ખુદા વ રસૂલના હુકમ મુજબ હોય. હુઝૂર ﷺની લાવેલ રાજ્ય વ્યવસ્થામાં જો કોઈ પોતાના તરફથી કોઈ હુકમ લાગુ કરે છે તો તે શિર્ક કરે છે, હુકમ કેવળ ખુદાનો છે. **ઈસ્લામી સત્તાધારી પાસે સત્તા માત્ર ખુદા તરફથી અમાનતનો દરજ્જો રાખે છે.** સહીહૈનમાં છે, આક઼ા હુઝૂર ﷺએ ફર્માવ્યું : જો હાકિમ શરીઅત વિરૂધ્ધ વાત કહે તો મુસલમાનોએ તેનું પાલન કરવું જોઈએ નહીં.

ઈસ્લામમાં સત્તાધારીનું આજ્ઞાપાલન ત્યાં સુધી અનિવાર્ય છે જ્યાં સુધી તે અલ્લાહ તઆલાના હુકમ મુજબ હુકમ આપે. જો આમ ન હોય તો તેને સીધો કરવુ પ્રજા પર ફર્ઝ થઈ જાય છે. જેમ કે હઝરત સિદ્દીકે

અકબર رضی اللہ عنہએ ખિલાફતના સૌ પ્રથમ ખુત્બામાં ફર્માવ્યું હતું.

ઈસ્લામી રાજ સત્તા કુર્આન તથા સુન્નતના હુકમો અને તેમના નિશ્ચિત કરેલ કાયદાઓને લાગુ કરે છે. હુકમો અને ઉસૂલ બદલાય નથી શકતા. જો કે દુન્યવી બાબતો નિશ્ચિત કરવા માટે મશ્વરાનો હુકમ છે :–

–وَشَاوِرْهُمْ فِي الْأَمْرِ "અને કામોમાં એમનો અભિપ્રાય લો." *(સૂ. આલે ઈમરાન, આ–૧૫૯)*

અને وَأَمْرُهُمْ شُورَىٰ بَيْنَهُمْ "અને તેમનું કામ તેમના પરસ્પરના મશ્વરાથી (થાય) છે." *(સૂ. શૂરા, આ–૩૮)* નું વર્ણન સૂરએ આલે ઈમરાન અને સૂરએ શૂરામાં છે અને હુઝૂર ﷺએ ખુદ એની વ્યવસ્થા કરી અને આપણને તેનો હુકમ આપ્યો. આપ ﷺ લગભગ પ્રતિ દિન હુકૂમતની બાબતોમાં સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالَىٰ عَلَيْهِمْ أَجْمَعِيْنَથી મશ્વરો કરતા હતા. જાહેર છે કે રાજ સત્તાનો વડો મશ્વરો એટલા માટે કરશે કે કોઈ ફૈંસલો હાકિમે હક઼ીક઼ી અલ્લાહ તઆલાની મરજી વિરુદ્ધ ન થઈ જાય, એટલા માટે મશ્વરો આપનારા સમજ બુઝવાળા અને ઈલ્મવાળા જ હશે, "જી હજુરિયા" નહીં કે તેમની અહીંયાં કોઈ કલ્પના જ નથી.

પોતાના અભિપ્રાય અને ખયાલ જાહેર કરવાની સ્વતંત્રતા હુઝૂર નબીએ રહ્મત ﷺના લાવેલા રાજ કારોબારના બંધારણમાં ઘણુ મહત્વ ધરાવે છે. રાયમાં મતભેદ થઈ શકે છે અને હોવો જોઈએ કે હુઝૂર ﷺએ ઉમ્મતમાં મતભેદના જાહેર થવાને રહ્મત ઠરાવ્યું. પરંતુ આ મતભેદ પશ્ચિમના મતભેદની કલ્પનાથી બિલ્કુલ વિરુદ્ધ છે. વેસ્ટર્ન ડેમોક્રેસીમાં You agree to differ, પરંતુ ઈસ્લામમાં તેનું રૂપ અલગ છે. અહીંયાં પણ You differ but to agree, હુઝૂર ﷺની રાજ વ્યવસ્થામાં કોઈ મતભેદ થયો તો તેણે જાહેર કરી દીધો અને ઈખ્તેલાફનું કારણ ઉચિત છે તો સામેવાળી વ્યક્તિ માની ગઈ. જો ઈખ્તેલાફનું કારણ ગલતફહમી હતી તો તે દૂર કરી દેવામાં આવી. પરિણામે બંને મળીને એક કલ્યાણકારી ન્યાયથી ભરપુર રાજની પ્રગતિ માટે લાગી ગયા. જેમ કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના ખુત્બા દરમિયાન એક વ્યક્તિની નજર આપના કમીસ પર પડી, મતભેદ ઉત્પન્ન થઈ ગયો તો તેમણે તે જ સમયે તેને જાહેર કરી દીધું કે માલે ગનીમતમાંથી દરેકને એક જ ચાદર મળી હતી, તો તમે આટલો મોટો કુર્તો શાથી બનાવ્યો ? તો ખલીફાએ તેમની જબાનબંદી અથવા નજર કેદ કરવાનો હુકમ ન આપ્યો ! પોતાના પુત્ર અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી કહ્યું, ચોખવટ કરો ! તેમણે કહ્યું કે માલે ગનીમતમાંથી મળેલી એક ચાદરથી ખલીફાનો કુર્તો ન બનતો હતો એટલા માટે મેં પોતાના હિસ્સાની ચાદર પણ તેમને આપી દીધી. તેમણે માલે ગનીમતમાંથી એટલો જ હિસ્સો લીધો જેટલો બીજા મુસલમાનોને મળ્યો હતો. ચોખવટ થઈ ગઈ મતભેદ દૂર થઈ ગયો. કોઈ સત્તા પક્ષ ન રહ્યો, કોઈ વિરોધ પક્ષ ન બન્યો. અને મતભેદનો આપસમાં ફૈંસલો ન થાય તો હુઝૂર ﷺના રાજકારોબારના બંધારણમાં તેનો પણ હલ છે. સૂરએ નિસાઅમાં છે :–

فَإِنْ تَنَازَعْتُمْ فِي شَيْءٍ فَرُدُّوهُ إِلَى اللَّهِ وَالرَّسُولِ–

" પછી જો તમારામાં કોઈ વાતનો ઝગડો ઉત્પન્ન થાય તો તેને રજૂ કરો. અલ્લાહે એ જ સૂરતમાં લગભગ છ આયતો પછી એ પણ ફર્માવી દીધું કે રસૂલ સમક્ષ." *(સૂરએ નિસાઅ, આ. ૫૯)*

પોતાના ઝઘડાઓને પોતાની રીતે ઉકેલનારા ઈસ્લામના દાયરાથી ખારિજ થાય છે. મુસલમાનો માટે જરૂરી છે કે રસૂલે પાક ﷺથી પોતાના ઝઘડાઓનો ફૈંસલો કરાવે અને જે રસૂલ ﷺનો ફૈંસલો હોય તેને દિલથી સ્વીકારે.

فَلَا وَرَبِّكَ لَا يُؤْمِنُونَ حَتَّىٰ يُحَكِّمُوكَ فِيمَا شَجَرَ بَيْنَهُمْ ثُمَّ لَا يَجِدُوا فِي أَنْفُسِهِمْ حَرَجًا مِمَّا قَضَيْتَ وَيُسَلِّمُوا تَسْلِيمًا○

"તો હે મહબૂબ ! તમારા રબના સોગંદ ! તેઓ

મુસલમાન નહીં થાય જ્યાં સુધી તેમના અંદર અંદરના ઝઘડાઓમાં તમને હાકિમ નહીં બનાવે. પછી જે કાંઈ તમે હુકમ ફર્માવી દો તેના માટે પોતાના હૃદયોમાં રુકાવટ ન પામે, અને (ખરા) જીવથી માની લે." *(સૂરએ નિસાઅ્, આ. ૬૫)*

ઈસ્લામમાં તો ઈખ્તેલાફની ગુંજાઈશ પણ સીમિત છે, કઈ રીતે ફિર્કાબંદી અને વિખવાદને પોતાની ટેવ બનાવી લેવામાં આવે ?! આ કાર્યને તો અલ્લાહ તઆલા શિર્ક ઠરાવે છે :–

وَلَا تَكُونُوا مِنَ الْمُشْرِكِينَ ۝ مِنَ الَّذِينَ فَرَّقُوا دِينَهُمْ وَكَانُوا شِيَعًا كُلُّ حِزْبٍ بِمَا لَدَيْهِمْ فَرِحُونَ ۝

"તમે શિર્ક કરવાવાળાઓમાંથી ન થઈ જાવ, એટલે કે તેમનામાંથી જેમણે પોતાના દીનને ટુકડો ટુકડો કરી લીધો અને અલગ અલગ ફિર્કા બની ગયા, દરેક ફિર્કો પોત પોતાની કાર્યપદ્ધતિ પર નાઝ કરે છે."

મુસ્લિમ શરીફમાં હઝરત અર્ફજા رضی اللہ عنہથી રિવાયત છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

"ટૂંકમાં વિવિધ પ્રકારની બુરાઈઓ અને ખરાબીઓ ઉત્પન્ન થશે, તો જે વ્યક્તિ આ ઉમ્મતના ઈત્તેહાદ અને એકતામાં વિખવાદ ઉભો કરે અને એકત્ર ઉમ્મતની એકતાને તોડી મૂકે તેની ગરદન તલ્વારથી ઉડાવી દો, ભલે તે કોઈ (પણ) હોય."

શરૂમાં વર્ણન થયું કે ઈસ્લામ એક સંપૂર્ણ જીવન બંધારણ છે તેમાં ગુંજાઈશ નથી કે આપણે પોતાની મરજીના પ્રમાણે લઈ લઈએ અને જેને પોતાના માટે યોગ્ય ન સમજીએ તેને છોડી દઈએ. ઈસ્લામ તો સંપૂર્ણ છે અને સંપૂર્ણ જ લાગુ થાય છે તો ફળ આપે છે. તેનો દરેક વિભાગ બીજા વિભાગથી સંકળાએલ છે. તેને અલગ અલગ કરી લાગુ કરવામાં આવે તો તેની બરકતોથી પાવન થવું શક્ય જ નથી. અને આપણુ દુર્ભાગ્ય એ છે કે આપણે ઈસ્લામને ના'રા સ્વરૂપે ઉપયોગ કરીએ છીએ. જ્યાં કોઈ જરૂરત આવે છે તો તેને જરૂરત પૂરી કરવા માટે ઉપયોગ કરી લઈએ છીએ. આપણે રાત દિવસ નબીયુલ અંબિયા ﷺના રાજ કારોબાર વ્યવસ્થાની વાત પણ કરીએ છીએ અને લોકશાહી માટે પણ ના'રા લગાડીએ છીએ ! જ્યારે કે ઈસ્લામમાં હાકિમિયત અવામની તો શું ખાસ લોકો માટે પણ નથી, માત્ર ખાલિક્ તથા માલિકે હક઼ીક઼ીની હોય છે. ઈસ્લામના પસંદગીના બંધારણમાં તો જે હોદ્દો માગે તે અપાત્ર ઠરે છે.

બુખારી શરીફમાં છે. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہએ ફર્માવ્યું કે હું અને મારી ક઼ૌમના બે વ્યક્તિ, અમે ત્રણ નબીએ કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા. એક વ્યક્તિએ કહ્યું : "યા રસૂલલ્લાહ ! ﷺ મને અમીર બનાવી દો. બીજાએ પણ આમ જ કહ્યું. આપ ﷺએ ફર્માવ્યું કે **અમે તેને વાલી નથી બનાવતા જે હોદ્દો માગે."**

બુખારી શરીફ સિવાય મુસ્લિમ, નસઈ, મિશ્ક઼ાતમાં આવી ઘણી બધી હદીષો છે જેમનાથી જણાય છે કે **હોદ્દાની ઈચ્છા કરવી એ તેના અપાત્ર હોવાના સમાન છે.** હુઝૂર ﷺના નિઝામે હુકૂમત (રાજ બંધારણ)માં પશ્ચિમી ઢબની ચૂંટણી ચળવળની ઈજાઝત નથી. વાસ્તવમાં ઈસ્લામની ચૂંટણી પ્રણાલિ આંકડાકિય છે જ નથી, ગુણવત્તાવાળી છે. **અહીંયાં બંદાઓને ગણવામાં નથી આવતા, તોલવામાં આવે છે.**

ફખ્રે મૌજૂદાત ﷺના રાજ્ય બંધારણમાં માનવતાની શરાફત અને સન્માનના આધારે પ્રજાના હક્કો નિશ્ચિત થાય છે. અહીંયાં કોઈને કોઈના પર ઉચ્ચતા પ્રાપ્ત નથી, સર્વ મુસલમાનો ભાઈ ભાઈ છે, ગુલામ અને આક઼ાનો તફાવત નથી, દરેકની જાન, માલ અને આબરૂ સુરિક્ષત છે, અહીંયાં રાજનીતિની ગંદકીઓને સ્થાન નથી. અહીં વ્યવસ્થાતંત્ર, ધારાસભા તથા ન્યાય તંત્રની જિમ્મેદારીઓ નિશ્ચિત

છે. અહીંયાં હુકૂમત ઠાઠમાઠનો નહીં સાદગીનો નમૂનો બને છે, આ નિઝામે હુકૂમતની સામાજિક સિસ્ટમ જૂઠ, હસદ, ગીબત, ષડયંત્રો, કૌભાંડો અને બુરાઈઓથી પાક છે, અહીંયાં અર્થતંત્ર સંગ્રહખોરીથી પાક છે. અહીંયાના કમાઈ કરવાના સિદ્ધાંતો અને તરીક઼ા પણ નિશ્ચિત છે અને ખર્ચ કરવાની હદ પણ બતાવી દેવામાં આવી છે. આ અર્થતંત્ર હક઼ીક઼તમાં ભરણપોષણની જવાબદારીની વ્યવસ્થા છે. ઈસ્લામી રાજમાં ઉત્પત્તિના માધ્યમો પર ન તો હુકૂમત કબજો જમાવી શકે છે, ન કોઈ ખાસ વ્યક્તિને આ હક્ક઼ પ્રાપ્ત છે. હુઝૂર ﷺના નિઝામે હુકૂમત (રાજ્ય બંધારણ)માં ઈન્સાનની ઈજ્જત એના ભૌતિક સાધનો પર નહીં, તેના ગુણ અને ખૂબીઓ પર છે. અહીંયાં રાજ્ય ચલાવનારને પણ દેશના માધ્યમો પર કેવળ પોતાના હિસ્સાની હદ સુધી જ અધિકાર હોય છે અને તેના માટે જરૂરી છે કે તે પોતાની રોજની જરૂરતથી અધિક કોઈ ચીજ ન રાખે. દુનિયા વંશીય અને ક઼ૌમી પૂર્વગ્રહના ચુંગાલમાં ફસાયેલ છે. હુઝૂર રહ્‌મતે આલમ ﷺએ પોતાના રાજ્યબંધારણમાં આવા પૂર્વગ્રહો ઉત્પન્ન થવાની અનુમતિ જ ન આપી.

મૂડીવાદી અર્થતંત્રમાં વ્યાજને કેન્દ્ર સ્થાન પ્રાપ્ત છે, ઈસ્લામમાં વ્યાજ મરદૂદ છે. હુઝૂર ﷺના નિઝામે હુકૂમતમાં સમજબુઝ અને જ્ઞાનવાળાઓ કોઈ પક્ષની ગોઠવણ કર્યા વિના બહુમતિ અથવા લઘુમતિના વિભાજનની કલ્પનાથી દૂર રહી અને સત્તા પક્ષ તથા વિરોધ પક્ષ જેવા વિચારોને ખોટા પાડીને એકત્ર થતા જોવા મળે છે અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશોને લાગુ કરવામાં પ્રયત્નશીલ જોવામાં આવે છે. ખુદાની હાકિમિયત, ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના આદેશો પર અમલ અને બસ !

–(માહનામા નૂરુલ હબીબ–પાક., ઓગસ્ટ–૨૦૧૪)

પેજ નં. ૪૩ નું ચાલુ..

ખત્મ થઈ જશે. જેથી હવે મારા ઝહૂર પછી તલ્વારનો કોઈ જેહાદ નથી. અમારા તરફથી અમાન અને સુલેહકારીનો સફેદ ઝંડો લહેરાવવામાં આવ્યો." *(અરબઐન, ભાગ–૪, પેજ–૪૭)*

## ક઼ાદયાનીની દ્રષ્ટિએ કાફિરની વ્યાખ્યા!

મિર્ઝા ક઼ાદયાની લખે છે કે, "કુફ્રના બે પ્રકાર છે : એક કુફ્ર એ છે કે એક વ્યક્તિ ઈસ્લામનો જ ઈન્કાર કરે છે, અને આં હઝરત ﷺ ને રસૂલ નથી માનતો. બીજુ એ કુફ્ર કે તે મસીહ મૌઊદ (કાદયાની)ને નથી માનતો...." *(હક઼ીક઼તુલ વહી, પેજ–૧૭૯, મિર્ઝા ક઼ાદયાની)*

સારાંશ કે ક઼ાદયાની ધર્મ એક વિચિત્ર પ્રકારનો અધર્મ છે કે જેના એક એક લખાણમાં અસંખ્ય પ્રકારના કુફ્રો વણાયેલાં સમાયેલાં છે. મારી મારા તમામ સુન્ની ભાઈ બહેનોને વિનંતિ છે કે આ કિતાબને પોતે વાંચીને અન્યને પણ વંચાવો ભલે તમારા ત્યાં આ બલા પહોંચી ન હોય. પણ બલા ગમે ત્યારે તમારા ઘરે ટકોરા મારી શકે છે, જેથી પાણી પહેલાં પાળ બંધાઈ જાય અને અત્યારથી જ તમે તથા તમારી ઔલાદ આવા જહન્નમી ફિર્ક઼ાને ઓળખી લો તો દુનિયા તથા આખેરતમાં અમ્ન પામી શકો !

તથા જેઓ અજાણપણે કે કોઈ લાલચમાં કાદયાની પ્રતિ આકર્ષાયા હોય કે ભૂલથી તેમાં જોડાઈ ગયા હોય તેમને વિનંતિ છે કે તેઓ તાત્કાલિક ખુદાની બારગાહમાં તૌબા કરી એહલે સુન્નત વ જમાઅતનો દામન મજબૂતીથી પકડી લે. કારણ કે દુનિયાની દૌલતને તમે તમારી આંખ ખુલ્લી છે ત્યાં સુધી જ વાપરીને એશ આરામ કરી લેશો પણ આંખ મીંચાતાં જ હકીકી જિંદગી હમેશાંની જિંદગી આખેરતની જિંદગીમાં અઝાબ સિવાય કાંઈ હાથ આવશે નહીં તેનું યક઼ીન કરી લો! અને પોતાની ભલાઈ વિશે ઠંડા કલેજે વિચારીને ક઼ાદયાનિયતથી તૌબા કરી લો. તૌફીક઼ આપનાર તો અલ્લાહ જ છે. (સંપૂર્ણ)

# અમીનુલ ઉમ્મત ઈસ્લામના જાંબાઝ સિપેહ સાલાર

# હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ

કાર્યાલય

**ઓળખ** : હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہનું નામ નામી આમિર છે. કુન્નિયત અબૂ ઓબૈદા, લકબ અમીનુલ ઉમ્મત જે હુઝૂરે અક્દસ ﷺનો આપેલો છે. બાપનું નામ અબ્દુલ્લાહ છે પણ દાદાની તરફ સંબંધિત કરીને ઈબ્ને જર્રાહ કહેવામાં આવે છે. તેમનો નસબ પાંચમી પેઢીએ નસબે નબવી ﷺથી ફહર પર મળી જાય છે. તેમનાં વાલિદા પણ ફહરી ખાતૂન છે જે ઈસ્લામથી પાવન થયાં.

**ઈસ્લામ સ્વીકાર** : હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની તલ્કીન પર ઈસ્લામ કુબૂલ કર્યો તે પણ તદ્દન શરૂઆતમાં કે હજી દારે અરકમની રુશ્દો હિદાયતની મજલિસ રચાઈ પણ ન હતી. ઈસ્લામ સ્વીકારના જુર્મમાં જાત જાતની રીતે સતાવવામાં આવ્યા જેના કારણે બે વાર હબ્શા હિજરત કરી, પછી મદીના તયબહ આવી ગયા. એમના અને હઝરત સઅદ બિન મઆઝ رضی اللہ عنہની વચ્ચે હુઝૂરે અક્દસ ﷺએ ભાઈચારો કાયમ કર્યો હતો.

સર્વ જંગોમાં હુઝૂર ﷺની સાથે રહ્યા અને જાંબાઝીનો હક્ક અદા કરી આપ્યો. **ગઝવએ બદરમાં એમનો બાપ અબ્દુલ્લાહ સામે આવી ગયો તો તેને ખત્મ કરી નાખ્યો.** ગઝવએ ઓહદમાં હુઝૂરે અક્દસ ﷺના સરે અક્દસમાં લોખંડની ટોપી (હેલ્મેટ)ની કડીઓ ખુપી ગઈ હતી જેનાથી ખૂબ જ પ્રમાણમાં તકલીફ હતી. હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહએ પોતાના દાંતો વડે પકડીને એ કડીઓને ખેંચી. એ કડીઓના સાથે બે આગલા દાંત પણ ઉખડી ગયા જે એમના માટે ગર્વનો સામાન બની ગયા.

વિવિધ સરાયા (નાની જંગો)માં પણ હિસ્સો લીધો. સરૈયા સૈફુલ બહર આપની જ આગેવાનીમાં રવાના થયું હતું. એ ઉપરાંત જંગી ચળવળોના વિવિધ હોદ્દાઓ પર પણ બિરાજમાન રહ્યા. હિ.સ. ૯માં જ્યારે નજરાનવાળાઓએ એક મુઅલ્લિમ અને કાઝીની દરખાસ્ત કરી તો એમને નિયુક્ત કર્યા. એકવાર બેહરીન જિઝયાની રકમ વસૂલ કરવા માટે રવાના કર્યા.

હુઝૂરે અક્દસ ﷺના વિસાલ પછી જ્યારે સકીફા બની સાઅદામાં ખલીફાની નિમણૂંકની મીટિંગ થઈ તો શયખૈન કરીમૈનની સાથે આ પણ ત્યાં મૌજૂદ હતા અને અન્સારે કિરામને સમજાવવાની અંદર ઘણો જ મહત્વનો રોલ અદા કર્યો. એક મોકા પર તેમણે કહ્યું, હે અન્સારે કિરામ ! તમે સૌથી પહેલી ઈસ્લામની મદદ કરી, હવે ઉમ્મતમાં સૌથી પહેલા વિખવાદ ખડો કરનાર ન બનો !

એમની શાનની મહાનતાનો અંદાજો એના પરથી થાય છે કે એ મોકા પર ખુદ સિદ્દીકે અકબર رضی اللہ عنہએ હઝરત ઉમરની સાથે એમનું નામ પેશ કર્યું પણ એ બંનેવ બુઝુર્ગોએ એક જબાને પોતે પોતાને તુચ્છ જાણીને એનાથી ઈન્કાર કરી આપ્યો અને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને ફર્માવ્યું કે આપ આપનો હાથ લંબાવો જેથી અમે બયઅત કરીએ. હઝરત સિદ્દીકે અકબરે પોતાનો હાથ લંબાવ્યો, પ્રથમ હઝરત ઉમરે પછી હઝરત અબૂ ઓબૈદાએ બયઅત કરી. પછી સર્વ મુહાજિરોએ તથા અન્સારે આમ બયઅત કરી. આ રીતે ખલીફતુલ મુસ્લિમીનની વરણી સારી રીતે અંજામ પામી.

**સિપેહસાલારી (સેનાપતિપણુ)** : જ્યારે હઝરત સિદ્દીકે અકબર ઝકાતના મુન્કિરો, મુર્તદો, નબુવ્વતના જૂઠા દાવેદારોના ફિત્નાને ખતમ કરી ચૂક્યા અને પૂરા અરબમાં આંત્રિક રીતે સંપૂર્ણ શાંતિ થઈ ગઈ તો હિ.સ.૧૩માં શામને કબજે કરવા માટે વિવિધ હિસ્સાઓ પર ફોજો મોકલી.

હઝરત અબૂ ઓબૈદાને હમ્સની તરફ, હઝરત યઝીદ બિન અબૂ સુફયાનને દમિશ્કની તરફ, હઝરત અમ્ર બિન

આસને પેલેસ્ટાઈનની તરફ, હઝરત શરજીલ બિન હસનાને ઉર્દુનની તરફ રવાના કર્યા. સૌને હિદાયત કરી આપી કે જો કદી સર્વ ફોજો ભેગી થઈ જાય તો સિપેહ સાલારે આ'ઝમ (સર સેનાપતિ) અબૂ ઓબૈદા થશે.

એ લોકો જ્યારે શામની હદોમાં દાખલ થયા તો રોમીઓની ફોજોનો સામનો કરવો પડયો એટલા માટે સર્વ ફોજોને ભેગી કરી લીધી અને ખિલાફતના દરબારમાં અધિક દળોને માટે દરખાસ્ત મોકલી. હઝરત સિદ્દીકે અક્બરે સૈફુલ્લાહ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ને લખ્યું કે તે શામ અબૂ ઓબૈદાને જઈને મળી જાય. એ ફારસની જંગ પર નિયુક્ત હતા. હુકમનામુ મળતાં જ સૈફુલ્લાહ રસ્તામાં પડનારી વસ્તીઓને ફતહ કરતા કરતા તેમને મળી ગયા. આ સંયુક્ત ફોજે બસરા, ફહલ, અજનાદેનના જંગો સર કર્યા બાદ દમિશ્કનો ઘેરાવ કરી લીધો.

**દમિશ્ક (દમાસ્કસ)ની ફતહ** : એ અરસામાં હઝરત સિદ્દીકે અકબરનો વિસાલ થઈ ગયો. હઝરત ફારૂકે આઝમના જીવન ચરિત્રનું પ્રથમ સોનેરી પ્રકરણ એ છે કે તેમના ખિલાફતના સ્થાને બિરાજતાં જ દમિશ્ક ફતહ થઈ ગયું.

રોમી લશ્કર નાસીને ફહલ પર ભેગુ થઈ ગયું. મુજાહિદોએ આગળ વધીને તેમનો સફાયો કરી નાખ્યો. પછી આ જોશનુ પુર આગળ વધ્યું અને વધતુ ચાલ્યુ ગયું. શામનું પાટનગર હમ્સ ફતહ થઈ ગયું પછી લાઝ કિયહને કબજામાં કર્યું.

**જંગે યરમૂક** : આ સતત હારોથી હિરકલ (રૂમી રાજા) ખસીયાણો પડી ગયો તેણે સલ્તનતના સર્વ લીડરોની એક મીટિંગ કરી. આપસમાં મશ્વરા પછી છ લાખના જબરદસ્ત લશ્કરને ઈસ્લામના મુજાહિદોને શામથી કાઢવા માટે રવાના કરી આપ્યું. તેની ખબર જ્યારે અમીનુલ ઉમ્મતને થઈ તો તમામ અસ્હાબે રાયના મશ્વરાથી એ નક્કી થયું કે અત્યારે પીછેહઠ કરીને કોઈ જગ્યાએ મોરચો કાયમ કરવામાં આવે જ્યાં પીઠ પાછળ અરબની ભૂમી હોય જેથી સહાયક ફોજોને પહોંચવામાં મુશ્કેલી ન પડે. એના માટે યરમૂકનું મેદાન તજવીઝ પામ્યું. એની જાણ જ્યારે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને થઈ તો એમને સખત તકલીફ થઈ કે જીતેલો પ્રદેશ ફરી દુશ્મનના હવાલે કરી આપ્યો ?! પીછે હઠ કરી આપણો રૂઆબ ઘટાડી દીધો ! નારાજ પણ થયા, પણ જ્યારે માલૂમ પડયું કે આ એકમતિનો ફેંસલો હતો તો સંતુષ્ઠ થઈ ગયા. ફર્માવ્યું, એમાં ભલાઈ હશે.

યરમૂકના મેદાનમાં પ્રથમ કાસિદોની આવન જાવન થઈ. છેવટે કયામત ખેઝ જંગ શરૂ થઈ. રોમીઓને સતત હારોના લીધે ગુસ્સો હતો એના બદલામાં જાન પર ખેલી ખેલીને હુમલો કરી રહ્યા હતા, અને આ બાજુએ એઅલાએ કલિમાતિલ હક્ક (હક્ક કલમાના એલાન)ના જઝબા સાથે રઝાએ ઈલાહીના તલબગારો દુનિયા તથા એમાં જે કાંઈ છે સર્વથી બેખબર થઈને દુશ્મનો સાથે ટક્કર લઈ રહ્યા હતા. ત્રણ દિવસ સુધી એવી ઘમસાણની લડાઈ ચાલી કે આથી અગાઉ આકાશની આંખોએ આટલી જબરદસ્ત ખૂનરેજી જોયી ન હતી. કેટલીયે વાર એવું થયું કે દુશ્મનનો દબાવ એટલો વધ્યો કે મુજાહિદોના અમુક હિસ્સાએ પાછા હટવું પડયું. સર્વ કાંઈ થયું પણ વૃધ્ધ સર સેનાપતિ પહાડની જેમ લશ્કરમાં જામેલો રહ્યો અને જરૂરત પ્રમાણે હિદાયતો આપતો રહ્યો.

ત્રણ દિવસની સતત જંગ પછી છેવટે રોમીઓની સખત હાર થઈ. બાહાન અર્મની (સેનાપતિ) માર્યો ગયો અને રોમીઓની લાશોથી મેદાન જ નહીં યરમૂક નામનુ નાળુ પણ ભરાઈ ગયું. સિત્તેર હજાર રૂમીઓ માર્યા ગયા.

યરમૂક ઈસ્લામની સૌથી મહત્વની મહાન જંગ છે. આ જંગ ઐયામિલ્લાહ (અલ્લાહના દિવસો)માંથી એક મહાન દિવસ છે. એ જ જંગનું પરિણામ છે કે હિરકલ પોતાની એશિયાની પૂરી હૂકુમત ગુમાવી બેઠો. આ મહાન જંગમાં હવારીએ રસૂલુલ્લાહ હઝરત ઝુબૈર બિન અવામ, સૈફુલ્લાહ હઝરત ખાલિદ બિન વલીદ, અબૂ જહલના પુત્ર અકરમા, હઝરત શરજીલ બિન હસના, હઝરત મર્રાર બિન અઝવર વગેરેએ શુજાઅત બહાદુરી અને જંગી મહારતની તે સાબિતી આપી કે આજ સુધી દુનિયા લાચાર છે. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن

**બયતુલ મુક્દસ** : યરમૂકની યાદગારે ઝમાના ફતહ પછી હવે મુજાહિદો માટે મેદાન સાફ હતું. હઝરત

અબૂ ઓબૈદાએ કોઈ ખાસ ટક્કર વિના ઈન્તાકિયા સુધી ફતહ કરી લીધું. અને પછી પાછા વળીને બયતુલ મુક઼દસના ઘેરાવમાં શરીક થઈ ગયા. બયતુલ મુક઼દસના ઈસાઈઓએ જ્યારે યક઼ીન કરી લીધું કે હવે અમે બચી શકીશું નહીં તો એવી શર્ત રજૂ કરી કે અમે સુલહના માટે તૈયાર છીએ પણ શર્ત એ છે કે અમીરુલ મોમિનીન ખુદ આવીને સુલહની કલમો નક્કી કરે અને લખે. હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ દરબારે ખિલાફતમાં દરખાસ્ત પેશ કરી. હઝરત ફારૂક઼ رضی اللہ عنہ એક ગુલામની સાથે શામ તશરીફ લાવ્યા.

જ્યારે મક઼ામે જાબિયહ પર પહોંચ્યા તો હઝરત અબૂ ઓબૈદાએ લશ્કરના અગ્રેસરો સાથે આગળ વધીને સ્વાગત કર્યું. બયતુલ મુક઼દસના પ્રતિનિધિઓ પણ ત્યાં આવી ગયા. સુલહનામુ લખવામાં આવ્યું જેની રૂએ ઈસાઈઓએ બયતુલ મુક઼દસ મુજાહિદોના હવાલે કરી આપ્યું અને બયતુલ મુક઼દસ પર મુસલમાનનોનો કબજો થઈ ગયો.

**અંતિમ જંગ** : રોમીઓએ જોયું કે શામ જેવો ફળદ્રુપ મુલ્ક આપણા કબજાથી નીકળી ગયો તો પછી તેમને જોશ આવ્યું અને પોતાની વેર વિખેર શક્તિને ભેગી કરીને આર્મિનિયા ટાપુવાળાઓની મદદથી ફરી મેદાનમાં આવ્યા. એની ખબર જ્યારે હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہને થઈ તો ખિલાફતના દરબારમાં સહાયની દરખાસ્ત પેશ કરી અને સ્થિતિની જાણ કરી. અને શામમાં જ્યાં જ્યાં મુજાહિદો હતા સૌને એકઠા કર્યા. હઝરત ફારૂકે આ'ઝમે ઈરાક઼થી ઘણી મોટી કુમક મોકલી. હમ્સની નજીક ફરી એકવાર ક઼યામતખેઝ લડાઈ થઈ. ફરઝંદાને તૌહીદે અહીં પણ રોમીઓને હરાવ્યા અને આ વખતે તેનો પૂરો કસ બળ કાઢી નાખ્યું. ત્યાર બાદ રોમીઓને કદી પણ હિંમત ન થઈ કે મુક઼ાબલા માટે આવે.

તમામ શામને સર કરીને ઈસ્લામી ફોજો અમ્વાસ સ્થળમાં ભેગી થઈ. સંજોગોવસાત ત્યાં તાઊન (પ્લેગ) ફેલાય ગયો. એની ખબર જ્યારે ફારૂકે આ'ઝમને થઈ તો ખૂદ તશરીફ લઈ ગયા. કેમ કે હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું છે, જ્યાં તાઊન હોય ત્યાં ન જાવ, એટલા માટે મક઼ામે સરગ પર પહોંચીને અટકી ગયા. ત્યાં હઝરત અબૂ ઓબૈદા હાજર થયા. વિગતે હાલાત સાંભળીને તમામ મુહાજિરો તથા અન્સારથી મશ્વરો માગ્યો. સૌએ વિવિધ સૂચનો કર્યાં. ત્યાર બાદ મુહાજિરીને ફતહના ઉમર લાયક અનુભવીઓને બોલાવ્યા, અને તેમનાથી રાય માગી. એ લોકોએ મશ્વરો આપ્યો કે ફોજો અહીંથી હટાવી લેવામાં આવે. એના પર હઝરત ફારૂકે આ'ઝમે હુકમ આપ્યો કે હું સવારે પરત થઈશ, ફોજો મારી સાથે પરત ચાલે. હઝરત અબૂ ઓબૈદાને આ હુકમ નાપસંદ પડયો જેથી અર્ઝ કરી, افرارا من قدر الله "અલ્લાહની તક઼દીરથી ભાગવાના માટે." હઝરત ઉમરે ફર્માવ્યું : نفر من قدر الله الی قدر الله "તક઼દીરે ઈલાહીની તરફ જઈ રહ્યો છું."

હઝરત ઉમર પરત મદીના ચાલ્યા આવ્યા અને હઝરત અબૂ ઓબૈદા ફોજોને લઈને ત્યાં જ રહી ગયા. મદીના પહોંચીને અબૂ ઓબૈદાને લખ્યું, તમે થોડા દિવસ માટે મારી પાસે આવી જાવ તમારાથી કાંઈક કામ છે. હઝરત અબૂ ઓબૈદા સમજી ગયા અને મદીના ન આવ્યા. છેવટે હઝરત ઉમરે તેમના નામે હુકમનામુ લખ્યું કે એ જગા નીચાણવાળી અને ભીની છે, ફૌજ ત્યાંથી હટાવીને કોઈ ઊંચી તંદુરસ્તી બખ્શે એવી જગા લઈ જાવ. હઝરત ઉમરના હુકમથી મજબૂર થઈને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہના મશ્વરા પર હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہ ફોજ લઈને જાબિઅહ આવી ગયા.

અહીં પહોંચ્યા પછી તેમને તાઊન થઈ ગયો. જ્યારે જીવવાની આશા ન રહી તો હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہને પોતાની જગાએ નિયુક્ત કર્યા. જ્યારે નમાઝનો સમય આવ્યો તો હઝરત મઆઝ رضی اللہ عنہને નમાઝ પઢાવવાનો હુકમ આપ્યો. આ બાજુ નમાઝ ખત્મ થઈ પેલી બાજુ અમીનુલ ઉમ્મતની જિંદગીના શ્વાસો પણ ખત્મ થયા. ૮૫ વરસની ઉમર પામી. હિ.સ. ૧૭માં અલ્લાહને પ્યારા થઈ ગયા. ત્રણ વરસ ખિદમતે નબવીનો શરફ હાંસલ રહ્યો, સાત વરસ શૈખૈન કરીમેન (અબૂબક્ર, ઉમર)ના ખિલાફતકાળમાં ગુજાર્યા અને એ જ હાલતમાં મઅબૂદે બરહક઼ને જઈને મળ્યા. *(નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી, ભાગ-૭, પેજ-૧૪૧ થી ૧૪૪)*

# ક઼ાદયાની-અહમદિયા જમાઅતને
## ઓળખો !

(હપ્તો : છેલ્લો)

**સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*મુસલમાનોને ચેતવીએ છીએ કે આ કોઈક સાઝિશ ચાલી રહી છે કોઈ ખાસ ગ્રૃપ તરફથી કે મુસલમાનોમાં બને તેટલા વિખવાદો ખડા કરવામાં આવે. જેની એક કડીરૂપે તા. ૨-૯-૨૦૧૬ના **"કચ્છ મિત્ર"** પેપરમાં **"ધર્મ ભૂમિ"** કોલમમાં **"અહમદિયા મુસ્લિમ જમાઅતનો સંક્ષિપ્ત પરિચય"** એવા ટાઈટલ સાથે એનો પોતાની રીતે પરિચય આ અખ્બારે છાપ્યો છે. જે તદ્દન ગલત તથા મુસલમાનોને ગેરમાર્ગે દોરનાર છે. તેનાથી મુસલમાનો સાવધાન થાય. **"અહમદિયા જમાત"** એ એ જ **"ક઼ાદયાની જમાઅત"** છે જેનો સ્થાપક મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની જેણે પોતે નબી હોવાનો જૂઠો દાવો કર્યો હતો. પાકિસ્તાનના ક઼ાદયાનમાં પેદા થયો હતો. **ખુદ પાકિસ્તાનમાં આ જમાઅતને "ગૈર મુસ્લિમ લઘુમતિ" ત્યાંની ગવર્નમેન્ટે ઠરાવેલ છે.** આવા પેપરોના લેખોથી મુસલમાનોમાં ગુમરાહી ન ફેલાય એટલા માટે **"ક઼ાદયાની અહમદિયા જમાઅત"** કેવો ગુમરાહ ફિર્કો છે તેની વિગત અત્રે રજૂ કરીએ છીએ. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### તમામ નબીઓની શાનમાં બેઅદબી

મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની જૂઠો લખે છે :-

**(ફારસીનો અનુવાદ) :** "અંબિયા عَلَیْهِمُ السَّلَام દુનિયામાં ઘણા આવ્યા પણ હું મઅરેફતમાં કોઈ નબી કરતાં કમ નથી. દરેક નબીને જે વિશિષ્ટતાઓ અલગ અલગ મળી તે તમામે તમામ વિશિષ્ટતાઓ એક સાથે મને મળી, એટલા માટે હું યકીનન ! તે નબીઓમાંથી કોઈનાથી કમ નથી. અને જે આ વાતને ખોટી સમજે તે મરદૂદ છે." *(દુર્રે ષમીન, પેજ-૨૮૭, ૨૮૮, લેખક :- મિર્ઝા ક઼ાદયાની)*

આ છે મિર્ઝા ક઼ાદયાનીનો તે અકીદો તથા ઈમાન જે તેણે પોતાની ઉમ્મતને આપ્યો છે. અને તેની ઉમ્મતના સરદારોએ અક઼ીદાનો ખૂબ ખૂબ પ્રચાર કર્યો છે. જેમ કે મિર્ઝા ક઼ાદયાનીનો પુત્ર મિર્ઝા અહમદ કાદયાની કહે છે :-

"એ વાત જાહેર છે કે પહેલાનાં જમાનાઓમાં જે નબી થતા હતા તેઓના માટે એ જરૂરી ન હતું કે તેમનામાં તે તમામ કમાલો (ખૂબીઓ) રાખવામાં આવે જે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم માં રાખવામાં આવ્યા. બલ્કે દરેક નબીને પોતાની લાયકાત તથા કામના હિસાબે કમાલો આપવામાં આવ્યા હતા, કોઈને અધિક તો કોઈને થોડા. **પણ મસીહ મૌઊદ (ક઼ાદયાની)ને તો ત્યારે નબુવ્વત મળી જ્યારે તેણે નબુવ્વતે મુહમ્મદિયાના સર્વ કમાલો હાંસલ કરી લીધા** અને એ લાયક બની ગયો કે **ઝિલ્લી** નબી કહેવાય. વળી ઝિલ્લી નબુવ્વતે મસીહ મૌઊદ (કાદયાની)ના પગલાં પાછળ નથી હટાવ્યાં બલ્કે આગળ વધાર્યાં અને એટલા અંશે આગળ

વધાર્યાં કે નબી કરીમના લગોલગ લાવીને ખડો કરી આપ્યો.....છેવટ સુધી.'' *(કલિમતુલ્ ફઝ્લ)*

વળી એ જ સાહબઝાદો મિર્ઝા બશીર અહમદ એ જ કિતાબમાં આગળ લખે છે :–

''મસીહ મૌઊદ (કાદયાની)ની **ઝિલ્લી** નબુવ્વત કોઈ ઘટીયા (ઉતરતી કક્ષાની) નબુવ્વત નથી બલ્કે ખુદાની કસમ ! આ નબુવ્વતે જેવી રીતે આક઼ાના દરજાને બુલંદ કર્યો તેવી રીતે **ગુલામને પણ એ કક્ષાએ લાવીને ખડો કરી આપ્યો કે જ્યાં સુધી બની ઈસ્રાઈલના નબીઓની પહોંચ નથી.** મુબારક તે જે આ પોઈન્ટને સમજે અને તબાહીના ખાડામાં પડવાથી પોતે પોતાને બચાવે.'' *(કલિમતુલ ફઝ્લ, લેખક : બશીર અહમદ ક઼ાદયાની)*

જુઓ છો ને ! બાપ બેટાનો કમાલ ! (અલ્લાહની પનાહ !) હજી પણ જોતા ચાલો ! કાદયાની કઝ્ઝાબ કહે છે કે :–

''વિવિધ કમાલો જે અન્ય તમામ નબીઓમાં જોવા મળતા હતા તે તમામે તમામ હઝરત રસૂલે કરીમમાં સૌથી વિશેષ મૌજૂદ હતા. અને હવે તે સર્વ કમાલો હઝરત રસૂલે કરીમથી **ઝિલ્લી** તૌર પર મને (ક઼ાદયાનીને) અતા કરવામાં આવ્યા અને એટલા માટે મારું નામ આદમ, ઈબ્રાહીમ, મૂસા, નૂહ, દાઊદ, યૂસુફ, સુલૈમાન, યહ્યા, ઈસા છે.'' *(મલ્ફૂઝાતે અહમદિયા, ભાગ–૪, પેજ–૧૪૨, સંપાદક : મંઝૂર ઈલાહી ક઼ાદયાની)*

મિર્ઝા ક઼ાદયાની કઝ્ઝાબે પોતાની નબુવ્વતનું એલાન એકાએક નથી કર્યું બલ્કે ખૂબ જ ચાલાકીપૂર્વક ધોકાથી નબુવ્વતની મંઝિલ સુધી પહોંચ્યો અને પછી ખુદા અને ખુદાની ઉલૂહિયતનો દા'વો કરી નાખ્યો. જેમ કે તેની કિતાબોના અભ્યાસથી જાણવા મળે છે. દા.ત. તેના ક્રમવાર ઉડયનને જુઓ કે તેણે પ્રથમ મુહદ્દિષ હોવાનો દા'વો કર્યો પછી મુજદ્દિદ, પછી ઈમામુઝ્ઝમાં, પછી મિષ્લે મસીહ, પછી મસીહ મૌઊદ, પછી મેહદી, પછી મુલ્હિમ (ઈલ્હામ પામનાર) પછી હામિલે વહી (વહી પામનાર), પછી ખાતમુલ ઔલિયા, પછી ખાતમુલ ખુલફા, પછી યસૂઅનો એલચી, પછી મસીહ ઈબ્ને મરયમ, પછી મિષ્લે અંબિયા, પછી **ઝિલ્લે** મુહમ્મદ વ અહમદ, પછી ખાતમુલ અંબિયા, પછી નુત્ફએ ખુદા, પછી મઝહરે ખુદા, પછી ખુદાનો પુત્ર, પછી ખુદાનો બાપ અને એના પછી નજાણે શું શું ?!

## મિષ્લ, ઝિલ્લ તથા બરૂઝ વગેરેનાં ભાવાર્થ

**''ઝિલ્લી''**નો અર્થ છે સાયો અથવા છાંયડો જેમાં અસલની શક્લ સાફ નજર નથી આવતી બલ્કે અસ્પષ્ટ (ઝાંખી) હોય છે. અને જો ધુંધરાપણુ દૂર થઈ જાય અને તેના ગુણો અથવા કોઈ એક ગુણ તેમાં અંકિત થઈ જાય તો તેને **''મિષ્લ''** કહે છે પછી સાયો પોતાની અસલની પૂરી તસ્વીર બની જાય અને તેની ખૂબીઓ **''ઝિલ્લ''**માં આવી જાય અથવા બીજા શબ્દોમાં કે એક શરીરની રૂહ તબદીલ થઈને બીજા શરીરમાં આવી તો તે જ **બરૂઝ** કહેવાય છે જેને હિંદીમાં **પુનર્જન્મ** તથા અરબીમાં **તનાસુખ** કહે છે. આ સ્પષ્ટતા એટલા માટે કરી છે કે કાદયાની ધર્મની બોલીમાં આ શબ્દોનો પ્રયોગ ખૂબ જોવા મળે છે જેથી તેના પ્રપંચને સમજવામાં સરળતા રહે.

ક઼ાદયાનીની તા'લીમ હેઠળ ઉછરેલો એક ક઼ાદયાની મોલ્વી મુહમ્મદ અહસન અમરોહી મિર્ઝા ક઼ાદયાની વિશે આ પ્રમાણે ગપ્પાં હાંકે જાય છે :–

''પહેલાંના ઉલૂલ અઝ્મ અંબિયામાં પણ આ અઝમત તથા શાનવાળો કોઈ નથી થયો. હદીષમાં તો એ છે કે, ''જો મૂસા તથા ઈસા હયાત હોત તો આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈત્તેબાઈ (અનુસરણ) વગર તેમને કોઈ ચારો ન હતો.'' પણ હું કહું છું કે **મસીહ મૌઊદ (મિર્ઝા ક઼ાદયાની)ના સમયમાં**

**પણ મૂસા તથા ઈસા હોત તો મસીહ મૌઊદ (ક઼ાદયાની)નું જરૂર અનુસરણ કરવું પડત."** *(અલ્ ફઝ્લ, ક઼ાદયાન, ૧૮–૩–૧૯૧૬, જિલ્દ–૩, અંક–૯૭)*

ઉપરોક્ત લખાણમાં મિર્ઝા ક઼ાદયાનીએ તમામ ઉલૂલ અઝ્મ અંબિયાની શાનમાં બેઅદબી કરી છે. હવે આ કઝ્ઝાબે ઈસા ﷺ તથા હઝરત મરયમની શાનમાં શું બકવાસ કરી છે તેને પણ જાણી લો :–

## હઝરત ઈસા તથા હઝરત મરયમની શાનમાં ગુસ્તાખી

**(૧)** ખુદાએ આ ઉમ્મતમાંથી મસીહ મૌઊદ (મિર્ઝા ક઼ાદયાની) મોકલ્યો છે જે એ પહેલા મસીહ (ઈસા) કરતાં પોતાની તમામ શાનમાં વિશેષ છે. મને ક઼સમ છે તે જાતની જેના હાથમાં મારી જાન છે કે **જો મસીહ ઈબ્ને મરયમ મારા જમાનામાં હોત તો તે કામ જે હું કરી શકુ છું તે કદી પણ ન કરી શકત અને તે મો'જિઝા જે મારાથી જાહેર થઈ રહ્યા છે તે કદાપિ ન દેખાડી શક્ત."** *(હકીકતુલ વહી, પેજ–૧૪૮, લેખક : મિર્ઝા ક઼ાદયાની)*

**(૨)** "વરસાદના દિવસોમાં હજારો કીડા મકોડા આપોઆપ પેદા થઈ જાય છે, અને હઝરત આદમ પણ વગર મા બાપે પેદા થયા. તો પછી હઝરત ઈસાની આ પેદાઈશથી કોઈ બુઝુર્ગી એમની સાબિત નથી થતી, **બલ્કે વિના બાપે પેદા થવું અમુક ખૂબીઓથી મેહરૂમ હોવા વિશે દલીલ પૂરી પાડે છે."** *(ચશ્માએ મસીહી, પેજ–૧૮, લેખક : મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાની)*

**(૩)** "હઝરત મસીહ ઈબ્ને મરયમ (ઈસા) પોતાના બાપ યૂસુફની સાથે બાવીસ (૨૨) વર્ષો સુધી સુથારી કામ પણ કરતા રહ્યા છે. *(ઈઝાલાએ અવહામ, પેજ–૩૦૩, લેખક : મિર્ઝા ક઼ાદયાની)*

**(૪)** "પ્રારંભ પણ તેમનો (ઈસાનો) લઅ્નતથી છે અને અંત પણ લઅ્નતથી. જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો એનો મિસ્દાક (જેના પર લાગુ થાય તે) કોઈ પણ જોવા નથી મળતો. યહૂદી લોકો તો ખૈર લઅ્નત કરતા જ હતા પરંતુ ખુદ તેમના (ઈસાના) હવારી પણ લઅ્નત કરવાથી ન રોકાઈ શક્યા. હવારીઓ (સાથીઓ)માં એક જણે ત્રણ વાર એમના પર લઅ્નત કરી." *(મલ્ફૂઝાતે અહમદિયા, ભાગ–૭, પેજ–૪૬૧, સંપાદક : મંઝૂર ઈલાહી ક઼ાદયાની લાહોરી)*

**(૫)** "ઈસાઈઓએ આપના (હઝરત ઈસાના) ઘણા મો'જિઝાઓ લખ્યા છે પણ હક્ક઼ વાત એ છે કે આપના થકી કોઈ મો'જિઝો થયો નથી, જે દિવસથી આપે મો'જિઝો માંગનારાઓને ગંદી ગાળો આપી અને તેમને હરામકાર અને હરામની ઔલાદ ઠરાવ્યા તે દિવસથી શરીફો આપનાથી દૂર થઈ ગયા." *(ઝમીમા અંજામે આથમ, પેજ–૬, લેખક : મિર્ઝા ક઼ાદયાની)*

**(૬)** "હા ! આપ (હઝરત ઈસા ﷺ)ને ગાળો આપવાની અને બદ્ઝબાનીની પુષ્કળ પ્રમાણમાં આદત હતી. મામૂલી મામૂલી વાતમાં ગુસ્સો આવી જતો હતો. પોતાના નફ્સને જઝબાતથી રોકી શક્તા ન હતા. પણ મારી (કાદયાનીની) દ્રષ્ટિએ આપની હરક્તો અફસોસ કરવાને પાત્ર નથી કેમ કે આપ તો ગાળો આપતા હતા અને યહૂદી હાથ વડે કસર પૂરી કરી લીધા કરતા હતા. એ વાત પણ યાદ રાખશો કે આપને અમુક અંશે જૂઠ બોલવાની પણ આદત હતી." *(હવાલો ઉપર મુજબ, પેજ–૫)*

**(૭)** "આપનું ખાનદાન પણ અતિશય પવિત્ર તથા પાક છે ! (કટાક્ષ) ત્રણ દાદીઓ તથા તથા નાનીઓ આપની ઝિનાકાર તથા કેટલીયે સ્ત્રીઓ

હતી જેમના લોહી થકી આપનું વજૂદ અસ્તિત્વમાં આવ્યું. આપનું નાચનારીઓ પ્રતિ આકર્ષણ તથા સોહબત કદાચ એ કારણે હોય કે દાદા તરફની નિસ્બત દરમ્યાનમાં છે, નહીં તો કોઈ પરહેઝગાર માણસ એક યુવાન નાચનારીને એ મોકો નથી આપી શક્તો કે તેણી તેના માથા પર પોતાનો નાપાક હાથ લગાડી દે અને ઝિનાકારીની કમાણીનું નાપાક અત્તર તેના માથા પર લગાડે અને પોતાના વાળોને તેના પગો પર ઘસે. સમજનારાઓ સમજી લે કે આવો માણસ કયા ચલનનો માણસ હોઈ શકે છે." *(હવાલો : ઉપર મુજબ, પેજ–૭)*

**(૮)** "ઈબ્ને મરયમના ઝિક્રને છોડો ! એનાથી બેહતર ગુલામ અહમદ છે." *(ઈઝાલતુલ્ અવહામ, પેજ–૬૯)*

**(૯)** "પછી ખુદાએ આપનું નામ ઈસા રાખ્યું છે જેથી પ્રથમ ઈસા (عليه الصلوٰة والسلام)ને યહૂદીઓએ સૂળીએ લટકાવી દીધા હતા પણ આપ (મિર્ઝા ક઼ાદયાની) આ જમાનાના યહૂદી ખાસિયતવાળા લોકોને સૂળીએ લટકાવશે." *(તકદીરે ઈલાહી, પેજ–૨૯, મિર્ઝા મહમૂદ અહમદ ખલીફાએ ક઼ાદયાની)*

મિર્ઝા ગુલામ અહમદ કાદયાની અને કાદયાની ધર્મના લીડરોનાં ઈમાનસોઝ નાપાક લખાણોમાંથી અમુક જ નમૂના આપે ઉપર જોયા એના પરથી ક઼ાદયાની ધર્મના ઈમાન તથા અક઼ીદાનો આપ અંદાઝો લગાડી લો કે હઝરત ઈસા عليه الصلوٰة والسلام વિશે કેટલા નીચ ગંદા ગંદા અક઼ીદા તેઓ ધરાવે છે. જો ઉપરોક્ત લખાણોની સ્પષ્ટતા વર્ણન કરવામાં આવે તો એમાં હજારો કુફ્રી વાતો ચમકતા સૂરજની જેમ ઉઘાડી સામે આવી જાય છે. અને એ જ કુફ્રી વાતોને કાદયાનીઓએ ગળે લગાડી રાખી છે.

## ખાતમુન્નબિય્યીન બેમિષ્લ નબી મુહમ્મદ મુસ્તફા صلى الله تعالىٰ عليه وسلم ની શાનમાં ગુસ્તાખી

ઘણા જ અફસોસ સાથે કહેવું પડે છે કે મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાનીએ ગુલામ અહમદ નામ રાખવા છતાં ડંકાની ચોટ પર નબી આખિરુઝ્ઝમાં صلى الله تعالىٰ عليه وسلم સાથે સમાનતા તથા બરાબરીનો દા'વો કર્યો અને પોતાને ન કેવળ તેમના મિષ્લ (જેવો) તથા નઝીર (સમાન) લખ્યો બલ્કે અયન મુહમ્મદ ( صلى الله تعالىٰ عليه وسلم ) હોવાનો બાતિલ (જૂઠો) દા'વો પણ કર્યો અને ક઼ાદયાની ધર્મવાળાઓએ તેને સમર્થન કરી તેને પોતાનું ઈમાન તથા અક઼ીદો ઠરાવ્યો. પોતાની ડઝનબંધી કિતાબોમાં મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાનીએ એ બાબતનો દા'વો કર્યો છે કે :–

"હું ઈસ્લામના પયગંબર ખાતમુન્નબિય્યીન મુહમ્મદ રસૂલુલ્લાહ صلى الله تعالىٰ عليه وسلم નો (બરૂઝી) **અવતાર** તથા **સાચો** (ઝિલ્લ) છું અને સાયો પોતાની અસલથી અલગ કોઈ ચીજ નથી એટલા માટે **હું પણ જાણે મુહમ્મદ જ છું** અને જે ફઝાઈલ તથા ખૂબીઓ, કમાલો તેમના છે તે મારા પણ છે. **તો જે શખ્સ પણ મારામાં અને મુહમ્મદમાં ફરક કરે છે તે મારી દ્રષ્ટિએ મુસલમાન જ નથી."**

એક જગાએ તેનો સાહબઝાદો બશીર અહમદ ક઼ાદયાની લખે છે :–

"શું એ વાતમાં કોઈ શંકા રહી જાય છે કે કાદયાનમાં અલ્લાહ તઆલાએ ફરી મુહમ્મદ (صلى الله تعالىٰ عليه وسلم)ને ઉતાર્યા જેથી પોતાના વાયદાને પૂરો કરે." *(કલિમતુલ ફઝ્લ, લેખક : બશીર અહમદ કાદયાની, પેજ–૧૦૫)*

એનાથી જાણવા મળે છે કે પુનર્જન્મનો અકીદ઼ો (કે જે કુફ્ર છે) ક઼ાદયાની ધર્મમાં સામાન્ય રીતે માનવામાં આવે છે, જેનો વારંવાર તેમની કિતાબોમાં ઉલ્લેખ જોવા મળે છે.

શાને રિસાલતમાં ગુસ્તાખી કરતાં ક઼ાદયાની ધર્મનો ક઼ાઝી ઝહૂરુદ્દીન અકમલ પુનર્જન્મ (જન્મ જન્મના ફેરા)ને ન કેવળ સમર્થન જ કરે છે બલ્કે પોતાના નબી ક઼ાદયાનીને હુઝૂરની શાન તથા અઝમતની સરખામણીમાં વધારી દે છે જેને ક઼ાદયાની અખ્બારો તથા કિતાબોમાં છપાવામાં આવે છે :–

*મુહમ્મદ ફિર ઉતર આયે હૈ હમમેં*
*ઔર આગેસે બઢ્હકર હૈ અપની શાનમેં*
*મુહમ્મદ દેખને હોં જિસ્ને 'અકમલ'*
*ગુલામ અહમદકો દેખે ક઼ાદયાનમેં*

એટલે કે, "મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) ફરી આપણામાં ઉતરી આવ્યા અને અગાઉ કરતાં પણ શાનમાં વધારે છે ! મુહમ્મદ જેણે જોવા હોય તે કાદયાનમાં મિર્ઝા ગુલામ અહમદ ક઼ાદયાનીને જુએ." એટલે ક઼ાદયાની પોતે જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કરતાં શાનમાં વધીને આવેલ છે. ખાતિમુલ અંબિયા علیہ الصلوٰۃ والسلام ની ખાત્મિયતનો ઈન્કાર મિર્ઝા કાદયાનીએ આ રીતે કર્યો છે :–

"ખાતમુન્નબિય્યીન આવનારા નબીઓ માટે રોક નથી, મહાન નબીઓ હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ના ગુલામોમાં પેદા થશે."*(અલ્ ફઝ્લ ખાતમુન્નબિય્યીન નંબર, પેજ–૧૫, ઈ.સ. ૧૨–૬–૧૯૨૮)*

ક઼ાદયાનીના ખલીફા મિર્ઝા મહમૂદ પોતાના ખત્મે નબુવ્વતના અક઼ીદાનું એલાન આ શબ્દોમાં કરે છે !

"તેમણે (અહલે સુન્નત વ જમાઅતે) એવું સમજી લીધું છે કે ખુદાના ખજાનાઓ ખત્મ થઈ ગયા. તેમનું એવું સમજવું ખુદા તઆલાની ક઼દરને જ ન સમજવાના કારણે છે, નહીં તો **એક નબી શું હું તો કહું છું કે હજારો નબી થશે."** *(અન્વારુલ્ ખિલાફત, પેજ–૬૨)*

## હઝરત અબૂબક્ર તથા હઝરત ઉમરની શાનમાં ગુસ્તાખી

નબીઓ બાદ સર્વ ઉમ્મતીઓમાં સૌથી શ્રેષ્ઠ મર્તબો ધરાવનાર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ છે. જેમની શાનમાં બેઅદબી કરતાં ગુલામ અહમદ ક઼ાદયાની લખે છે :–

"હું તે જ મેહદી છું જેના વિશે ઈબ્ને સીરીંને પૂછવામાં આવ્યું કે શું તે હઝરત અબૂબક્રના દરજ્જા પર હશે ? તેમણે જવાબ આપ્યો કે અબૂબક્ર તો શું તે અમુક અંબિયાથી બેહતર છે !" *(તબ્લીગી રિસાલત, ભાગ–૯, પેજ–૩૦)*

ક઼ાદયાની હકીમુલ ઉમ્મત મિયાં મહમૂદ હુસૈન એક જગાએ લખે છે :–

"..........**અબૂબક્ર** તથા **ઉમર** શું હતા ? તે તો હઝરત અહમદ (ક઼ાદયાની)ના જોડા (બુટ)ની દોરી ખોલવાને લાયક ન હતા." *(અલ્ મહદી, પેજ–૫૭, હકીમ મુહમ્મદ હુસૈન કાદયાની)*

શું આનું નામ જ ક઼ાદયાની પંથમાં ઈમાન તથા ઈસ્લામ છે કે ક઼ાદયાની કઝ્ઝાબ સિવાય સર્વની તૌહીન જ કરવી !

કયાં સુધી વર્ણન કરવામાં આવે ?! આ મિર્ઝા ક઼ાદયાની તથા તેના ચેલા સર્વે બદ્બખ્તોએ વીણી વીણીને નબીઓ, રસૂલોની, સૈયદુલ અંબિયાની તેમ જ સહાબાની સખ્તથી સખ્ત તૌહીનો કરી છે જેને વર્ણન કરતાં દિલ ધ્રુજી ઉઠે છે. કુત્બુલ અક્તાબ, શયખુલ ઉલમા હઝરત સૈયેદેના પીર મહર અલી શાહ સાહબ ગોલડવી, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની સૈયેદેના અહમદ સરહિંદી, હુઝૂર ગૌષે પાક શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની, હઝરત ઈમામ હુસૈન, હઝરત અબૂબક્ર, હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم, હઝરત ફાતેમા ઝોહરા, પાક પંજતન, તમામ સહાબીઓ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن તથા

**તમામ મુસલમાન ઉમ્મતની કલ્પના બહારની તૌહીન કરી છે અને જૂઠાએ સદંતર જૂઠાણા લખીને હવાઈ કિલ્લા બાંધી પોતાના વખાણો લખ્યાં છે.**

## કાદયાનીને ન માનનારને તેણે હલકી ગાળો ભાંડી !

આ કઝ્ઝાબ જૂઠા નબી હોવાના દાવેદાર મિર્ઝા કાદયાનીની હલકી ભડવા જેવી બિભત્સ ભાષા સાંભળવા ચાહતા હોઉ તો આ નમૂનો જાઈ લો ! :

''રંડીઓના બાળકો જેમનાં દિલો પર અલ્લાહે મોહર લગાડી દીધી છે તેમના સિવાય સર્વ લોકો મારી નબુવ્વત પર ઈમાન લાવી ચૂક્યા છે.'' *(આઈનાએ કમાલાતે અહમદિયા, પેજ–૫૪૭)*

''અમારા દુશ્મન (તેને ન માનનારા) જંગલોના સુવ્વર બની ગયા અને તેમની સ્ત્રીઓ કૂતરીઓ કરતાંય વધી ગઈ.'' *(નજમુલ્ હુદા, પેજ–૧૦)*

''તે લોકોએ ચોરો, ડાકૂઓ અને હરામીઓની જેમ પોતાની સહાયક ગવર્નમેન્ટ (અંગ્રેજો) પર હુમ્લો શરૂ કરી આપ્યો.'' *(એક ગલતીકા ઈઝાલા, પેજ–૭૨૪, લેખક : મિર્ઝા કાદયાની)*

સાચી વાત છે કે જૂઠા નબીની ભાષા આવી જ હોય છે ! અને જાલિમ અંગ્રેજો વિરૂધ્ધ ચળવળ ચલાવનાર મુસલમાન મુજાહિદોને ચોર, ડાકૂ અને હરામી કહ્યા જે તેના પર એહસાન કરનારી તેને પોષનારી ગવર્નમેન્ટ હતી.

અને જે તેની જમાઅત (કાદયાની)માં દાખલ થયો તેના વિશે કેટલી ભ્રામક વાત કહે છે કે, ''જે વ્યક્તિ મારી જમાઅત (કાદયાની)માં દાખલ થયો તે હકીકતમાં સરદાર ખૈરુલ મુરસલીનના **સહાબી**ઓમાં દાખલ થયો.'' *(ખુત્બાએ ઈલ્હામિયા, પેજ–૨૫૮, લેખક : મિર્ઝા ગુલામ અહમદ કાદયાની)*

કાદયાની કઝ્ઝાબનું એક ઔર જૂઠાણુ જુઓ અને તેના પર લઅ્નત મોકલો :–

''સૌથી મહન ફઝ્લ અને ઈનામ એ છે કે ખુદા તઆલા કોઈની સાથે કલામ (વાત) કરે પરંતુ એનાથી બીજા ક્રમે એ છે કે ખુદા તઆલા સાથે કલામ કરનાર માણસ સાથે સંબંધ હોય. કેમ કે નબીઓને ખુદા તઆલા સાથે વાસ્તા વિના (ડાયરેક્ટ) સંબંધ હોય છે. **પરંતુ હું તો જોઉં છું કે અમારી (કાદયાની) જમાઅતના અમુક માણસોની સાથે ખુદા તઆલા ડાયરેક્ટ કલામ (વાત) કરે છે.''** *(ખુત્બાએ જુમ્આ, મિર્ઝા મહમૂદ ખલીફાએ કાદયાન, અલફઝ્લ, જિલ્દ–૩, અંક–૧૧, જૂલાઈ, ઈ.સ. ૧૯૧૫)*

આ લખાણને ઈમાનની નજરે ઠંડા કલેજે વાંચો અને સોચો કે કેવાં કેવાં જૂઠાણા કાદયાની ધર્મમાં હાંકવામાં આવે છે.

## કુર્આને પાકની તૌહીન

મિર્ઝા ગુલામ અહમદ કાદયાની કઝ્ઝાબનો ગુમરાહ ખલીફા મિર્ઝા મહમૂદ પોતાના જુમ્આના પ્રવચનમાં એલાન કરે છે :–

''એ જ કારણે હવે કોઈ કુર્આન નથી સિવાય એ કુર્આનના કે જે હઝરત મસીહ મવઊદ (કાદયાની)એ રજુ કર્યું અને કોઈ હદીષ નથી સિવાય તે હદીષના જે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ની રોશનીમાં જોવામાં મળે. એ જ રીતે રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું વજૂદ એ જ ઝરીયાથી નજર આવશે કે હઝરત મસીહ મૌઊદ (કાદયાની)ની રોશનીમાં જોવામાં આવે. જો કોઈ ચાહે કે આપથી (કાદયાનીથી) અલગ થઈને જોઈ શકે તો તેને કાંઈ જોવામાં આવશે નહીં. એ જ રીતે (કાદયાનીથી હટીને) જો કોઈ કુર્આનને પણ જોશે તો તેના માટે હિદાયત આપનારું કુર્આન હશે નહીં પણ ગુમરાહ કરનારું કુર્આન હશે......(છેવટ સુધી). *(અલ્ ફઝ્લ, કાદયાન, જિલ્દ–૧૨, અંક–૪)*

આ મિર્ઝાઈ કાદયાનીની ખિલાફતની અસર છે કે તેની રોશનીમાં "બરાહીને અહમદિયા"ના સિવાય કોઈ કુર્આન નથી અને "મલ્ફૂઝાતે અહમદિયા" સિવાય કોઈ હદીષ નથી. આમાં કુર્આને પાકની તથા હદીષની સરાસર તૌહીન છે.

## મુબારક–હદીષોની તૌહીન

કઝ્ઝાબ કાદયાનીનો ખલીફા મરદૂદ આપણા નબી કરીમ મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ના હદીષોના વિશે કેટલી ઉધ્ધતાઈપૂર્વક લખે છે કે :–

"જો હદીષોને પોતાની રીતે પઢશો તો તે મદારીના પટારાથી વિશેષ હૈસિયત ધરાવશે નહીં. હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની) કહ્યા કરતા હતા કે હદીષોની કિતાબોનું દ્રષ્ટાંત તો મદારીના પટારા જેવું છે જેવી રીતે મદારી જે ચાહે છે તેમાંથી કાઢી લે છે એ રીતે જે ચાહો તે એમાંથી કાઢી લો ! (પછી કહે છે) જેથી હઝરત મસીહ મૌઊદ (કાદયાની) ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક કહે છે કે, મોલ્વી લોકો હદીષ લઈને ફરતા રહે છે પણ હદીષોનું એ કામ નથી કે મારા વિશે ફૈંસલો કરે, બલ્કે મારું કામ છે કે ફલાણી હદીષ દુરુસ્ત છે અને ફલાણી ગલત." *(હવાલો ઉપર મુજબ, ઈ.સ. ૧૯૨૪)*

## મક્કા–મદીના તથા હજ્જની તથા ઈસ્લામની તૌહીન

આ લખાણમાં હદીષે પાકની સખ્તતરીન તૌહીન જૂઠા નબી કાદયાનીએ કરી છે. તે ઉપરાંત તેણે બયતુલ્લાહ શરીફ, **હરમેપાક** તથા મક્કા મદીનાની ભરપુર તૌહીન કરેલી છે. તેણે **કાદયાનની ભૂમીને હરમની ભૂમી** અને તેના માનનારાઓની કાદયાનમાં થતા **જલસામાંની હાજરીને હજ્જ** ઠરાવી, એ રીતે તૌહીન કરીને ઈસ્લામથી બગાવતનું એલાન કર્યું છે.

તેનો મહમૂદમિયાં ખલીફા મરદૂદ એક જગાએ લખે છે કે : "હઝરત મસીહ મૌઊદ (મિર્ઝા કાદયાની)નું એ જ ઈલ્હામ છે કે હું મક્કામાં મરીશ અથવા મદીનામાં. તો એના સંબંધે અમે તો એવું કહીએ છીએ કે એ બંનેવ નામ (મક્કા–મદીના) કાદયાનનાં છે. પણ લાહોરી કાદયાની ગૃપ મદીના લાહોરને અને મક્કા કાદયાનને ઠરાવે છે અને એ જ વાત પર તેઓ અડેલા છે." *(હવાલો ઉપર મુજબ, ઈ.સ. ૧૯૩૩)*

આવી જ તરકટ વાતો દર્શાવી **મસ્જિદે અક્સા**ની પણ તૌહીન કરી છે, **હજ્જ**ની પણ તૌહીન કરી છે, અને **ઈસ્લામની તૌહીન** આ શબ્દોમાં કરી છે :–

"હઝરત મિર્ઝાને છોડીને જે ઈસ્લામ બાકી રહી જાય છે તે શુષ્ક (લુખો) ઈસ્લામ છે. એ જ પ્રમાણે આ ઝિલ્લી (કાદયાનની) હજ્જને છોડીને મક્કાવાળી હજ્જ પણ શુષ્ક રહી જાય છે. કેમ કે ત્યાં આજકાલ હજ્જના મકસદો પૂરા નથી થતા."

## ઈસ્લામી જેહાદનો ઈન્કાર તથા તૌહીન

જેહાદ ઈસ્લામી ફર્ઝોમાંથી એક મહત્વનો ફર્ઝ છે કે જ્યારે જરૂરત તથા સંજોગો તેના લાયક ઉપસ્થિત હોય, તેની જરૂરિયાતો પૂરી થતી હોય તો મુસલમાનો પર જેહાદ ફર્ઝ થઈ જાય છે. એ કુર્આનમાં અલ્લાહ તઆલાનો આવેલો હુકમ છે, તેમાં કિયામત સુધી કાંઈ ફેર થઈ શકવાનો નથી. પણ અંગ્રેજોનો નમકખ્વાર ગુલામ કઝ્ઝાબ મિર્ઝા કાદયાની જૂઠાણુ લખે છે કે :–

"આજથી ઈન્સાની જેહાદ જે તલ્વારથી કરવામાં આવતો હતો તે ખુદાના હુકમથી બંધ કરવામાં આવ્યો. અને હવે પછી જે વ્યક્તિ કાફિર પર તલ્વાર ઉઠાવે અને પોતાનું નામ ગાઝી રાખે છે તો તે રસૂલ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નાફર્માની કરે છે જેણે આજથી ૧૩૦૦ વરસ પહેલાં ફર્માવી દીધુ છે કે મસીહ મૌઊદ (કાદયાની)ના આગમન પર તલ્વારનો જેહાદ વધુ પેજ નં. ૩૩....પર

# સહાબી સ્ત્રીઓની

## બાળ કેળવણીનો તરીક઼ો

"મારાં બાળકો અલ્હમ્દુલિલ્લાહ ! બહુ સારાં છે, મેં શહેરની સારી સ્કૂલમાં તેમનું એડમિશન કરાવ્યું છે, તેઓ હમેશાં અભ્યાસ કરે છે, તેઓ ફાલતુ કામ નથી કરતાં, મારા ઘરનો માહોલ પણ ઘણો સારો છે, મારાં બાળકો અપશબ્દો નથી બોલતાં, મારપીટ નથી કરતાં, હમેશાં પ્યાર મહોબ્બતથી રહે છે અને પોતાના મા બાપ તથા વડીલોનું સન્માન કરે છે."

કદાચ ! જ આપણામાંથી કોઈ એવો હશે જે પોતાના બાળકો માટે સફળતાનું આ "મંત્ર" ન જપતો હોય, પરંતુ જરા વિચારો કે શું બાળકની કેળવણી માટે કેવળ આ જ બાબતો પૂરતી છે ?!

બાળકો ત્યાં સુધી પ્રભાવિત નથી થતાં જ્યાં સુધી કે તેમની સમક્ષ કોઈ નમૂનો, કોઈ દૃષ્ટાંત ન હોય. આપ તેમની સામે ભલે કેટલુંયે સારામાં સારું લેક્ચર દઈ દો, આપ તેમને હજારવાર એ આગ્રહ કરો કે મારા પ્રિય દિકરા! જૂઠુ ન બોલો, હમેશાં સાચુ બોલો, વડીલોનું સન્માન કરો, કદી કોઈની સાથે ઝઘડો ન કરો, અપશબ્દ ન બોલો, મારપીટ ન કરો. પરંતુ આપનો અમલ આનાથી વિપરિત હશે તો યક઼ીનન જાણો બાળક પર કંઈ પણ અસર નહીં થાય. કારણ કે તેમનામાં તે સમયે એટલી જ સમજ નથી હોતી કે તમારી ચિંતનમય વાતોને સમજી શકે. તે તો એ જ કરશે જે તમને કરતાં જોશે. માત્ર ઉપરોક્ત "મંત્ર"થી સંતુષ્ઠ થઈ બેસી રહેવું અકલમંદી હરગિઝ નથી. એટલા જ માટે આપણા દીનમાં કેવળ તા'લીમ પર ભાર નથી આપવામાં આવ્યો, બલ્કે સાથે સાથે તર્બિયત (કેળવણી) માટે પણ પ્રેરિત કર્યા છે. કારણ કે જો કેવળ તા'લીમ હોય અને તર્બિયત ન હોય તો અધિક્તમ એવું થાય છે કે આવી તા'લીમ ફાયદાની જગાએ નુકસાન પહોંચાડે છે અને આવી તા'લીમથી નકારાત્મક શક્તિઓને બળ મળે છે. એટલે આપણે એ સમજી લેવું જોઈએ કે તર્બિયત કોને કહેવાય છે અને તે કઈ રીતે થાય છે.

પોતાના બાળકને એક સારો મુસલમાન અને એક ઉત્તમ નાગરિક બનાવવા માટે અત્રે સહાબિય્યાત رضوان الله تعالىٰ عليهم اجمعين ની પવિત્ર સીરતના ઉજ્જવળ પાનાં વાંચકો સમક્ષ રાખવામાં આવે છે. જેમાં આપ વાંચશો કે એ મહાન માતાઓએ ખુદ પોતાના બાળકો સમક્ષ એવો અમલી નમૂનો રજૂ કર્યો કે તેમનાં બાળકો એ નમૂનામાં આપોઆપ ફીટ થતાં ગયાં.

આપે કદી વિચાર્યું કે શરૂ ઈસ્લામનો યુગ "ખૈરુલ કુરૂન" કેમ હતો ? કારણ કે તે સમયની માતાઓએ પોતાનાં બાળકોને ઉચ્ચ સંસ્કાર શિખવ્યા હતા, તેમનું ચરિત્ર ઘડતર અને તેમને ભલા બુરાની સમજ આપી હતી. આ તે જ તર્બિયતની અસર અને બરકત હતી કે નબીએ કરીમ ﷺએ "ખૈરુલ કુરૂન" (સૌથી ઉત્તમ જમાનો) નબ્વી યુગ પછી તે પછીના જમાનો અને તેના પછીના જમાનાને પણ "ખૈરુલ કુરૂન" બતાવ્યો. *(મિશ્કાત)*

### હઝરત અસ્મા رضی اللہ عنہاનો કેળવણીનો તરીક઼ો

પ્રથમ ખલીફા હઝરત સૈયદના સિદીક઼ે અકબર رضی اللہ عنہની સાહબઝાદી હઝરત અસ્મા رضی اللہ عنہાએ પોતાના પુત્ર હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૅર رضی اللہ عنہની એ રીતે તર્બિયત ફર્માવી કે તે સમયના જાલિમ બાદશાહ સામે પણ પોતાના મંતવ્યથી એક ડગ પણ પાછળ હટવા

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

તૈયાર ન થયા. જેમ કે આપે સલ્તનતે બનૂ ઉમય્યાનો શાસક યઝીદ જે સંપૂર્ણ ફિસ્કો ફુજૂરમાં સપડાયેલ હતો એની બયઅતથી સદંતર ઈન્કાર કરી દીધો. તેઓ મક્કામાં રહ્યા અને ત્યાંથી જ પોતાની ખિલાફતનું એલાન કર્યું. આપની શાન અને આપના મર્તબાને સૌ માનતા હતા એટલા માટે સમગ્ર મુસ્લિમ જગતે તેમની ખિલાફત સ્વીકારી, પરંતુ જ્યારે અબ્દુલ મલિક બિન મરવાનના હાથમાં શાસન આવ્યું તો તેણે પોતાની યુક્તિથી અમુક રાજ્યો પર ક઼બ્જો કરી લીધો અને હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہના મુક઼ાબલાની તૈયારી કરી. શામી લશ્કરે જ્યારે કા'બએ મુક઼દ્દસાનો ઘેરાવ કર્યો તો હઝરત અબ્દુલ્લાહ પોતાનાં વાલિદા પાસે આવ્યા. તે સમયે આપની વાલિદા બીમાર હતા. હાલ પૂછયો તો ફર્માવ્યું, બીમાર છું. આપે કહ્યું, ઈન્સાનને મૃત્યુ પછી આરામ મળે છે. હઝરત અસ્મા رضی اللہ عنہاએ ફર્માવ્યું, શાયદ ! મારી મૌતની તમન્ના છે પરંતુ હું હમણા મૌત પસંદ નથી કરતી. મારી તમન્ના એ છે કે તું લડીને ક઼ત્લ કરવામાં આવે અને હું સબ્ર કરું અથવા તું સફળ થાય અને મારી આંખો ઠંડી થાય. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہ હસીને ચાલ્યા ગયા. શહાદતનો સમય આવ્યો તો ફરી વાલિદાની ખિદમતમાં હાજર થયા અને સુલેહ સંબંધે મશ્વરો કર્યો. ફર્માવ્યું, બેટા ! ક઼ત્લના ડરથી અપમાનજનક સુલેહ ઉચિત નથી એટલા માટે કે ઈજ્જતની સાથે તલવાર મારવી ઝિલ્લતની સાથે કોરડો મારવાથી બેહતર છે.

આ હઝરતે અસ્મા رضی اللہ عنہاની તર્બિયતનું જ પરિણામ હતું કે મૌતના સાયાને જોઈને પણ તેમની અડગતામાં કમી ન આવી અને તેમણે શહાદતનો જામ પી લીધો.

## હઝરત સફિય્યા رضی اللہ عنہاની કેળવણી પદ્ધતિ

હઝરત સફિય્યા رضی اللہ عنہاએ પોતાના પુત્ર હઝરત ઝુબેર رضی اللہ عنہની તર્બિયત અત્યંત ઉત્તમ રીતે કરી. તેમની ઈચ્છા હતી કે તેમનો પુત્ર મોટો થઈ એક નીડર સિપાહી બને. એટલા માટે જ આપ હઝરત ઝુબેર رضی اللہ عنہથી સખત પરિશ્રમ કરાવતા અને કદી કદી ધાક ધમકી અને મારપીટથી પણ ન ચૂકતાં. હઝરત ઝુબેર رضی اللہ عنہના કાકા હઝરત નૌફેલ બિન ખુવૈલિદ એક દિવસ ભત્રીજાને માના હાથે માર પડતો જોઈને બેચેન થઈ ગયા અને હઝરત સફિય્યા رضی اللہ عنہاને કહ્યું કે આ રીતે તો પુત્રને મારી નાખીશ ! નૌફેલે બનૂ હાશિમ અને પોતાના ક઼બીલાના અન્ય લોકોથી પણ કહ્યું કે તેઓ હઝરત સફિય્યહ رضی اللہ عنہاને બાળક પર સખ્તી કરવાથી રોકે. જ્યારે તેમની સખ્તીની ચર્ચા થઈ તો આપે લોકો સમક્ષ આ પંક્તિ પઢી :–

(ભાવાર્થ) : "જેણે કહ્યું કે હું આ (ઝુબેર)થી અદાવત રાખુ છું તેણે ખોટુ કહ્યું. હું તેને એટલા માટે પીટુ છું કે તે બુદ્ધિવાળો થાય, અને ફૌજને પરાજિત કરે અને માલે ગનીમત જમા કરે."

આ હઝરત સફિય્યા رضی اللہ عنہاની કેળવણીની પદ્ધતિ હતી. આપે પોતાના પુત્રને બહાદૂરી અને નીડરતાના પાઠ શિખવ્યા અને ઈસ્લામના વિરુદ્ધ તલ્વાર ઉઠાવનારાઓ વિરુદ્ધ તલ્વાર ઉઠાવનારા લોકોના સામનાના માટે સબક઼ો પઢાવ્યા. આ તેમની જ તર્બિયતની અસર હતી કે હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہએ અલઈસાબમાં લખ્યું છે કે હઝરત ઝુબેર رضی اللہ عنہનો નાનપણમાં એક જવાન અને તાક઼તવર આદમીથી મુક઼ાબલો થયો. આપે એવો વાર કર્યો કે તેનો હાથ તૂટી ગયો. લોકોએ હઝરત સફિય્યા رضی اللہ عنہاથી શિકાયત કરી તો આપે પૂછયું કે તમે ઝુબેરને બહાદૂરીમાં કેવો પામ્યો, બહાદૂર કે ડરપોક ?! માની તર્બિયતની એ અસર થઈ કે હઝરત ઝુબેર رضی اللہ عنہ મોટા થઈ બહાદૂર અને નીડર બન્યા. અલ્લાહ તઆલાએ આપને પવિત્ર પ્રકૃતિથી નવાજ્યા

હતા અને માની તર્બિયતે તેમની ખૂબીઓને અધિક ચમકાવી દીધી અને તેમના દિલમાં ઈસ્લામ અને દાઈયે ઈસ્લામ ﷺની મહોબ્બત કૂટી કૂટીને ભરી દીધી.

## હઝરત આઈશા رضی اللہ عنہاનો તર્બિયતનો તરીક઼ો !

મોઅત્તા ઈમામ માલિક઼માં છે કે હઝરત હફ્સા બિન્તે અબ્દુર્રહમાન હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં હાજર થયાં. તેમણે એક બારીક ઓઢણી ઓઢી હતી. હઝરત આઈશા رضی اللہ عنہاએ તેને ફાડી નાખી અને જાડી ઓઢણી તેમને ઓઢાડી દીધી. હઝરત આઈશા رضی اللہ عنہاએ આવુ એટલા માટે કર્યું કે તેમને જાણ થાય કે **હયા ઈસ્લામનો ભાગ છે,** બારીક ઓઢણીથી હયાનો તકાદો પૂરો નથી થતો બલ્કે તેનાથી બેહયાઈ વધે છે. હઝરત હફ્સા رضی اللہ عنہاને બારીક ઓઢણી લઈ જાડી ઓઢણી આપવી એક રીતે એમની તર્બિયત હતી. આ પણ તર્બિયતનો એક તરીક઼ો છે કે કંઈ પણ કહ્યા વિના બુરી ચીજને સારી ચીજ વડે બદલી દેવામાં આવે.

હઝરત આઈશા رضی اللہ عنہاનો તર્બિયતનો એક તરીક઼ો આ પણ છે કે આપે એકવાર પોતાનું એક મકાન હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہને વેચ્યું અને તેની રકમ ગરીબોમાં વહેંચી દીધી. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہએ એકવાર હઝરત આઈશા رضی اللہ عنہની ખિદમતમાં એક લાખ દિરહમ હાજર કર્યા. આપે તે જ સમયે ગરીબો મોહતાજોમાં વહેંચી દીધા. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہની સામે જ પૂરી રકમ સદક઼ો કરી દેવું હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہની તર્બિયત છે કે સદક઼ો કરવું અને ગરીબો, મોહતાજોની જરૂરતો પૂરી કરવી ઈસ્લામી તરીક઼ો છે.

હઝરત ઉરવા બિન ઝુબેર رضی اللہ عنہ ફર્માવે છે કે એકવાર હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમતમાં સિત્તેર હજાર દિરહમ આવ્યા તો આપે તે જ સમયે મારી સામે અલ્લાહની રાહમાં ખર્ચ કરી દીધા. એક દિવસ હઝરત આઈશા رضی اللہ عنہا રોઝાથી હતાં અને ઘરમાં રોટી સિવાય કંઈ જ ન હતું. એવામાં એક હાજતમંદે આવીને સવાલ કર્યો, આપે બાંદીને હુકમ આપ્યો કે આ રોટી તેને આપી દો. બાંદીએ કહ્યું કે સાંજે ઈફ઼તાર શાનાથી કરશો ?તો આપે ફર્માવ્યું કે પહેલાં તેને આપી દો. જ્યારે સાંજ થઈ તો કોઈએ આપની ખિદમતમાં ગોશ્ત મોકલ્યો તો હઝરત આઈશા رضی اللہ عنہاએ ફર્માવ્યું કે જુઓ અલ્લાહ તઆલાએ રોટીથી બેહતર નેઅમત અતા ફર્માવી. (મોઅત્તા ઈમામ માલિક)

## હઝરત ખન્સા رضی اللہ عنہاની તર્બિયતની પદ્ધતિ

સૈયદુના હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہના ખિલાફતકાળમાં જંગે ક઼ાદસિયાની ગણના ઈરાક઼ અરબની ભૂમિ પર લડાયેલી અત્યંત ખૂનરેઝ તથા નિર્ણાયક જંગોમાં થાય છે. આ લડાઈમાં ઈરાની સત્તા પોતાના બે લાખ અનુભવી સિપાહીઓ અને ત્રણસો જંગી હાથી મુસલમાનોના મુક઼ાબલામાં લાવી હતી. બીજી તરફ ઈસ્લામી મુજાહિદોની કુલ સંખ્યા માત્ર ત્રીસથી ચાલીસ હજાર વચ્ચે હતી. તેમનાંથી કેટલાક મુજાહિદ સાથે તેમના બીવી બચ્ચાં પણ જેહાદમાં ભાગ લેવા ક઼ાદસિયા આવ્યા હતાં. એક આધેડ વયની ખાતૂન પણ જેહાદના જઝબાથી સરશાર પોતાના ચાર સુપુત્રો સાથે મેદાને જંગમાં મૌજૂદ હતાં. રાત્રીની શરૂઆતમાં જ્યારે દરેક મુજાહિદ આવતી સવારના ભયાનક દશ્યની કલ્પના કરી રહ્યો હતો તે સમયે આ ખાતૂને પોતાના ચારેવ સુપુત્રોને પોતાની પાસે બોલાવ્યા અને તેમને આ રીતે સંબોધન કર્યું :–

મારા પુત્રો ! તમે પોતાની ખુશીથી ઈસ્લામ લાવ્યા અને પોતાની ખુશીથી તમે હિજરત કરી. તે ઝાતે લાયઝાલની કસમ ! જેના સિવાય કોઈ મઅબૂદ નથી ! જે રીતે તમે એક માના પેટથી પેદા થયા તે જ

રીતે તમે એક બાપની અવલાદ છો. મેં ન તમારા બાપથી ખયાનત કરી ન તમારા મામાને બેઈજ્જત કર્યા. તમારો નસબ બેઐબ છે. સારી રીતે સમજી લો કે અલ્લાહની રાહમાં જેહાદથી વધીને કોઈ નેકી નથી, આખેરતની હમેશાંની જિંદગી દુનિયાની ફના જિંદગીથી ઘણી બેહતર છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُواْ اصْبِرُواْ وَصَابِرُواْ وَرَابِطُواْ وَتَّقُو اللّهَ لَعَلَّكُمْ تُفْلِحُونَ

"મુસલમાનો ! સબ્રથી કામ લો અને અડગ રહો અને આપસમાં હરીમળીને રહો અને અલ્લાહ તઆલાથી ડરો જેથી મુરાદને પહોંચો." *(સૂરએ આલે ઈમરાન, આ. ૨૦૦)*

કાલે અલ્લાહે ચાહ્યું અને તમે ખૈરિયતથી સવાર કરી લો તો તજુર્બાની સાથે અને અલ્લાહથી મદદની દુઆ માંગતા દુશ્મન પર તૂટી પડજો અને જ્યારે તમે જુઓ કે લડાઈનું તન્નૂર (ભઠ્ઠી) ખૂબ ગરમ થઈ ગયું અને તેની ચિંગારીઓ ભડકવા લાગી તો તમે જંગના આતિશદાનમાં દાખલ થઈ જજો અને રાહે હક્કમાં દીવાનાની જેમ તલવાર ચલાવજો. બની શકે તો દુશ્મનના સેનાપતિ પર તૂટી પડજો, જો કામ્યાબ થયા તો બેહતર અને જો શહાદત નસીબ થઈ તો એ તેનાથી પણ બેહતર છે કેમ કે આખેરતની ફઝીલતના હક્કદાર થશો. ચારેવ સુપુત્રોએ એક સાથે કહ્યું : હે મહેરબાન મા ! ઈન્શાઅલ્લાહ ! અમે તમારી ઉમ્મીદો મુજબ કરીશું અને આપ અમને અડગ પામશો.

હઝરત ખન્સા رضی اللہ عنہا એ પોતાના સુપુત્રોની એ રીતે તર્બિયત ફર્માવી કે તેમણે ઈસ્લામ માટે પોતાની જાનની પણ બાજી લગાડી અને મા સાથે કરેલ વાયદાથી સહેજ પણ ન હટયા.

ઈસ્લામી ઈતિહાસમાંથી ચાર નમૂના રજૂ કરવામાં આવ્યા છે. અન્ય એવા હજારો વાકેઆત મળી શકે છે જેમનાથી સહાબિયાત, તાબઈય્યાત અને તેમના પછીની મહાન સ્ત્રીઓના પવિત્ર જીવનના તર્બિયતી પાસાંઓનું અનુમાન થાય છે.

સમાજના આ પડતીના સમયમાં જ્યાં અખ્લાક બગડી ચૂક્યા હોય, હરામ અને હલાલની તમીઝ ખત્મ થઈ ચૂકી હોય. આગલી શાનો શૌકત તથા રીત રિવાજોનો જનાઝો નીકળી ચૂક્યો હોય, આપણે આપણા ભૂતકાળ તરફ પાછા વળવુ પડશે. આપણે કામ્યાબી અને પ્રગતિ માટે ભવિષ્યની તરફ અતૂટ શ્વાસે દોડી રહ્યા છીએ, જ્યારે કે હકીકત એ છે કે વાસ્તવિક કામ્યાબી અને પ્રગતિ માટે આપણે ભૂતકાળ તરફ જ વળવું પડશે, તે સિવાય આપણી પાસે અન્ય કોઈ ચારો કે ઉપાય નથી.

અલ્લાહ તઆલા આપણને અને આપણી મા બહેનોને સહાબિયાત અને સાલેહાતના નકશે કદમ પર ચલાવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી, મુંબઈ, મે–૨૦૧૬)*

## શાદી મુબારક

**વોરાસમની** :– ખાતે હાફેઝ અલ્તાફ હાજી અહમદ દુકાનવાળાની નેક દુખ્તર "તસ્લીમબાનુ"ની નિકાહખ્વાની વોરાસમની મુકામે તા. ૨૫–૫–૨૦૧૬ બુધવારના રોજ દયાદરા નિવાસી મકસૂદ ઈબ્રાહીમ અહમદ ઈસે બાકરોલીવાળાના નેક ફરઝંદ "મુખ્તિયાર" સાથે રાખવામાં આવી. દુલ્હા–દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ બંને જહાનની ખુશીઓથી નવાઝે, બલાઓથી બચાવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ. *–તંત્રી*

**વડોદરા** :– હાજી ગુલામ એહમદ અ. રહેમાનભાઈ કુરૈશી વડોદરાની નેક દુખ્તર હબીબાબાનુની નિકાહખ્વાની તા. ૧૦–૭–૨૦૧૬ને રવિવારના રોજ વડોદરાના નવાપુરાના નિવાસી રઈસ એહમદ સાથે ખાટકીવાડા, ગૌષિયા મસ્જિદમાં રાખવામાં આવી. દુલ્હા દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારક બાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદકામાં બંને જહાનની નેઅમતોથી નવાઝે આમીન. *–તંત્રી*

## સુન્ની દા'વતે ઈસ્લામીની ગતિવિધિઓ

- **દયાદરા :–** ખાતે રમઝાન શરીફ દરમ્યાન મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી સાહબે દર રવિવારે અસર બાદ તર્બિયતી ઈજતેમામાં તથા જુમ્આમાં અક઼ીદા તથા અમલની ઈસ્લાહ કરતાં બયાનો કર્યાં. દરરોજ અસર બાદ મૌલાના તૌસીફ હાફિઝ હસન હલદરવીએ દર્સ તથા તફસીર કરી હતી તેમજ તંત્રી : બરકાતે ખ્વાજાએ ૨૧ થી ૩૦ રમઝાનમાં દરરોજ ઈશા બાદ એતેકાફમાં બેઠેલા ૧૨–૧૩ સાથીઓની યુવાનોની બરકાતે શરીઅત, બહારે શરીઅત, બરકાતે સુન્નતે રસૂલુલ્લાહ ﷺ, મુકાશફતુલ કુલૂબ તેમજ અક઼ાઈદની કિતાબો થકી તર્બિયત કરી હતી, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, માબાપના હક્ક઼ો, ખૌફે ખુદા, તૌબા તથા સુન્નતો વગેરે ફઝાઈલ મસાઈલ તથા બદઅક઼ીદા વહાબી, દેવબંદી વગેરે ફિર્કાઓની ઓળખ કરાવી તેમની અસલિયત સમજાવી તેમનાથી દૂર રહેવા તાલીમ આપી હતી. હઝરત ખદીજા, હઝરત આઈશા, હઝરત અલી (રદિયલ્લાહુ અન્હુમ)ની શાનમાં બયાનો થયાં.
- **વાગરા :–** ખાતે મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે નૂરાની મસ્જિદ ખાતે દરરોજ ફજર બાદ તરાવીહમાં પઢાયેલ કુર્આનની તફસીર બયાન કરી તેમજ અસ્ર બાદ દર્સ, તેમજ જુનેદ, પીપળીયામાં પણ ઈજતેમા કર્યા. ૨૭ રાત્રે વાગરા શબે ક઼દ્ર પર બયાન, કોસંબા ખાતે પણ બયાન કર્યુ.
- **જંબુસર :–** ખાતે ૨૧,૨૩,૨૫, રમઝાનની રાતોમાં ખારાકૂવા મસ્જિદ તથા ચાંદ પીર ખાતે તર્બિયતી ઈજતેમાઓ તેમજ ત્યાં ત્રણ દિવસ ફજર બાદ દર્સ, તફસીર, ત્રણ દિવસ મિનાશાહ મસ્જિદ ઝહોર બાદ મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ઈજતેમામાં તર્બિયત કરી હતી. રાતમાં પણ મોડે સુધી યુવાનો વડીલો તર્બિયતમાં મોટી સંખ્યામાં રહેતા હતા.
- **નાપાડ :–** ખાતે મસ્જિદે કુવ્વતે ઈસ્લામમાં ૧ રમઝાનથી ૨૦ સુધી હાફિઝ મુહમ્મદ સજ્જાદ દયાદરવી થકી દર્સ થયો. ૨૧ થી ૩૦ સુધી હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી થકી દર્સ તથા ઝિક્રની મેહફિલો રાત્રે થઈ અને એતેકાફવાળા તથા ગામના યુવાનોની તર્બિયતના પ્રોગ્રામો થતા રહ્યા તેમજ એના અગાઉ એક દિવસ ભાવનગર તથા એક દિવસ ખાંડબારામાં દર્સ તથા બયાનો થયાં.
- **ભરૂચ :–** ખાતે જુમ્આ મસ્જિદ ખાતે બયાન હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી તથા નુસ્રત અલીએ કર્યાં. જુમ્આ મસ્જિદ ઈદની નમાઝ મૌલાના ઈબ્રાહીમ જંબુસરી તથા ઈદગાહમાં બયાન હાફિઝ અબ્દુર્રહીમ સાહબે કર્યું. મોઈનભાઈએ બાવડી સીદી મિયાં મસ્જિદમાં જુમ્આમાં બયાન, શફીભાઈએ રઝા મસ્જિદ ભઠિયારવાડ ખાતે બયાન કર્યાં. તારીકભાઈ થકી ફયઝાને રઝા ઈબાદતગાહ પર અસર બાદ દર્સ થયો.
- **ભાવનગર :–** હપ્તાવારી ઈજતેમા દર શનિવારે ઘાંચીવાડ મસ્જિદે થયો જેમાં અખ્તરભાઈ, અબ્દુર્રઝ્ઝાક પાંચા, મૌલાના ઈસ્હાક સાહબ, ઈરફાનભાઈ MR વગેરેએ બયાન, નઅત, તર્બિયત કરી.

એ જ પ્રમાણે **વડોદરા, સૂરત, ધોરાજી, બોડેલી** વગેરે સ્થળોએ ઈજતેમાઓમાં બયાન તથા તર્બિયતનો સિલસિલો જારી રહ્યો.

**ઈન્તેક઼ાલ પુરમલાલ**

*__પેટલાદ :–__ ખાતે ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાના વિઝિટર જનાબ આક઼િબખાન બરકાતીના વાલિદ સાહબ પઠાણ કલીમુલ્લાહખાન રહીમખાન તા. ૭–૭–૨૦૧૬ ઈદુલ ફિત્રના દિવસે ઈન્તેક઼ાલ કરી ગયા. આપનું બાયપાસ સર્જરીનું ઓપરેશન પણ સફળતાપૂર્વક થઈ ગયું હતું પણ બીજા દિવસે અચાનક ઈન્તેક઼ાલ થઈ ગયો. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે અને જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –તંત્રી*